## વિનમ્ર નિવેદન

સુહૃદ ભક્તજન,

પ્રસ્તુત 'શ્રી દત્તબાવનીગાથા' પુસ્તક સ્વરૂપે પૂ.શ્રીના ચરણોમાં નિવેદિત કરતાં અનન્ય આનંદ અનુભવાય છે. શ્રી દત્તબાવની પર વિદ્વદ્જનોએ લખેલ પુસ્તકોમાંથી પ્રસ્તુત પુસ્તકમાં મહદઅંશે સંકલન કરી તેમાં અમારા ભક્તિભાવનો ઉમેરો કર્યો છે.

શ્રી ગુરુલીલામૃત પદ્યરચના અને ગદ્યરચનાનો સાભાર સ્વીકાર કર્યો છે. 'દત્તબાવની - એક ઝાંખી' (જગન્નાથ ત્રિપાઠી, સરખેજ) 'કળીયુગની સંજીવની-દત્તબાવની' (મુ. સ્વ. સુરેશભાઈ શુકલ) 'દત્તબાવની-વરદ્વાર્તિક' (શ્રી કુલિનભાઈ ઉપાધ્યાય) પુસ્તકો આ કાર્ય માટે પથદર્શક રહ્યા છે.

આ માટે ત્રણે વિદ્વાનોને ગુરુદેવદત્ત સહ વંદન પાઠવું છું. પુસ્તક પ્રકાશન માટે પરિવારના અન્ય ગુણીજનોની વિદ્વતાનો પણ સહયોગ મળ્યો છે. નામ સ્વરૂપે ઋણ સ્વીકાર કરી લઉં તો - શ્રી નવનીતભાઈ પાઠક, શ્રી ધીરુભાઈ જોષી, શ્રી દિનેશભાઈ પાઠક, શ્રી જયેન્દ્રભાઈ દવે, શ્રી કાંતિભાઈ દવે, શ્રી કાંતિભાઈ રાવલ, શ્રી અરુણભાઈ ત્રિવેદી, શ્રી અંબાલાલ પટેલ, શ્રી પ્રવીણભાઈ દવે, શ્રી નીતીનભાઈ પટેલ, શ્રી શંભુભાઈ પટેલ, વાસુદેવ નંદુરબારકર, શ્રી નેમેષભાઈ પટેલ (અક્ષર ગ્રાફિક્સ) તથા સંદિપ ભોજકનો સવિશેષ આભારી છું.

પ્રસ્તુત પુસ્તક તથા સીડી કેસેટના વાંચન-દર્શન થકી જે કોઈ ભક્તોને જયભાવનો લાભ થાય તે પૂ. શ્રી બાપજીની કૃપા જ સમજવી ! જે કંઈ દોષ કે ક્ષતિ જણાય તે બદલ સંકલનકર્તાને ક્ષમ્ય ગણશો.

અમારો હેતુ નિષ્કામ ભાવે પૂ. શ્રીના સાહિત્યને ઓડિયો-વિડિયોમાં કંડારી પૂ. શ્રીની અભિવંદનીય જીવનલીલાને ભક્તો સુધી પહોંચાડવાનો રહ્યો છે. પુસ્તક તથા સીડીના વાંચન-દર્શન થકી ભક્તોને અવધૂતી આનંદ પ્રાપ્ત થાય તે જ વિનમ્રભાવે નિષ્ઠા રહી છે. અન્યથા લૌકિક ઐષણાથી દૂર રહેવાનો પ્રામાણિક પ્રયત્ન રહ્યો છે. પૂ. શ્રીની પરમકૃપા આપ સૌને મળે અને ફળે એ જ વંદના સહુ સર્વને ગુરુદેવ દત્ત ......!

વલસાડના રંગભક્ત શ્રી રાકેશભાઈ જોષી (અવધૂત ગાથા - સહયોગી) સાથે ટેલીપથીથી જે કંઈ વિચાર વિનિમય થયો, રૂબરૂ મળ્યા અને આ વિડિયો સીડીનું નાટકરૂપે નિર્માણ થયું એમાં અમો બન્નેએ પૂ. શ્રી ની કૃપા જ અનુભવી છે.

આ પ્રકાશનમાં સહાયરૂપ થયેલ વલસાડ રંગ પરિવારના અવધૂત ગાથાના કલાકારો તથા અન્ય સહાયક ભક્તોના અંતઃકરણપૂર્વક આભારી છીએ. વલસાડ પરિવારે ભજવેલ 'રંગગાથા'ના ૮૦ પ્રયોગોના ફલ સ્વરૂપે પૂ. શ્રી એ તેમને આ શ્રી દત્તબાવની ગાથામાં સહભાગી થવાનો સુયોગ આપ્યો એ ''અવધૂતી પ્રસાદી'' જ ગણવી રહી ! પ્રસ્તુત પ્રસાદીના દર્શન થકી ગુણજ્ઞ ભક્તોનો રંગભાવ ''રંગે રંગ રંગાયા'' થઈ રહે એ જ અભ્યર્થના સહ સર્વેને **ગુરુ દેવ દત્ત ......!**

**વંદના સહ,**

**શ્રી રાકેશભાઈ જોષી** **શ્રી જસભાઈ એ. પટેલ (યુએસએ)**

**શ્રીદત્તબાવની ગાથા**

***સાદર રંગ અવધૂત પરિવાર, વલસાડને સમર્પણ***

જેના થકી આપણે સહુ 'પરસ્પર દેવોભવ' ભાવે એકત્ર થયા એ વલસાડ રંગ અવધૂત પરિવારને આ પ્રકાશન / નિર્માણ પુસ્તક તથા સીડી-કેસેટ અહૈતુકી ભાવે સમર્પિત કરવાની ગુરુ મહારાજે અમને પ્રેરણા આપી તે અમારું અહોભાગ્ય.

**અ.સૌ. કોકિલાબેન જસભાઈ પટેલ** (યુ.એસ.એ.)
**અ.સૌ. વેલરી નરેશ પટેલ** (યુ.એસ.એ.)
**અ.સૌ. હેતલ શ્રીરંગ પટેલ** (યુ.એસ.એ.)
**અ.સૌ. હંસાબેન મહેન્દ્રભાઈ પટેલ** (યુ.એસ.એ.)

**શ્રી દત્તબાવની ગાથા**

**Duttbavni Gatha**


- **સંકલન** : **શ્રી જશભાઈ એ. પટેલ**

- **પ્રાપ્તિસ્થાન** : **અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર**

  **અંબાલાલભાઈ એન. પટેલ**
  ૧, યશસાગર સોસાયટી,
  સત્યનારાયણ મંદિર પાસે, ઘાટલોડિયા,
  અમદાવાદ-૩૮૦૦૬૧.
  ફોન : ૨૭૬૬૧૩૧૫

  **પ્રવિણભાઈ એ. દવે**
  ૪૩, અશોકનગર સોસાયટી,
  લાલાકાકા હોલ સામે, શાહપુર દરવાજા બહાર,
  અમદાવાદ-૩૮૦૦૦૪.
  ફોન : (રહે.) ૨૫૬૩૩૭૫૪ (ઓ.) ૨૨૭૪૦૭૪૮

- **આવૃત્તિ** : **પ્રથમ** (તા. ૧૫-૫-૨૦૦૫)

- **પ્રત** : ૧૦૦૦

- **મુલ્ય** : રૂ. ૧૫/-

- **મુદ્રક** : **શ્રી ગણેશ પ્રિન્ટર્સ**
  એ-૪, શ્રીકુંજ શોપીંગ સેન્ટર,
  રન્નાપાર્ક, ઘાટલોડિયા, અમદાવાદ
  ફોન : ૨૭૪૭૨૭૨૯ મો. : ૯૮૨૫૬ ૧૫૧૬૧

# શ્રી દત્તબાવની

## પ્રાગટ્ય અને મહિમા

ભક્તો પર અહૈતુકી કૃપા કરીને પૂજ્ય શ્રી બાપજીએ રચેલી આ દત્તબાવની આપણે સૌ ભક્તો ચાલો એને સહેતુક બનાવી દઈએ. જેમ પૂ.શ્રી બાપજીએ નિઃસ્વાર્થ ભાવે કોઈપણ હેતુ વિના એક ભક્તની વેદનાથી દયાર્દ્ર થઈને દત્તબાવનીની રચના કરીને છેલ્લે તા.ક.માં લખ્યું કે "ગમે તો રાખજો નહિતર ફાડી નાંખશો." આવાં પોતાની કૃતિ પ્રત્યે નિર્મમ પૂ.બાપજીના સૌ ભક્તો દત્તબાવનીને ભજીને, ભક્તોને માટે ગાઈને, તેના ફળને પૂ.બાપજીને અર્પણ કરીને કહીએ કે: ''હે બાપજી! હે દયાના સાગર! ખૂબ ભાવ ભક્તિથી ગાયેલી આ દત્તબાવની આપને અર્પણ કરું છું. આ દત્તબાવનીથી ઉત્પન્ન થયેલી આધ્યાત્મિક શક્તિ કોઈ ભક્તને આવી પડેલા સાંસારિક દુઃખ અને સમસ્યા માટે વાપરજો અને તેનાં દુઃખ દૂર કરજો. મારા મુખેથી ગવાયેલી હરેક દત્તબાવની આપને અર્પણ કરું છું, જેનાથી ભક્તો ઉપર આપની અસીમ કૃપા વરસે.''

બધાજ ભક્તો પૈસાનું કે શ્રમનું દાન કરી શકતા નથી તેવા સંજોગોમાં આવો સંકલ્પ કરીને માનસિક ત્યાગ તો કરી શકાયને! જો બધાજ ભક્તો જ્યાં, જ્યારે અને જેટલી પણ દત્તબાવનીનું ગાન કરે અને પૂ.બાપજીને અર્પણ કરે તો બાપજીની પ્રસન્નતા કેટલી બધી વધે ! આપણને પોતાને કે કુટુંબમાં પણ જ્યારે કોઈ દુઃખ આવે ત્યારે આજ શક્તિ, પ્રસન્નતા આપણને પણ કામ લાગેને? મતલબ કે બધા ભક્તો દત્તબાવનીનું ગાન કરે ને તેનાથી સૌ ભક્તોનાં દુઃખ દૂર થાય !





ભક્તોને પણ સંતોષ થાય કે મારૂં પણ માનસિક દાન બાપજીએ સ્વીકાર્યું. પૂ.બાપજી પાસે પૈસા, ચોખા ન મૂકાય પણ આવું આધ્યાત્મિક દાન તો અર્પણ થઈ જ શકે.

પત્રમંજુષામાં બાપજીએ લખ્યું છે કે ''જેટલું તમે ભજન વધારશો તેટલું મારે માટે સારું છે, ખૂબ ભજન કરો. તમે બધા ભજન કરશો એટલે એની તાકાત વધી જશે. એટલી જ ભિક્ષા નિખાલસપણે આપશો તો બસ છે. મારું નાવ તમારા લોકોના ભજનને આધારે છે.'' બાપજી કહેતા હતા કે ''મારું શસ્ત્ર તો પ્રાર્થના છે.''

જે ભક્તોને અમારું, આ દત્તબાવની સમર્પણ-દાન યોગ્ય લાગે તે બધાજ ભક્તો! ચાલો, આપણે સૌ આ પળથી જ સંકલ્પ કરીએ કે ''અમારે મુખે ગવાયેલી હરેક દત્તબાવની બીજા ભક્તોનાં દુઃખ દૂર કરવા માટે પૂ.બાપજીના ચરણોમાં અર્પણ કરી દઈએ. આ સાથે અમે એ પણ સંકલ્પ કરીએ છીએ કે અમારાથી જેટલી વધારે દત્તબાવનીના પાઠ થશે તેટલા કરીશું ને પૂ.બાપજીને અર્પણ કરીશું.''

દત્તબાવનીની રચના થયા પછી પૂ.બાપજીએ કહેલું કે કાળક્રમે કદાચ આપણું બધું સાહિત્ય ભૂલાઈ જશે, પણ દત્તબાવની નહીં ભૂલાય, તો ભક્તો આપણું દત્તબાવનીનું માનસિક દાન પણ અમર થઈ જશેને! ને એ દાનથી પૂ.બાપજીની ભક્તો પર કૃપા વરસાવાની શક્તિ પણ અમર થઈ જશે.

• • •

## સુખી દત્તરંગ પરિવાર

તમે બધાં એક બીજાનાં પૂરક બનો; એક બીજાનાં સુખદુઃખમાં સાથે રહો; એક બીજાની અડી અડચણોમાં માત્ર લૂખી હમદર્દી નહિ, પણ જીવંત, સક્રિય સાથ આપો; અને પરમાત્માએ આપેલી સાધનશક્તિને ભક્તિ સાથે એક બીજાની વહારે દોડી જાઓ ને આ વિષમય ગણાતા સંસારને એક રસાળ, સુંદર અને અમૃતમય બગીચો કરી મૂકો; એવી મારી અંતરની પ્રાર્થના અને હાર્દિક આશિષ છે.

— રંગ અવધૂત

## "પરસ્પર દેવો ભવ"

**આપણાં સૌના પૂ. શ્રી બાપજીને**
**આપના સૌના વતી અમારા**

**અનંત કોટી પ્રણામ, ...**

**અનંત કોટી વંદન, ...**



**અનંત કોટી નમસ્કાર ...**





**ૐ શ્રી ગણેશાય નમઃ ૐ શ્રી સરસ્વત્યૈ નમઃ ૐ શ્રી ગુરુવે નમઃ**

દેવ-બ્રહ્મ એ મૂળે અરૂપી છે, પરંતુ ભક્તોનો ઉદ્ધાર કરવા માટે અને પૃથ્વીનો ભાર ઉતારવા માટે એ અરૂપી-નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ સગુણરૂપ ધારણ કરે છે. નિરાકારી સાકાર બને છે. મનુષ્યરૂપ તથા અન્ય યોનીઓમાં અવતાર ધારણ કરીને, ધર્મનું પાલન કરીને અને અધર્મનો નાશ કરીને ભક્તનું રક્ષણ કરે છે.

મૂળે બ્રહ્મ નિર્ગુણ એક અને અનાદિ છે. એ પોતાની માયાથી, પોતાની શક્તિથી ત્રણ ગુણવાળું (સત્ત્વ, રજસ્ અને તમસ્) થયું. આ સમગ્ર વિશ્વની ઉત્પત્તિનું કારણ એવું એ ત્રણ પ્રકારે પ્રતીત થયું. સર્જન (સૃષ્ટિ), પાલન (સ્થિતિ) અને સંહારના કાર્યભેદે એ ત્રણ રૂપવાળું થયું. રજોગુણની અતિશયતાથી સર્જન કરનાર જે બ્રહ્મા છે, તેજ સત્ત્વગુણની અતિશયતાને કારણે પાલન કરનાર વિષ્ણુ કહેવાય છે. તમોગુણની અતિશયતાને કારણે સંહાર કરનાર એજ સ્વયંભૂ શંકર છે. એક જ રૂપ એવા એ બધા ત્રણ સ્વરૂપે વિધવિધ લીલા કરે છે.

*(લીલા - ૧ - ભગવાન દત્તાત્રેય જન્મ કથા - ગુરુલીલામૃત - જ્ઞાન કાંડ અ.૫-૮ - પાન નં. - ૧૮-૨૬)*

વિષ્ણુ ભક્ત સૂર્યવંશી અંબરીષ રાજા ભગવાનના અવતારો માટે કારણભૂત બન્યા. રાજા ટેક રાખીને એકાદશીનું વ્રત કાયમ કરતા હતા. વિધિ અનુસાર અગિયારસનો ઉપવાસ કરીને ભગવાન વિષ્ણુનું સ્મરણ-ચિંતન કરતાં કરતાં આખી રાત જાગરણ કરતાં હતાં. એક વખત એકાદશીના દિવસે દુર્વાસા ઋષિ રાજાના મહેલમાં આવ્યા. એ દિવસે સાધનદ્વાદશી - બારસ હતી અને ૨૪ મીનીટ જ બાકી રહી હતી અને તે ૨૪ મીનીટ બાદ તેરશ થતી હતી. રાજાએ મુનિનો સત્કાર કરી જણાવ્યું કે આજે તેને એકાદશી વ્રતના પારણાં છે અને બારસનો હવે થોડો જ સમય બાકી રહ્યો છે. તેણે

ઋષિને જણાવ્યું કે ભોજન તૈયાર છે, આપ સ્નાન વિગેરે પતાવી જલ્દી આવો. ઋષિ શિષ્યો સાથે નદીએ સ્નાન કરવા ગયા, જ્યાં તેમને સારો એવો વખત થઈ ગયો. અહિં રાજા મૂંઝાતો હતો કે બારસ વીતી ગયા પછી ભોજન કરું તો વ્રતનો ભંગ થાય અને અતિથિને મૂકીને ભોજન કરું તો પણ મહાન દોષ લાગે. તેથી રાજાએ મનોમન વિચાર્યું કે જો થોડું પાણી પી લઉં તો બન્ને વાત સચવાશે અને જરાપણ દોષ નહિ લાગે. રાજાએ પાણી પીને વ્રતનું સમાપન કર્યું. આમ કરવાથી પારણાં થયાં ગણાય તેમ છતાં અતિથિને મૂકીને જમ્યા એવું પણ કહેવાય નહીં. દુર્વાસા મુનિ સ્નાનાદિથી પરવારીને આવ્યા. તેમણે રાજાએ પાણી પ્રાશન કર્યું તે વાત જાણી. તેથી તે બોલ્યા કે, "હે રાજા! અતિથિને ભૂખ્યા મૂકીને તેં પાણી કેમ પીધું? તું અભિમાનમાં છકી ગયો છે, એમ કહીને ઋષિ શાપ આપવા તૈયાર થયા. ક્રોધની મૂર્તિ સમાન ઋષિને જોઈને રાજા ભયભીત થયો અને ભક્તનું કલ્યાણ કરનાર ભગવાન વિષ્ણુનું અંતરમાં સ્મરણ કર્યું. શરણે આવેલાનું રક્ષણ કરનાર ભગવાન નારાયણનું (વિષ્ણુ) સ્મરણ કરતાંની સાથે જ ત્યાં પ્રગટ થયા. ભક્તવત્સલ ભગવાન બોલ્યા કે "હે મુનિશ્વર! હું મારા ભક્તનું ગમે તે ભોગે રક્ષણ કરીશ. રાજા તમારો શાપ સહન કરી શકશે નહિ, તેથી મને શાપ આપો. જેમ બાપ બાળક માટે સહન કરે છે તેમ હું બધું સહન કરીશ." ઈશ્વરના અંશાવતારી એવા દુર્વાસાએ મનમાં વિચાર્યું કે શાપને કારણે શ્રી હરિ વિવિધ અવતારો ધારણ કરીને પૃથ્વીનો ભાર ઉતારશે. કઠોર અને લાંબી તપશ્ચર્યા પછી પણ શ્રી હરિને પૃથ્વી પર લાવવાનું અઘરું છે. પરંતુ અંબરીષને કારણે, શાપ નિમિત્તે એ સરળતાથી અવતાર ધારણ કરશે. લક્ષ્મીજી સાથે વિવિધ પ્રકારના અવતારો પૃથ્વી પર ધારણ કરીને એ ભક્તોદ્ધારક ભગવાન પાપનો નાશ કરશે. મનમાં આવું વિચારીને દુર્વાસા બોલ્યા કે "હે વિષ્ણુ! તને ધન્ય છે, હું તને અજોડ એવો શાપ આપું છું તે તું સાંભળ, આ વિશ્વના બધાંજ સ્થૂળ અને સૂક્ષ્મ સ્વરૂપમાં તુંજ રહેલો





છે. તું જન્મરહિત અને અક્ષય હોવા છતાં, હે હરિ! મારા શાપને કારણે તું મૃત્યુલોકમાં પૃથ્વી પર દશવાર અવતાર ધારણ કર, અને દુષ્ટોને મારીને પાપનો નાશ કર." શ્રી હરિએ પ્રેમપૂર્વક એ શાપ સ્વીકાર્યો. આમ રાજા અંબરિષના નિમિત્તથી ભગવાને લોકકલ્યાણ અર્થે અવતારો ધારણ કર્યા, આ અવતારો પૈકી ભગવાન દત્તાત્રેયના છઠ્ઠા અવતારની વિશિષ્ટતા એ છે કે તે અવતાર ત્રિમૂર્તિ સ્વરૂપ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો એમ ત્રણે દેવોનો દત્તાત્રેય સ્વરૂપે પ્રાદુર્ભાવ થયો છે. આ ત્રિમૂર્તિ અવતાર અંતર્ગત પરબ્રહ્મની ત્રિગુણાત્મિકા શક્તિ તે સર્જક, પાલક અને સંહારક, ત્રણ ગુણો - સત્ત્વ, રજસ્, તમસ્ તેમજ મનુષ્યની ઉંમરમાં બાળપણ, યુવાની અને વૃદ્ધત્વ, વળી તત્ત્વોમાં વાત, પિત્ત અને કફ, લોકમાં સ્વર્ગ, પાતાળ અને મૃત્યુલોક, વગેરે ત્રિગુણાત્મિકા શક્તિ ત્રણે ગુણોનું એક સ્વરૂપ છતાં તે તે ગુણોથી પર એવા ગુણાતીત ત્રણે દેવો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના સો ટકા સત્ત્વગુણ સંપન્ન અવતાર તે દત્તાત્રેય ભગવાનનો છઠ્ઠો અવતાર.

બ્રહ્મારૂપે ભક્તોમાં જીવભાવ નિવારીને શિવભાવનું સર્જન કરે, વિષ્ણુરૂપે તેના અજ્ઞાનનું નિરસન કરી આત્મજ્ઞાન આપી પોષણ કરે, અને શિવરૂપે તેના ભવભયનો સંહાર કરી અભય પ્રદાન કરે. અમરત્વ આપે.

વિરાટરૂપે શ્રી હરિ - વિષ્ણુના નાભિ (ડૂંટી) કમળમાંથી પહેલા બ્રહ્માજી પ્રગટ થયા અને બ્રહ્માજીએ શ્રી હરિની આજ્ઞા અનુસાર સાત માનસપુત્રોનું સર્જન કર્યું. સાતપુત્રો મરીચિ, અત્રિ, અંગિરસ, પુલત્સ્ય, પુલહ, ક્રતુ અને વશિષ્ઠ. એ માનસ પુત્રોમાં અત્રિ બીજા ક્રમે હતા અને બ્રહ્માજીના નેત્રમાંથી પ્રગટ થયા હતા. ત્રણ અવસ્થા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પર હોવાથી એમનું નામ અત્રિ યોગ્ય જ હતું. તેમણે સૂર્યગ્રહણ વિષે બધી માહિતી પ્રસિદ્ધ કરી. ઋગ્વેદનું પાંચમું મંડળ એમણે જ પ્રગટ કર્યું. આયુર્વેદની રચના પણ તેમણે કરી. મનુસ્મૃતિના વિકલ્પે સરળતાથી સમજાય તેવી સ્મૃતિની રચના કરી, તેમજ સુઆયોજીત શાસન માટે રાજ્ય બંધારણ ઘડ્યું.

પિતાની આજ્ઞાને કારણે એમણે સુંદર, સાધ્વી તેમજ સતીઓમાં શિરોમણિરૂપ એવી કર્દમ ઋષિની પુત્રી નામે અનસૂયા સાથે લગ્ન કર્યું. બન્ને પતિપત્ની પિતાની આજ્ઞા લઈ ઋક્ષ નામના કુલાચલ પર્વત પર આવ્યાં અને ત્યાં નિત્યકર્મ-પૂજા, પાઠ, જપ, તપ કરવા લાગ્યાં. અત્રિજી એક જ પગ ઉપર ઉભા રહીને વાયુનું ભક્ષણ કરીને, ગરમી-ઠંડી વેઠીને એક ભક્તિથી શ્રી હરિને ભજતા હતા. એમની ટેક જોઈને બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એમ ત્રણ દેવો પ્રસન્ન થયા અને ક્ષણ માત્રમાં પોતાના આયુધો સાથે મુનિ આગળ ઉપસ્થિત થયા અને મુનિને વરદાન આપ્યું કે "હે જ્ઞાની અત્રિ! તમને ધન્ય હો! અમે તમને આજે વરદાનમાં પ્રેમથી અમારી જાતને અર્પી દીધી છે. અમારા સ્વરૂપનું ધ્યાન ધરવાથી તમને દૈવી પુત્ર થશે." આવું બોલીને ત્રણે દેવો અંતર્ધાન થયા. એમના વરદાનની આજ્ઞા માથે ચઢાવીને, બંને પતિ-પત્ની નર્મદા કિનારે આવી ગુજરાતમાં નર્મદા અને એરંડી નદીનો સંગમ છે, ત્યાં સુંદર આશ્રમ બાંધીને અદ્વૈતની ઉપાસના તેમજ હંસોપાસના કરતાં હતાં. એમને ધન્ય છે! બ્રહ્મા, હરિ અને હરને એક સ્વરૂપ માનીને એમની પ્રેમથી ઉપાસના કરતાં હતાં. અને શ્વાસોચ્છવાસ ઉપર અજોડ વિજય મેળવ્યો હતો. માતા અનસૂયા પતિને પરમેશ્વર માનીને હંમેશા સેવામાં રચ્યાંપચ્યાં રહે અને પતિની ઈચ્છાને અનુરૂપ વર્તીને નિરંતર સેવા, દાન, પૂજન કરતા અને અતિથિની સરભરા કરવાનું વ્રત અને ટેક પાળતાં હતાં. પતિ પત્નીનું આવું ઉગ્ર તપ જોઈને ગભરાયેલા દેવો ઈન્દ્ર સહિત વિષ્ણુ ભગવાન પાસે આવીને બધી બાબતથી વાકેફ કર્યા. આ દેવોનો ભય દૂર કરવા કોઈ ઉપાય કરું, એમ વિચારીને ભગવાન બોલ્યા કે, "હે પરાક્રમી દેવો! તમે શંકા-કુશંકા છોડીને નિર્ભય થઈને તમારા ધામમાં જાઓ. તમારું વિઘ્ન હરીને તમારો ભય હું દૂર કરીશ." આવું કહીને બધા દેવોને વિદાય કર્યા અને ભક્તને વરદાન આપનારા વિષ્ણુ ભગવાન મનમાં યોજના ઘડવા લાગ્યા. અત્રિ તો મારો અનન્ય એવો જ્ઞાની ભક્ત છે, અને અનસૂયા તો અનન્ય એવી સાધ્વી સતી છે. એમના





જેવું બીજું કોઈ નથી. એમને મનગમતું હું કાંઈ કરું અને એમને દર્શન આપું. એવું વિચાર્યું ત્યાંજ તેમને એક પ્રસંગોચિત વાત યાદ આવી.

ત્રિભુવનમાં અમારા જેવી કોઈ સતી નથી એવું વ્યર્થ અભિમાન સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતી રાખે છે. હું એમનો ગર્વ ઉતારું એવો સંકલ્પ થતાં જ ભગવાને નારદજીને કામે લગાડ્યા. નારદજી એ બ્રહ્મલોક, વૈકુંઠ અને કૈલાસમાં વારાફરતી ત્રણેય માતાઓની પાસે જઈને એકજ સંદેશો આપ્યો કે "પૃથ્વી લોકમાં ઋષિ-પત્નીઓની વાત જ થાય એમ નથી. ધન્ય છે એમના પતિવ્રતપણાને. એ બધામાં પણ અત્રિઋષિની પત્ની તો પાતિવ્રત્યમાં અજોડ અને સર્વશ્રેષ્ઠ છે." આમ ત્રણેય માતાઓના મનમાં ઈર્ષ્યાની આગ લગાડીને તે પાછા ફર્યા. પ્રભુની માયાને ધન્ય છે કે જેને લીધે ત્રણે દેવીઓ ખિન્ન થઈ. માતા અનસૂયાની વાહ વાહ સાંભળીને તેઓ બેચેન બની ગઈ. સતીનું સત્ત્વ કેવી રીતે હરવું એ વિચારવા માટે ત્રણે ભેગાં થયાં. ત્રણેએ એમ નક્કી કર્યું કે આપણે પોતપોતાના પતિને એની પરીક્ષા કરવા મોકલવા. અનસૂયાના શ્રદ્ધા-ભક્તિની એવી આકરી કસોટી કરે કે એમાં એનું સત્ત્વહરણ થાય અને સતી પણ નિસ્તેજ થાય. આવું નક્કી કરીને બધાં પોતપોતાનાં ધામમાં ગયા.

ત્રણેય શક્તિ પોતાના ધામમાં આવી અને સતીનું સત્ત્વ હરણ કરવા જવા માટે પોતાના પતિને સમજાવવા લાગી અને કહેવા લાગી કે હે પ્રિયતમ! હે પ્રાણનાથ! અરેરે! મૃત્યુલોકમાં વસતી ઋષિપત્નીઓ અમારા કરતા પણ વધુ મોજ કરે છે ને આનંદમાં રહે છે. તેમાંય એ બધામાં અત્રિઋષિની પત્ની અનસૂયાની કીર્તિ સાંભળીને અમને જરાપણ ચેન પડતું નથી. માટે તમે હવે એકદમ ત્યાં જાવ અને યુક્તિપૂર્વક એના વ્રતનો ભંગ કરી એનું સત્ત્વહરણ કરો તો રંગ જ રહી જશે, ને આનંદ થશે.

ત્રણેય દેવોએ કહ્યું કે, "રાગદ્વેષને વશ થઈને તમારી જ પુત્રવધૂ પર અંતરમાં ક્રોધાયમાન થાઓ છો, તે ઠીક નથી, પછી તમારી વાત તમે

જાણો. રાગદ્વેષ એ ખરાબ વસ્તુ છે. તમે અમને વ્રતનો ભંગ કરવા મોકલો છો પણ ત્યાં કંઈ અજુગતુ બનશે તો? તમે સતી પર પ્રેમ કરો તે જ યોગ્ય છે. અનસૂયા એ અતિથિ અને અભ્યાગતની સેવામાં અને ભક્તિમાં આખી જીંદગી ગાળીને 'મા નર્મદાની કૃપાથી અને પતિભક્તિથી એણે આ અલૌકિક શક્તિ અને સામર્થ્ય મેળવ્યા છે, કારણ વગર કોઈની સતામણી કરવાથી તો અનિષ્ટ થાય છે. અને પવિત્ર સાધુ સ્વભાવવાળી વ્યક્તિની સતામણી કરનારના કુળનો ચોક્કસ નાશ થાય છે. પ્રાણ જાય તો પણ  સાધુ ક્રોધ કરતો નથી, પરંતુ જ્યારે આપણું પ્રારબ્ધ રૂઠે ત્યારે તે ક્રોધ કરે છે. સાધુના ક્રોધનું નિવારણ કરવાની કોઈનામાં શક્તિ નથી. આ સમજીને તમે જે કાંઈ કરો તે વિચારીને કરજો, નહિતર તમારું અહિત થશે.'' આમ બધા દેવોએ (ત્રિમૂર્તિ) તેમને સમજાવ્યા પણ એમનાં હૈયામાં દ્વેષની ચિતા ભડભડ બળતી હોવાથી દેવીઓએ માન્યું નહીં. મરણ પથારીએ પડેલાને જેમ દવા લેવી ગમતી નથી, તેમ પ્રારબ્ધ કોપતાં કોઈની જરા સરખી શિખામણ પણ સાંભળવી ગમતી નથી. રાજહઠ, યોગીહઠ, બાળહઠ અને સ્ત્રીહઠ પૈકી સ્ત્રીહઠ કદી નમતી નથી, ધાર્યું કરાવીને જ છોડે છે. ત્રણે દેવીઓએ પતિદેવોને કહ્યું કે હવે ક્ષણની પણ વાર કર્યા વગર તમે ઝડપથી પૃથ્વી પર જાઓ અને સતીનું સત્ત્વહરણ કરો.

આ સાંભળીને બ્રહ્મા, વિષ્ણું અને મહાદેવ જવા તૈયાર થયા. ત્રણે રસ્તામાં ભેગા થઈને એક વડનાં ઝાડ નીચે બેસીને વિચાર કરવા લાગ્યા. ચર્ચા-વિચારણાને અંતે ત્રણે દેવોએ અનસૂયા પાસે ભિક્ષા માગવા જવાનું નક્કી કર્યું. માતાના દ્વારે આવીને ભિક્ષા માંગતા જણાવ્યું કે અમારા નિયમ મુજબ જો તું નગ્ન થઈને ભિક્ષા આપશે તો જ અમે સ્વીકારીશું, માટે હે માતા! તું નગ્ન થઈને બધું જમવાનું પીરસ. આવા અયોગ્ય વચનો સાંભળીને છતાં 'મા' શબ્દનું ઉદ્‌બોધન સાંભળીને, પતિને મનોમન યાદ કરીને તે કહેવા લાગ્યા કે હે ગુરુરૂપ પતિદેવ! તમે જ મને આમાંથી પાર ઉતારો.





આ નથી ભિક્ષુક કે નથી અતિથિ, આ દેવો છે એ ચોક્કસ વાત છે. આ અતિથિઓ ખાલી હાથે પાછા જાય તો મારા ગૃહસ્થપણાને ધિક્કાર છે. મારું મન ગંગાજળ જેવું પવિત્ર છે, નિર્મળ છે. મારું આ દેહરૂપી સુંદર ઘર છે. એમાં શુદ્ધ અને નિરંજન સ્વરૂપ આત્મદેવ રહે છે. આત્મા તો વ્યાપક, નિર્વિકાર અને દેહાધ્યાસથી પર છે, એને વિકારરૂપ પાપ નડતું નથી. જ્યાં અભિમાન ન હોય ત્યાં પાપ પણ ન હોય, કારણ કે અભિમાન એ પાપનું મૂળ છે. મેં આ બ્રહ્મજ્ઞાન તમારા ઉપદેશમાંથી મેળવ્યું છે. દેહને આત્મા માની જો હું ડરી જાઉં તો પછી બ્રહ્મવાદિની શાની? મારા હૃદયમાં જ્ઞાનનો અગ્નિ હંમેશા સળગતો હોવાથી મને પાપપુણ્યનો સ્પર્શ થતો નથી અને વિકારો બળીને ભસ્મ થઈ જાય છે. વાસનારૂપી વસ્ત્ર વગરની હું દિગંબર છું. અજોડપણે આમ નગ્ન થઈને હું ભિક્ષુકોને ભિક્ષા આપીશ.

આમ વિચારીને માતા પ્રેમથી કહેવા લાગી કે, ''હે યતિવરો આપને ધન્ય છે, આપ સ્વસ્થતાપૂર્વક બેસો અને હું તમારો પ્રશંસનીય નિયમ પાળીશ. સતીનાં આવાં વચન સાંભળીને સાધુ શ્રેષ્ઠો રાજી રાજી થઈ ગયા અને કહેવા લાગ્યા કે, હે  મા! તું જલ્દીથી ભોજન પીરસ. અમે ખૂબ ભૂખ્યા છીએ. સતી અનસૂયાએ પતિના ચરણનું ધ્યાન ધર્યું અને રસોડામાં આવીને નગ્ન થઈ ભોજન લઈને બહાર આવ્યાં એવામાં ભિક્ષુઓને બાળસ્વરૂપમાં જોઈ સતી નવાઈ પામી ગયાં. અને તેમને તરત જ ઉંચકી લીધા. ભૂખ લાગવાને કારણે બાળકોને રડતા જોઈને વારાફરતી એક એકને ગોદમાં લઈને આનંદથી સતી સ્તનપાન કરાવવા લાગ્યાં. બન્ને સ્તનોમાંથી અમૃત જેવા દૂધની ધાર વહેવા લાગી, સતીના આશ્રમે આનંદ આનંદ થઈ ગયો. ધન્ય છે સતીના સામર્થ્યને!

એટલામાં અત્રિમુનિ પોતાનું નિત્યકર્મ પરવારીને આશ્રમમાં આવ્યા. સતીએ બનેલી ઘટનાથી વાકેફ કર્યા. તેમણે ધ્યાનમાં જોયું તો બ્રહ્મા, વિષ્ણુ, મહેશને બાળકના રૂપમાં જોયા. એમણે અનસૂયાને કહ્યું કે,

"હે પ્રિયે! ત્રણ દેવોને બાળક બનાવી દઈને તેં તો હદ કરી નાંખી છે." સતી બોલ્યા કે "હે નાથ! આ સઘળો આપના ચરણનો પ્રભાવ છે. તમારા ચરણોને સેવવાથી પળવારમાં ત્રિતાપ દાવાનળ શાંત થઈ જાય છે."

દેવોને અત્રિ અનસૂયા આશ્રમમાં બાળસ્વરૂપે રમતા છ મહિના વીતી ગયા. ત્રણે દેવીઓને નારદજી દ્વારા જાણ થઈ કે એમના પતિ બાળક બનીને પારણામાં ઝૂલે છે. તેથી નારદજી સાથે આવીને સતીને વિનંતી કરતાં અનસૂયા માતાએ દેવોને પ્રાર્થના કરી, 'હે દેવ! હવે મૂળ સ્વરૂપે પ્રગટ થાઓ.' સતીનાં વચન સાંભળીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ મૂળ સ્વરૂપે પ્રગટ્યા. પતિ-પત્નીનો અતિશુદ્ધ ભાવ જોઈને પ્રસન્ન થઈને દેવો બોલ્યા કે મનમાં જે ઈચ્છા હોય તે માંગો. આ સાંભળી અનસૂયા ગદ્ગદ્ બનીને પ્રેમથી બોલ્યા કે, હે દેવો! તમે મને મા કહી છે તો હવે 'મા' એ નામ અમર કરો. આ સાંભળીને દેવોએ આનંદથી તથાસ્તુ કહીને સૌ પોતપોતાના ધામમાં ગયા.

આ પછી શાંડિલીનીના શાપ નિવારણ માટે દેવો સતી અનસૂયાને પૈઠણ-પ્રતિષ્ઠાન લાવ્યા ને ત્યારબાદ માહૂરગઢમાં આવીને આશ્રમ સ્થાપીને તે પતિ પત્ની ત્યાં રહેવા લાગ્યાં. જ્યાં તેમનો દૃઢ ભાવ તથા ભક્તિને વશ થઈને ત્રણે દેવો પુત્રરૂપે પ્રગટ થયા. પોતાની વિભૂતિરૂપ એવો ઉત્તમ માગસર મહિનો ચૌદશ ઉપર પૂર્ણિમા બુધવાર, મૃગ નક્ષત્રે સંધ્યાકાળે ત્રિમૂર્તિ પુત્રરૂપે પ્રગટ થયા. લાલન પાલનમાં સુગમતા રહે તે માટે ત્રિમૂર્તિમાંથી ત્રણ બાળકો પરિણમ્યા. જેણે પોતાની જાતનું દાન દઈ દીધું તે દત્તરૂપે પ્રગટ થયા. ભગવાન દયાળુ છે, દાની છે, પતિતોદ્ધારક છે. તેણે પોતાનું સર્વસ્વ જગતના કલ્યાણાર્થે આપી દીધું છે. અરે! એ પોતેજ પરાર્થે અપાઈ ગયો છે, તે દત્ત.. વિશ્વમાં બધેજ આનંદનો ઉત્સવ ઉજવાયો. જ્યાં પરબ્રહ્મ પરમાત્મા પોતે અવતરતા હોય ત્યાં અખંડરૂપે આનંદનો ગુલાલ ઉડે છે દશે દિશામાંથી દુઃખો નાસી જાય છે, અને પાપો તથા દુષ્કાળ ટળી





જાય છે. જેના સ્તનપાનથી બ્રહ્મા, વિષ્ણુ અને શંકર પોતે તૃપ્ત થાય છે, એવી ત્રણે દેવોની માતા એવી સાધ્વી અનસૂયાને ધન્ય છે. બારમે દિવસે મુનિશ્રેષ્ઠે આનંદપૂર્વક નામકરણ વિધિ કરીને દત્ત, ચંદ્ર અને દુર્વાસા એવા ગુણો પ્રમાણે પ્રેમથી નામ પાડ્યા - આ નામનો ઉચ્ચાર માત્ર કરવાથી બધાં પાપનો નાશ થાય છે. જેણે પોતાની જાતનું દાન દઈ દીધું તે વિષ્ણુ ભગવાનનું નામ દત્ત પાડ્યું. જે બ્રહ્મદેવનો અંશ હતો તેનું નામ ચંદ્ર પાડ્યું. અને જે મહાદેવનો અંશ હતો તેનું દુર્વાસા નામ પાડ્યું.

આપણાં ઈષ્ટદેવ દત્ત ભગવાનની આઠ વરસની ઉંમર થતાં અત્રિ ઋષિએ એમને યજ્ઞોપવીત સંસ્કાર આપ્યા. પિતાની આજ્ઞા લઈને તે કૈલાસ પર્વત પર જ્યાં વેદ-શાસ્ત્રોનું પ્રાકટ્ય છે ત્યાં ગયા અને ભગવાન શંકર કે જેઓ શાસ્ત્ર શાસ્ત્રોનું પ્રાગટ્ય સ્થાન છે તેમની પાસે વિદ્યાભ્યાસ કર્યો, અને ત્યારબાદ ગોદાવરી તટે પાંચાલેશ્વર આવીને તપશ્ચર્યા કરવા લાગ્યા. સાથેસાથે માતાપિતા સાથે રહીને તેમને પણ સંતોષ આપ્યો.

દત્ત પ્રભુ સ્મરણ કરતાંની સાથે જ ભક્તને દર્શન આપીને એનાં બધાં કષ્ટોનું તરત જ હરણ કરી લે છે. એના જેવો બીજો દયાળુ કોણ છે? કોઈ નહી. આવો દયાળુ બીજો કોઈ નથી. એ કેવળ ભાવને જુએ છે. કદી પણ અવગુણ જોતો નથી. એ નિર્ગુણ પરમાત્મા કેવળ ભક્તિને વશ થઈને, એ દેવે પરબ્રહ્મ સગુણ સ્વરૂપ લીધું છે. એ દત્ત પ્રભુ સદા સર્વદા સહ્યાચળ પર વસે છે. એ હંમેશા સ્મરણ માત્રે હાજર થનાર અત્યંત દયાળુ દેવ છે.

ભગવાન દત્ત પ્રભુ "ગુરુ સ્વરૂપે" અજ્ઞાનનો અંધકાર દૂર કરવા અવતર્યા છે. ગુરુનું કાર્ય જ્ઞાન આપવાનું છે. અજ્ઞાનના ઊંડા અંધારેથી જ્ઞાનરૂપી પ્રકાશ અને પડછાયાથી પર એવા પરમતેજમાં લઈ જવા માટેનું છે; મૃત્યુમાંથી અમૃતમાં, અર્થાત મૃત્ય અને અમરત્વનાં દ્વંદથી પર એવા કાયમના આનંદમાં લઈ જવા માટેનું છે. સૃષ્ટિ ઉત્પન્ન થઈ ત્યારથી જ અજ્ઞાનનો પ્રવાહ શરૂ થયો છે, ને તેના અંત સુધી તે રહેવાનો છે.

આ કારણે ગુરુનું કાર્ય પણ સુષ્ટિના અંત સુધીનું છે અને માટે જ દત્ત પ્રભુનો અવતાર શાશ્વત છે, તથા ઋણમોચન છે. ગુરુ જન્મ-મરણનાં ઋણમાંથી છોડાવવાની અતિ દુષ્પ્રાપ્ય કૃપા કરે છે. આધ્યાત્મિક, આધિ દૈવિક ને આધિભૌતિક ત્રણે ઋણમાંથી છોડાવી વ્યાધિત્રયથી મુક્ત કરે છે. આપણને એ કોટિપૂણ્યે પ્રાપ્ત નિત્ય એવા અલભ્ય અને અમોઘ આપ સ્વરૂપ ફળને આપે છે. તે માટે જોઈતી શક્તિ ભક્તિ અને મતિ આપે છે. આ સઘળું આપતા હોવાથી તે દત્ત (દાતા) કહેવાયા.

શ્રી દત્ત પ્રભુ માહૂરગઢમાં શયન કરે છે અને, સવારમાં ગંગામાં સ્નાન કરે છે. તે કુરુક્ષેત્રમાં આચમન કરે છે તો ગાણગાપુરમાં ધ્યાન ધરે છે, ધૂતપાપેશ્વરમાં વિભૂતિ-ભસ્મ ધારણ કરે છે અને કરહાટેમાં સંધ્યા કરે છે, એ વિશ્વંભર કોલ્હાપુરમાં પ્રેમથી ભિક્ષા માગે છે ને પાંચાલેશ્વરમાં ભોજન કરે છે. પંઢરપુરમાં શ્રી હરિ તિલક કરે છે. તુંગભદ્રમાં જળપાન કરે છે અને બદરીનારાયણ જઈને નિરાભિમાની થઈને કથા સાંભળે છે. રેવતગિરિ-ગિરનાર પર પ્રસન્ન થઈને પ્રભુ આરામ કરે છે અને પશ્ચિમ સાગરમાં રાજી થઈને સાયં સંધ્યા કરે છે. અવધૂત શ્રી દત્ત પ્રભુની આ અતકર્ય લીલાથી મુનિજનો પણ આશ્ચર્યચકિત થાય છે. પૂર્વયુગોમાં કેટલાય ભક્તો તરી ગયા. કલિયુગમાં પણ ભક્તજનોના તારણહાર તે જ છે. એ ભગવાનના પૂર્વયુગમાં કીર્તનથી વેદધર્મા, શ્રવણથી દીપક, સ્મરણથી કાર્તવીર્ય, દાસ્યભક્તિથી આયુ, વંદનથી અલર્ક, અર્ચનથી યદુ, પાદસેવનથી વિષ્ણુદત્ત, સખ્ય ભક્તિથી પરશુરામ અને આત્મનિવેદનથી તો કંઈ કેટલાયે ભક્તો તરી ગયા, અને અક્ષયધામ પામ્યા.

પ્રાચીન યુગમાં દત્તાત્રેયના થયેલા સોળ અવતારો વિષે સ્વામીશ્રી વાસુદેવાનંદ સ્વામી મહારાજ લિખિત ગ્રંથ 'ષોડશાવતાર'માં દર્શાવેલી નામાવલિ આ પ્રમાણે છે :-





(૧) યોગિરાજ
(૨) અત્રિવરદ.
(૩) દત્તાત્રેય
(૪) કાલાગ્નિશમન
(૫) યોગિજન વલ્લભ
(૬) લીલા વિશ્વંભર
(૭) સિદ્ધરાજ
(૮) જ્ઞાન સાગર
(૯) વિશ્વંભરાવધૂત
(૧૦) માયામુકતાવધૂત
(૧૧) માયાયુક્તાવધૂત
(૧૨) આદિગુરુ
(૧૩) શિવરૂપ
(૧૪) દેવદેવ
(૧૫) દિગંબર
(૧૬) કૃષ્ણશ્યામ-કમલનયન.

અર્વાચિન યુગમાં પણ દત્ત પ્રભુના અવતારોમાં શ્રીપાદ શ્રી વલ્લભ, નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજ, અક્કલકોટના સ્વામી સમર્થ, માણિકપ્રભુ, વાસુદેવાનંદ સ્વામી મહારાજ અને શ્રી રંગ અવધૂત મહારાજ મુખ્ય અવતારો મનાય છે.

શ્રી ગુરુચરિત્રમાં વર્ણવેલી લીલાના સારને "**દત્ત બાવની**" માં કંડારેલો છે. તથા શ્રી બાપજી લિખિત ગુરુલીલામૃત ગ્રંથમાં શ્રી દત્તપ્રભુ, શ્રીપાદ શ્રીવલ્લભ સ્વામી, શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ તથા શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનાં પાવન જીવન ચરિત્રો છે. શ્રી દત્ત બાવનીમાં તેમાંનાં જ કેટલાક પ્રસંગોનો સમાવેશ છે.



# શ્રી દત્ત બાવની પ્રાગટ્ય - હેતુ અને મહિમા

સારાય સંસાર માટે દત્ત બાવની એક એટમબોમ્બ સમાન છે. જેમ અણુનો વિસ્ફોટ સર્વ ચીજોનો નાશ કરે છે તેમ દત્ત બાવનીના ગુંજારવથી શારીરિક વિકારોનો નાશ થાય છે, એ નક્કર હકીકત છે. તેનું ગુંજન લયબદ્ધ, તાલબદ્ધ અને છંદબદ્ધ પ્રતિદિન થયા કરે તો વાત-કફ-પિત્તથી થતા રોગમાંથી મુક્તિ મળે. એક ચિત્તે ભાવથી શ્રદ્ધાથી ગવાય તો ભવરોગ થકી પણ તરી જવાય છે, કેમકે તે **"મુક્તિ ટોનીક"** ભવરોગનું ઔષધ છે.

દત્ત બાવની બાવન પંક્તિઓમાં રચેલું સ્તોત્ર છે અને સૌ પ્રથમ તે ગુજરાતીમાં લખાયું છે. આ સ્તોત્ર પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે સઈજ ગામે સં.૧૯૯૧ના મહાસુદ એકમને સોમવાર તા. ૪-૨-૧૯૩૫ના રોજ સિદ્ધનાથ મહાદેવમાં સરખેજનાં ભક્ત શ્રી કમળાશંકર ત્રિપાઠીનાં પત્ની સૌ.ધનલક્ષ્મીબહેનને પિશાચ પીડામાંથી મુક્ત કરાવવા રચ્યું હતું, અને પૂજ્યશ્રીએ કહ્યું હતું કે કાળક્રમે કદાચ આપણું બધું જ સાહિત્ય ભૂલાઈ જાય પણ દત્ત બાવની નહીં ભૂલાય. સૌ.ધનલક્ષ્મીબેન નિરક્ષર હોવાથી શરૂમાં તેમના પતિ શ્રી કમળાશંકરભાઈ શ્રી દત્ત બાવનીનો પાઠ કરતા અને તેઓ માત્ર સાંભળતા. આમ પૂ.શ્રીના કૃપાપાત્ર સૌ.ધનલક્ષ્મીબેનની પિશાચ પીડા દત્ત બાવનીના સશ્રદ્ધ પાઠ સાંભળવાથી નિર્મૂળ થઈ. આમ ભક્ત ઉપર અહૈતુકી કૃપા કરીને પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે રચેલી આ દત્ત બાવની એ દિવ્યાતિદિવ્ય સંકટમોચન સ્તોત્ર છે.

દત્ત બાવનીના અનુષ્ઠાન કર્તાએ પ્રથમ દત્તનામ સંકીર્તન કરવું, પછી દત્ત બાવની અને અંતમાં ફરી દત્તનામ સંકીર્તનનો પાઠ કરવો. આમ સંપૂટ કરવાથી વધુ ફળદાયી છે. "દત્ત બાવની" એ પૂજ્યશ્રીના અંતરના ઊંડાણમાંથી પ્રગટેલ ભગવાન દત્તને કરેલ શુદ્ધ ભાવસભર આર્ત પોકાર





છે, આર્તસ્વરે કરેલી સ્તુતિ છે. "દત્ત બાવની" એ શ્રી દત્ત ભગવાન, દત્તાવતાર શ્રીપાદ શ્રીવલ્લભ સ્વામી તથા દત્તાવતાર શ્રી નૃસિંહ સરસ્વતી મહારાજશ્રીની અદ્ભૂત લીલાનો મધુર સાર છે. "દત્ત બાવની" ની ભાષા એ દેવભાષા છે, જે ગાનારનું કલ્યાણ કરે છે. સાચાભાવથી ગવાય એજ એક માત્ર શરત છે. મંત્ર, સ્તુતિ પ્રાર્થનાનું પઠન, મનન જો અર્થ સમજીને થાય તો હૃદયમાંથી પાવનકારી ભાવ-આંદોલનો સર્જાય અને પાઠકને શીઘ્ર ફળપ્રાપ્તિ થાય છે. પૂ.બાપજીએ બાવની વિષે સમજાવતા કહેલું કે, "આપણું જીવન પણ બાવન પત્તાની રમત જેવું છે. 'બાવની' એ બાવનની બહાર લઈ જાય છે, અને જીવનને ઉજાળે એવી રમત તે 'બાવની'."

બ્રહ્માજીના માનસપુત્ર અત્રિ ઋષિ કે જે ત્રણેય ગુણોથી પર થઈ ગયેલા અને કર્દમ ઋષિનાં પુત્રી અનસૂયા ઈર્ષ્યારહિત-અસૂયા-આ બે દિવ્યસ્વરૂપી પતિ-પત્નીના તપોબળનો પુરસ્કાર એટલે જ "દત્ત" (દત્તનો અર્થ જ અપાઈ જવું), મૂળ ધાતુ જ્યાં સુધી આપ સમર્પિત ન થાઓ ત્યાં સુધી તત્પુરુષ-પરમાત્માને પામી ન શકાય, અને સમર્પિત ક્યારે થવાય? જ્યારે મનમાંથી અહંકાર દૂર થાય ત્યારે એમ આપણને દત્તબાવની સમજાવે છે. શ્રી દત્ત બાવની આર્તભક્તને માટે ભગવત્ પ્રેરણાએ રચાયેલી હોઈ આર્તાદિ સર્વ પ્રકારના ભક્તોને ફળ આપનારી નિવડી છે.



## શ્રી દત્તબાવની

### ૧. જય યોગીશ્વર દત્ત દયાળ તુંજ એક જગમાં પ્રતિપાળ

**જય** શબ્દ બ્રહ્મમૂલક છે. બ્રહ્મવાચક શબ્દથી શરૂ થતું સ્તોત્ર અનંત ફળ આપનારું નીવડે છે. એવો શાસ્ત્રનો નિયમ છે. જય હંમેશા સત્યનોજ હોય અને બ્રહ્માંડમાં એક માત્ર બ્રહ્મ જ સત્ય છે બાકીનું બધું અસત્ છે. બ્રહ્મ સર્વત્ર વ્યાપ્ત છે. તેમ બ્રહ્મમૂલક શબ્દથી શરૂ થયેલ આ સ્તોત્ર પણ વ્યાપ્ત થાય. 'જય હનુમાન જ્ઞાન ગુણ સાગર' એ હનુમાનજીની સ્તુતિ છે. 'જય જય જય ગુરુદેવ' એ દત્ત ભગવાનની આરતીની શરૂઆત છે, અને પૂ.બાપજીની આરતીની શરૂઆત છેઃ 'જય દેવ' જય શબ્દ નમસ્કારવાચક છે અને આશીર્વાદાત્મક પણ છે. દત્તબાવનીના અંતમાં જય શબ્દ બે વાર આવે છેઃ "તપસી! તત્ત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રી ગુરુદેવ." આમ કુલ ત્રણ વાર 'જય' શબ્દ આવવાથી ત્રિવાર સત્યના આધારે આ સ્તોત્ર લક્ષ્ય  સિદ્ધ કરનારું નીવડે એવો પૂ.શ્રીનો સંકેત છે.

બીજો શબ્દ **યોગીશ્વર** છે, દત્ત પ્રભુ યોગીઓના ઈશ્વર છે. દત્ત પ્રભુ પોતે પણ યોગી છે. યોગસિદ્ધ કરે યોગ + ઈશ્વર તે યોગી અને એવા યોગીના ઈશ્વર તે યોગીશ્વર જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ યોગેશ્વર છે. યોગેશ્વર એટલે યોગના ઈશ્વર ભગવાન શંકર પણ યોગીશ્વર છે. યોગીઓમાં શ્રેષ્ઠ, સર્વોપરિ તે યોગીશ્વરં, યોગી શબ્દ યોગ ઉપરથી બન્યો છે, યોગ શબ્દમાં યુજ્ ધાતુ છે. યુજ્ એટલે જોડવું, સંયોજન કરવું. જીવ અને શિવનું સંયોજન જે કરી શકે તે યોગ. યોગ માર્ગ દ્વારા જ જીવભાવનું નિવારણ થઈ શિવભાવની પ્રાપ્તિ થાય છે. માયાનું આવરણ - હું ભાવ નષ્ટ થતાં પરમપદની પ્રાપ્તિ યોગમાર્ગ દ્વારા જ થઈ શકે છે. આમ સાથોસાથ તે કર્મ માર્ગનું પણ સૂચન કરે છે. યોગીશ્વર શબ્દથી ભગવાન દત્તાત્રેયના આધિદૈવી સ્વરૂપનું વર્ણન છે. વળી અષ્ટાંગ યોગ, હઠ યોગ, રાજ યોગ, લય યોગ,





કર્મ યોગ અને ભક્તિ યોગ એ સર્વ પ્રકારના યોગીને ઈચ્છિત ફળ આપનાર તે યોગીશ્વર શ્રી દત્તાત્રેય છે. જેણે યોગ માર્ગનું પ્રતિપાદન કર્યું છે.

ત્રીજો શબ્દ છે **દત્ત.** દત્ત શબ્દ ઉપર પૂજ્યશ્રીએ પોતાના દત્તોપાસનામાં તેમજ પૂ.કામતજીને લખાયેલ પત્રમાં ખૂબ જ વિસ્તારપૂર્વક વિવરણ કર્યું છે. દત્ત શબ્દથી ભગવાન દત્તાત્રેયના ભૌતિક સ્વરૂપનું વર્ણન થાય છે. ભગવાન અનેક નામી અને અનેકરૂપી હોવા છતાં તે અનામી અને અરૂપી છે. કોઈપણ જીવને આલંબન ભક્તિ જ અંતે...

ફાવે તેવી ભક્તિ પણ, અનુક્રમે એ જાણ, ગુ.લી. ૪૪/૧૫
પરાભક્તિમાં પરિણમે, અંતે જાણ સુજાણ.

પરાભક્તિમાં એટલે કે નિરાલંબમાં લઈ જાય છે. આમ આલંબન માટે ભૌતિક સ્વરૂપની આવશ્યકતા છે. પૂજ્યશ્રી પણ કહેતા હતા કે સગુણના આધાર વિના નિર્ગુણમાં સ્થિતિ નથી; કારણ ઉપાસક સગુણ સાકાર છે. જેઓ સગુણ-નિર્ગુણની વાતો જ કરે છે તેમને બેમાંના એકેના સ્વાદની ખબર નથી.

ભગવાનનું નામ દત્ત કેમ કહેવાયું તે વિષે પૂજ્યશ્રીએ એક આખ્યાયિકા કહી છે.

"વિષ્ણુ ભગવાને એક સમયે દુષ્કાળને કારણે પોતાનો સમગ્ર ભંડાર વહેંચી દીધો. છેક છેલ્લે જ્યારે ભંડારમાં કંઈ જ ન રહ્યું ત્યારે અત્રિમુની પધાર્યા. દ્વારપાળોએ તેમને સાચી પરિસ્થિતિની જાણ કરી અને  પાછા જવા વિનંતી કરી, છેવટે ઋષિએ હઠપકડી અને ભગવાનને જાણ કરવા માટે કહ્યું. છેવટે વિષ્ણુ ભગવાન જાતે પધાર્યા અને કહ્યું કે 'ભલે ભંડારમાં આપવા યોગ્ય કંઈ જ ન રહ્યું હોય, પણ હું તો છું જ ને..!' એમ માની 'દત્રોઽયં તે મયા' 'હું મારું પોતાનું જ દાન આપું છું.' એ રીતે ભગવાને અત્રિ મુનિને પોતાનું દાન અર્પણ કર્યું, કહો કે પોતાનું - સ્વાર્પણ કર્યું. આથી અત્રિપુત્રનું નામ દત્ત તરીકે પ્રસિદ્ધ થયું. આવા દત્તને પામવા માટે પોતાના સર્વસ્વનું પરાર્થે દાન-ત્યાગ કરવાનું સૂચન છે.' પૂજ્યશ્રી એ લખ્યું જ છે. "ન પોતાનું કશું રાખ્યું, અહં ચિદ્વન્હિમાં નાંખ્યું.."

ભગવાનને એક મુખ અને ચાર ભૂજા, અગર ત્રણ મુખ અને છ ભૂજાવાળા વર્ણવવામાં આવ્યા છે. જ્યાં એક મુખ છે ત્યાં એક તે બ્રહ્મ -

એકમેવ - અદ્વિતિયમ્.. નું સૂચન છે અને ચાર હાથને ચાર દિશાઓ, અગર ધર્મ અર્થ કામ અને મોક્ષએ ચાર પુરુષાર્થોના સૂચક અર્થાત ચારે પુરુષાર્થો આપી બ્રહ્મપદને આપવાવાળા તે ભગવાન - દત્તાત્રેય તેમજ ચારે પ્રકારના ભક્તો - આર્ત, અર્થાથી, જીજ્ઞાસુ અને જ્ઞાની ને તારવાવાળા ભગવાન દત્તાત્રેય છે એમ સમજી શકાય.

જ્યાં ત્રણ મુખ અને છ હાથનું વર્ણન છે ત્યાં ત્રણ મુખ તે સત્ચિત્ અને આનંદના સૂચક છે. છ હાથ તે ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, વૈરાગ્ય અને જ્ઞાન અર્થાત ભગવાન દત્તાત્રેય છ પ્રકારના ઐશ્વર્યને આપી સચ્ચિદાનંદ સ્વરૂપને આપવાવાળા છે. ભુક્તિ અને મુક્તિ બન્ને આપવાવાળા છે. આ રીતે દરેક વ્યક્તિએ પોતાનું સર્વસ્વ પરાર્થે વાપરી દરેક જીવને સંતોષ આપવો એ તેનો બોધપાઠ છે.

દત્ત શબ્દના બન્ને અક્ષરો દ અને ત્ત - દંત્ય છે. (ત,થ,દ,ધ અને ન દંત્યાક્ષર કહેવાય છે.) અને તે અકારાંત છે. સમગ્ર બાવની અકારાંત છે. બાવનીની દરેક લીટી અકારાંત છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે વર્ણોમાં હું અ'કાર છું. આમ દત્ત શબ્દમાં દ્વૈતનો અભાવ છે, જે અદ્વૈતોપાસના નો બોધ પણ છે, અને પ્રણવોપાસના પણ છે.

કોઈપણ ઉપાસનાનું અંતિમ ધ્યેય પરમપદ પ્રાપ્તિનું છે. કોઈ પણ સાધના-ઉપાસના ફળી ત્યારે જ કહેવાય જ્યારે ઉપાસ્ય દૈવત્ ના ગુણો ઉપાસકમાં પ્રગટ થાય.

દત્ત શબ્દમાં 'દ' અક્ષર દયા, દાન અને દમન સૂચવે છે. જ્યારે 'ત' કાર વિષયાધ્યાસ સૂચવે છે. આ વિષયાધ્યાસને ભેદવાનો છે. દત્તાષ્ટકમાં પૂ.શ્રીએ કહ્યું છેઃ

*દયા, દાન અરુ દમન હૈ દદ્દા કા યહ ભેદ,*
*તત્તા વિષયાધ્યાસ હૈ, તાકો તું કર ભેદ.*

દત્ત એટલે જેણે આપણને સર્વ કાંઈ આપ્યું છે એવા પરમેશ્વરનું અથવા





તદ્‌વતારનું - શિવ, ગણેશ, જગદમ્બા, રામ, કૃષ્ણ, વિઠ્ઠલ અલ્લા ક્રાઈષ્ટ વગેરેમાંથી કોઈપણ એક સ્વરૂપનું નામ એવો અર્થ પૂ.શ્રીની સર્વ ધર્મ સમભાવ દૃષ્ટિ સૂચવે છે.

શ્રી દત્તોપાસનાની સફળતા એટલે અંતરમાં દયાનો અખંડ ઝરો વહે અને મન વચન અને કર્મથી હિંસાવૃત્તિનો સદંતર અભાવ. દાન એટલે વધારાના દ્રવ્યની સુવ્યવસ્થા નહિ પણ યોગ્ય પાત્રે સ્વાર્થનું સમર્પણ કરવું તે સાચું દાન જેમાં લોભ અને સંગ્રહવૃત્તિનો સદંતર અભાવ હોય. પૂ.શ્રીએ એક સમયે કહેલું કે પોતાને પીવા માટે ભરેલું પાણીનું પ્યાલું, ભોજન માટે પીરસેલું ભાણું અને સુવા માટે પાથરેલી પથારી એ ત્રણે બીજા જરૂરિયાતવાળા ને વિના સંકોચ રાજીખુશીથી આપી દેવા એ સાચી ઉપાસના છે. ઈન્દ્રિયોના સુખો-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચે વિષયો ભોગવવાની છૂપી છૂપી પણ વૃત્તિનો સદંતર અભાવ તે ઈન્દ્રિયદમન ગણાય. ઈન્દ્રિયોથી ભોગવાતા ભોગો એ સાચું સુખ નથી, પણ કેવળ સુખનો આભાસ માત્ર છે. શ્રી અવધૂત બાપજી કહે છે કે "ભોગ તેટલા રોગ સમજ મન" તેવી વિષયાધ્યાસનો ત્યાગ તે દમન છે. પૂ.બાપજીએ શ્રી દત્તોપાસના કરી ઉપાસ્ય દૈવતના તત્ત્વજ્ઞાનને જીવનમાં વણી લઈ આચરણ દ્વારા બોધ આપ્યો છે. નારેશ્વરમાં પરસ્પર વૈરી પ્રાણીઓ મોર, સર્પ, કૂતરાં, બિલાડાં પણ નિર્ભય રીતે ફરતાં હતા, તેનું કારણ એ હતું કે શ્રી ગણેશ ભગવાને કરેલું તપ અને પૂજ્ય શ્રીના તપ પ્રભાવથી સર્જાયેલ વાતાવરણને કારણે જન્મજાત વેરભાવને વિસરી જઈને તેમણે અહિંસક ભાવ ધારણ કર્યો હતો.

ચોથો શબ્દ છે **દયાળ**. ભગવાન તો દયાનો સાગર છે. તેની દયા હરઘડી એક સરખી વહ્યા કરે છે. તે પતિતોનો ઉધ્ધાર કરે છે. પતિત એટલે દંભી, લોભી, કુકર્મી, ચોરી, નિંદા વગેરેમાં વ્યસ્ત રહે તે. તે જીવનો ઊંચી કક્ષાએથી દુષ્કર્મોને કારણે પતન થયેલો હોય છે. પૂજ્યશ્રીએ ઘણી જગ્યાએ દત્ત પ્રભુના વર્ણનમાં 'દયાળ' શબ્દને જોડે મૂક્યો છે. જેમકે :

*"ગુરુદેવ દત્ત દયાળ સ્વામી વંદના તુજને હજો"- વંદના*
*"આવો આવો દયાળ સ્વામી દત્ત કૃપાળ, હેતે લઈએ ઓવારણા."- ભજન*

જેનામાં અપરંપાર કરુણા છે, એને બીજાના દોષ દેખાતા જ નથી. ગમે તેવો સુદુરાચારી હોય તો પણ ભગવાન એનો ઉદ્ધાર કરે છે. (તારી ગણિકા નીચ). મૈત્રી, કરુણા, મુદિતા(આનંદ) અને ઉપેક્ષિતા (જગત પ્રત્યે ઉપેક્ષા)ની ભાવનાથી ચિત્ત સ્વચ્છ બને છે. દત્ત બાવનીનું ગાન ગાનાર સાધકે પણ દયાવાન - કરુણાવાન બનીને પોતાનું કલ્યાણ સાધવાનું સૂચન છે.

**"તું જ એક જગમાં પ્રતિપાળ"** ની અર્ધ પંક્તિ ઈષ્ટદેવ પ્રત્યેની એક નિષ્ઠાનું સુચન છે. જ્યારે 'હું' નું 'તું' માં વિસર્જન થાય છે, ('હું' નો 'તું' માં લય થાય છે) ત્યારે કેવળ નિર્ગુણ નિરાકાર બ્રહ્મ "તું જ" રહે છે. આમ 'તું' શબ્દ બ્રહ્મવાચક છે. 'એક', એ શબ્દ પણ બ્રહ્મનો જ વાચક છે. 'એકમેવાદ્વિતિયમ્' જે સ્વગત સજાતિય અને વિજાતિય એવા ત્રણ પ્રકારના ભેદોથી રહિત છે.

બ્રહ્મમાંજ જગની ઉત્પત્તિ, સ્થિતિ અને લય છે. જગત એ બ્રહ્મનો આનંદ છે, વિલાસ છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો સાક્ષી પણ 'તું' જ છે. જીવભાવનું નિવારણ અને જે જ્યાંથી ઉદ્ભવ્યું ત્યાં જ તેની અંતિમ સ્થિતિનું કારણ પણ 'તું' જ છે.

તું જ એક જગમાં પ્રતિપાળ - આ ચરાચર વિશ્વમાં હે ભગવાન! તું જ એક પાલનપોષણ રક્ષણ કરવાવાળો છે. તારા સિવાય બીજા કોઈનો આધાર નથી એ ભાવે આત્મસમર્પણ-શરણાગતિનો ભાવ છે.

આમ પ્રથમ પંક્તિમાં ભગવાન દત્તાત્રેયના ત્રિવિધ સ્વરૂપના વર્ણન સાથે જ્ઞાન, કર્મ અને ઉપાસનાના (ભક્તિમાર્ગના) સૂચન સાથે અનન્ય ભાવે શરણાગતિ સ્વીકારવાનું જણાવ્યું છે.





## ૨. અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત

સત્વ, રજસ્ અને તમસ્ એમ ત્રણે ગુણથી પર તે અત્રિ. પારકાના ગુણમાં દોષ શોધવાની વૃત્તિ તે અસૂયા. આવી અદેખાઈની વૃત્તિ વિનાની સ્ત્રી તે અનસૂયા. આ જગતનું જે કારણ છે તે પરબ્રહ્મ અત્રિ અને અનસૂયાને નિમિત્ત બનાવીને દત્તરૂપે પ્રગટ થયું, દત્ત ભગવાન અત્રિ અને અનસૂયાને નિમિત્ત બનાવ્યાં અને જગતને માટે પ્રગટ્યા. દત્ત પ્રભુ જ્ઞાન એટલે કે જ્ઞાનદાતા ગુરુનો અવતાર છે. તે અજ્ઞાનને કારણે દુઃખી થતાં લોકોને જ્ઞાન આપીને સુખી કરવા માટે પ્રગટ થયા. પરબ્રહ્મે જગતના ઉદ્ધાર માટે નરમાંથી નારાયણ થવાનો સુલભ માર્ગ જગતને બતાવવા અત્રિ અનસૂયાને ત્યાં અવતાર ધારણ કર્યો.

## ૩. બ્રહ્મા હરિહરનો અવતાર શરણાગતનો તારણહાર

બ્રહ્મા, વિષ્ણુ (હરિ) અને શંકર (હર) ભગવાનનાં ફક્ત સત્વાંશ રૂપી એટલે કે ૧૦૦ ટકા સત્વગુણ રુપે પ્રગટ થયા છે. આમ દત્તપ્રભુમાં રજસ કે તમસ નથી.

| | *બ્રહ્મા* | *વિષ્ણુ* | *શંકર* |
|---|---|---|---|
| *સત્વગુણ* | *૨૫%* | *૫૦%* | *૨૫%* |
| *રજસગુણ* | *૫૦%* | *૨૫%* | *૨૫%* |
| *તમસગુણ* | *૨૫%* | *૨૫%* | *૫૦%* |

*સત્વાંશ વિધિ હરિહર તણા થઈ એકરૂપ જગે સ્ફૂર્યો* - વંદના

આમ જ્યારે દત્ત પ્રભુનો અવતાર બ્રહ્માના ૨૫%, વિષ્ણુના ૫૦% અને શંકર ભગવાનનાં ૨૫% લઈને ૧૦૦% સત્ત્વગુણે થયો.

બીજી વાત શરણભાવની છે. ભગવાનનું અનન્ય ભાવે જે શરણું લે છે તેનો ભગવાન ઉદ્ધાર કરે છે. તેનો ભગવાન તારણહાર બને છે. જેમ માછલી પાણી વિના જીવી શકતી નથી તેમ વ્યક્તિ ભગવાન વિના જીવી શકતો જ ન હોય અને ભગવાન જે કરે તે તેને સહર્ષ સ્વીકાર્ય હોય તો જ એ શરણાગતી કહેવાય અને એવા ભક્તને ભગવાન તારે છે. ભગવાન અને ગુરુ આપણે માંગીએ તે નહિ આપે પરંતુ આપણું જેમાં કલ્યાણ હોય તે જ આપે છે. આવો જો શરણાગતભાવ જાગે તો અર્ધો સાક્ષાત્કાર થઈ ગયો એમ ગણાય.

પરમાત્મા નિરંજન-નિરાકાર છે જેનું વર્ણન કરવા માટે વેદો પણ અસમર્થ હોઈને નેતિ નેતિ કહે છે, છતાં ભક્તોની ભાવનાને કારણે તે સાકાર સ્વરૂપ ધારણ કરે છે. દુર્વાસા મુનીનો શાપ વિષ્ણુ ભગવાને પોતાને માથે લેતાં એ શાપને કારણે શ્રી વિષ્ણુના દશાવતારો પૈકી ભગવાન દત્તાત્રેયના અવતારની વિશિષ્ટતા એ છે કે તે અવતાર ત્રિમૂર્તિ સ્વરૂપ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ દેવોના સમન્વયરૂપે તેમનો દત્તાત્રેય સ્વરૂપે પ્રાદુર્ભાવ થયો છે. ત્રિમૂર્તિ અવતારરૂપે પરબ્રહ્મની ત્રિગુણાત્મિકા શક્તિ - સર્જન, પાલન અને સંહાર, સત્વ, રજસ અને તમસ જોવા મળે છે. ઉંમરમાં બાલ્ય, યુવાન, વૃદ્ધ તેમજ તત્ત્વોમાં વાત, પિત્ત અને કફ, વળી લોકમાં સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ વગેરે ત્રિગુણાત્મિકા શક્તિ પ્રગટ થઈ છે. ત્રણે ગુણોનું એક સ્વરૂપ છતાં તે તે ગુણોથી પર એવો ગુણાતિત ત્રણે દેવો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના સત્વાંશી શુદ્ધ સત્વગુણ સંપન્ન અવતાર તે દત્તાત્રેય અવતાર સર્જાયો છે. એ દત્તાત્રેય ભગવાન બ્રહ્મારૂપે ભક્તોમાં જીવભાવ નિવારી શિવભાવનું સર્જન કરે, વિષ્ણુરૂપે તેના અજ્ઞાનનું નિરસન કરી આત્મજ્ઞાન આપી પોષણ કરે, અને શિવરૂપે તેના ભવભયનો સંહાર કરી અભય પ્રદાન કરે-અમરત્વ આપે છે.





## ૪. અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ

આગળની ત્રણે પંક્તિઓમાં ભગવાનનો અવતાર હેતુ અને તેનું તત્ત્વજ્ઞાન કહી ત્રિમૂર્તિ અવતારની વાત કહી. હવે ભગવાનના અસ્તિ, ભાતિ, પ્રિય, નામ અને રૂપ એ પ્રમેયોની વાત કહે છે. ભગવાન સમગ્ર બ્રહ્માંડમાં અંતર્બાહ્ય વ્યાપ્ત છે, એક પણ કણ તેની વ્યાપ્તિ વિના ખાલી નથી. આ પંક્તિમાં ભગવાનના સગુણ અને નિર્ગુણ સ્વરૂપના લક્ષણોનું વર્ણન છે. ભગવાનના નામો અને રૂપો અનેક હોવા છતાં તેનું સ્વરૂપ લક્ષણ સચ્ચિદાનંદ છે. તેથી આ પંક્તિ ગાતા દરેક ઉપાસકને-સાધકને-મુમુક્ષુને તેની પ્રતિતિ પોતાના અંતરમાં થાય જ છે, પૂજ્યશ્રીએ બતાવ્યું છે તેમ, “જે જે દિસે તે તે દત્ત સ્વરૂપ જાણ નિશ્ચિત; અંદર બહાર પ્રતિતિ થાતાં ભીતિ ક્યાં રહે !” બહારથી ફક્ત બે હાથ અને સુંદર મુખ ધારણ કરનાર સત્, ચિત્ત અને આનંદ સ્વરૂપ તમારો જયજયકાર હજો. આ ભગવાનના આધ્યાત્મિક સ્વરૂપનું વર્ણન છે.

## ૫. ઝોળી અન્નપૂર્ણા કરમાંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય

## ૬. ક્યાંય ચતુર્ભુજ ષડ્‌ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર.

ભગવાનના ભૌતિક સ્વરૂપનું પૂજ્ય બાપજી હવે વર્ણન કરે છે, જેમાં પણ આધ્યાત્મિક રહસ્ય સમાયેલું છે. દત્ત ભગવાનને ખભે ઝોળી છે અને હાથમાં કમંડળ છે. સમગ્ર પૃથ્વી સ્વરૂપી અન્નપૂર્ણા ભગવાને ખભે ધારણ કરી છે તે ઝોળી વિરાટ સ્વરૂપા છે. ભગવાન ભિક્ષામાં કામ ક્રોધાદિ લઈ મુમુક્ષુઓને દયાદાન વગેરે તત્ત્વજ્ઞાન દ્વારા મુક્તિ માર્ગે દોરે છે. કમંડળ એ શાંતિનું પ્રતિક છે. કમંડળ પાણી રાખવાનું સાધન છે. પાણીનું એક નામ જીવન છે. પાણીનો ગુણ શીતળતા છે. ત્રિવિધ તાપથી બળતા સંસારી જીવને જ્ઞાનજળથી ઠંડક આપવા માટે ભગવાન કમંડળ ધારણ કરે છે.

ચતુર્ભુજ-ચાર હાથ તે ચતુર્વિધ પુરુષાર્થ અને ષડભુજ-છ હાથ તે છ ગુણો શ્રી લક્ષ્મી, ઐશ્વર્ય, વૈરાગ્ય, તપ, વગેરે છના દ્યોતક છે. ભગવાન! આપનું ચાર કે છ ભુજાનું સ્વરૂપ એ તો ભક્ત ભાવનાની પૂર્તિ અર્થે સાકાર થતું શક્તિના સારરૂપ છે. વાસ્તવમાં તો બધા મનુષ્યોના હાથ એ આપનાં જ હાથ છે. અન્યથી બહુરૂપી ભગવાન પ્રાણીમાત્રના હૃદયમાં નિવાસ કરતા હોઈ પ્રત્યેક સ્વરૂપો અને પ્રત્યેક બાહુઓ આપના જ છે, એવી અમારી અટલ સમજ છે. પીઠાપૂર જિ. ઈસ્ટ ગોદાવરી, આંધ્રપ્રદેશ માં પદગયા પાસે દત્તભગવાન નું ત્રિમુખ - ચતુર્ભુજ સ્વરૂપની સ્થાપના થઈ છે. જેની શ્રીપાદશ્રીવલ્લભનાં માતા - પિતા નિત્ય પૂજા કરતા હતા.

(સુમતિ અને આપળ રાજા)

## ૭. આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ

દત્ત બાવની એ ગુરુ ચરિત્રનો ટૂંકો સાર છે. શ્રીગુરુ ચરિત્રમાં નામધારક અને શ્રી ગુરુ લીલામૃતમાં નિરંજન નામનો બ્રાહ્મણ એ બન્નેવ ભગવાનનાં દર્શનાર્થે આર્ત બનીને નીકળ્યા છે. આ પંક્તિમાં ભક્ત આર્તભાવે ભગવાનની શરણાગતિ સ્વીકારે છે. બાળક હંમેશા મા ની શરણાગતિમાં હોય છે. અને તે બાળભાવની શરણાગતિ ઉત્તમ પ્રકારની ગણાય છે. ભગવાન માતા સ્વરૂપે બાળકની દરેક રીતે સંભાળ રાખતી હોય છે. **'અજાણ'** શબ્દઅહંકારનો લય સૂચવે છે. જ્યાં સુધી અહંકાર હોય ત્યાં સુધી શરણાગતિનો ભાવ જાગતો નથી. ભગવાનની અનન્ય ભાવે અહંકાર શૂન્ય બનીને અને દીનતાપૂર્વક ભગવાનની શરણાગતિ સ્વીકાર્યા પછી ભગવાનને **'ઊઠ'** શબ્દથી ભક્તે પોતાના રક્ષણ માટે આવાહ્ન કર્યું છે. ભગવાનને દિગંબર શબ્દથી પોકાર્યો છે, કેમકે સર્વદિશાઓની અંદર તેમજ બહાર પણ વ્યાપ્ત ભગવાન ભક્તની સર્વત્ર રક્ષા કરે છે. હે ભક્તો! દત્ત બાવનીની આ પંક્તિ આપણા માટે ખૂબ જ કિંમતી છે. નિરંજને પોકાર્યું છે,





'હે શરણાગતવત્સલ ગર-માતા દત્ત! હું અજ્ઞાની બાળભાવ ધરી, દીનતાપૂર્વક આપને સર્વથા સમર્પિત થાઉં છું. હે મૂળતત્ત્વરૂપે સચરાચરમાં પરિવ્યાપ્ત, આપ સાક્ષાત મને દર્શન આપી મારા પ્રત્યક્ષ માર્ગદર્શક બની રહો. આપના સ્વરૂપમાં સમાવી લો નહીતર આપના દર્શનના વલોપાત અને ભગીરથ પુરુષાર્થની વચ્ચે જ મારું પ્રાણપંખેરૂ ઊડી જશે.' આવી રીતે સાશ્રુનેત્રે ગદ્ગદ ભાવે નિરંજને પોકાર્યું ને ભગવાને દર્શન આપ્યા તેમ આપણે પણ આ ધ્રુવ પંક્તિ આર્તભાવે ગાઈએ તો ભગવાનને જરૂરથી દર્શન આપવાં પડે.

## ૮. સુણી અર્જુન કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્

## ૯. દીધી રિદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર

## ૧૦. કીધો આજે કેમ વિલંબ? તુજ વિણ મુજને ના આલંબ

ભગવાનના ત્રિવિધ સ્વરૂપોના વર્ણન પછી અને પ્રાર્થના તેમજ અનન્ય શરણાગતિ સ્વીકાર્યા પછી તેની લીલાના ગુણગાન ગાઈ તેને રીઝવવાનો પ્રયાસ કર્યો છે. તે સમજાવવા માટે અહીં કેટલાંક દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે, અને દત્ત ભગવાનની લીલાનું વર્ણન ઉપરની પંક્તિઓ દ્વારા કરાયું છે. માનસ શાસ્ત્રીય રીતે જેમની પાસેથી કાંઈ મેળવવું હોય તેને થોડી થોડી વારે તેમને પ્રસન્ન કરવાં તેમનાં ગુણગાન ગાવાં જોઈએ. (સાયકોલોજીકલ એપ્રોચ).

રાજા કૃતવીર્યના પુત્ર સહસ્ત્રાર્જુન શરણાગત ભાવ અને ભક્તિથી શ્રીદત્ત પ્રભુ પ્રસન્ન થયા અને તેને અનેક સિદ્ધિઓ આપી. એ સિદ્ધિઓ વડે તેણે અનેક વર્ષો સુધી રાજ્ય કર્યું. અંતે શ્રી દત્ત કૃપાથી સહસ્ત્રાર્જુનનાં હૃદયમાં અનાસક્ત ભાવ તથા પ્રબળ મોક્ષેચ્છા પ્રગટ થઈ. એ પાછો શ્રી

દત્ત પ્રભુને શરણ આવ્યો અને ભગવાન પાસેથી જ્ઞાન મેળવ્યું, અને એ જ્ઞાન વડે યોગ સાધના કરી અને છેવટે મુક્તિને પામ્યો.

ભક્તે ઉપરની બે પંક્તિઓ ગાઈને પ્રભુએ કરેલી લીલાની યાદ અપાવી. ત્રીજી પંક્તિ ગાઈને પ્રભુની પ્રાર્થના કરતાં તે પોકારે છે કે 'પહેલાં સિદ્ધિ આપનાર અને પછી મુક્તિ આપનાર હે પ્રભુ! તું આજે મને દર્શન આપવામાં કેમ વિલંબ કરે છે? તારા સિવાય મને બીજા કોનો આધાર છે? હું કોની પાસે જાઉં? સંસારની વિટંબણાઓ મને હેરાન પરેશાન કરે છે અને હવે મારામાથી સંસારનો લય પામ્યો હોઈ હું નિરાધારને કેવળ તારો જ આધાર છે. મારા ઉપર તારી કૃપાનો કટાક્ષ થતાં જેમ જેમ વિલંબ થતો જાય છે તેમ તેમ મને અંતરમાં અપાર દુઃખ થાય છે. હે પ્રભુ! તારા દર્શન સિવાય ક્યાંય શાંતિ મળે તેમ નથી, માટે હે ભગવાન! તુજ વિણ મુજને ના આલંબ!!' તારા વિના મને કોઈનો આશ્રય કે આધાર નથી.

*(લીલા - ૨ - સહસ્ત્રાર્જુન - જ્ઞાનકાંડ અ.૧૦-૨૪ - પાન નં. ૪૦ થી ૧૦૨)*

સત્યયુગમાં ચંદ્રવંશનાં હૈહયકુળમાં કૃતવીર્ય નામે એક પ્રખ્યાત રાજા થઈ ગયો. રાજાને સો પુત્રો હતા. પરંતુ નશીબ જોગે ચ્યવન ઋષિના શાપને કારણે તેના બધા પુત્રો મૃત્યુ પામ્યા. તેથી સંતાન વિહોણો રાજા દુઃખી હતો. ગુરુ બૃહસ્પતિ એ રાજાને સુલભ સૂર્ય ભગવાનનું - રવિ સાતમી વ્રત બતાવીને તે કરવા માટે જણાવ્યું, તે જ રીતે તેની રાણીને મુનિ યાજ્ઞવલ્ક્યની પત્ની મૈત્રૈયીએ અનંત વ્રત કરવા જણાવ્યું. આમ દત્ત ભક્ત એ રાજારાણી બન્નેએ કહ્યા પ્રમાણે વ્રત કરવાથી દત્ત પ્રભુ પ્રસન્ન થયા અને વરદાન આપ્યું. એ વરદાન પ્રમાણે રાણીને સાતેદ્વિપનો સ્વામી અને સાત સ્મર્તુગામીઓના નામ સ્મરણ કરતાની સાથે જ તે સ્થળે જઈ શુકશ્ચ શકવાની શક્તિ શ્રી દત્તો નારદો વ્યાસો શુકશ્ચ પવના ત્મજઃ કાર્યવીર્ય શ્ચ ગોરક્ષઃ સપ્તૈ તે સ્મૃતિગામિનઃ (પવનાત્મજ = હનુમાનજી) (કાર્તવીર્ય =





સહસ્ત્રાર્જુન) જ્યાં ઈચ્છે ત્યાં જઈ શકે, તથા યાદ કરતાની સાથે જ હાજર થાય તેવો, દત્ત પ્રભુ જેવો યોગી પુત્ર થયો. તેનું નામ અર્જુન પાડ્યું.

સમય જતાં રાજાનું મૃત્યુ થયું. નગરજનો અને પ્રધાનો એ પરંપરાગત અર્જુનને રાજ્ય સંભાળવા માટે જણાવ્યું. અર્જુન રાજ્ય કરવા ના પાડે છે. તેને લાગે છે કે શાસ્ત્રાનુસાર જો તેનાથી રાજ્ય નહિ થાય તો તેને નરકમાં જવું પડશે.

આ પ્રમાણેની અર્જુનની રાજા બનવાની ઉદાસીનતા સાંભળવામાં આવતાં તેમના કુલગુરુ ગર્ગ નામના મુનિ રાજા પાસે આવીને રાજાને સલાહ આપી કે તું યોગાભ્યાસ કર, અને આ અભ્યાસ માટે તું નિજાનંદમાં મસ્ત, અને ત્રિગુણાતીત અવસ્થામાં રહેતા સહ્યાદ્રિ પર વસતા યોગીરાજ દત્ત પ્રભુને શરણે નિરભિમાની થઈને જા અને તેમના ચરણ પકડ તેમનું શરણ સ્વીકાર. એ યોગીશ્વર યોગબળથી ભક્તોનું રક્ષણ કરે છે, અને દુષ્ટોને શિક્ષા કરે છે. માટે અભિમાન મૂકીને તું તેની પાસે જા, તું દત્તપ્રભુની ભાવથી સેવા કરજે.

ગર્ગ મુનિનાં આવાં વચન સાંભળીને અર્જુને મુનિના ચરણોમાં વંદન કર્યાં અને તે સહ્યાદ્રિ પર્વત પર આવ્યો. દત્તપ્રભુના આશ્રમ પાસે આવતાની સાથે જ તે આનંદ વિભોર થઈ ગયો અને દત્ત પ્રભુની સેવામાં લાગી ગયો. પ્રભુ એ તેની પરીક્ષા કરવા માટે તેને ધક્કો માર્યો, લાતથી પ્રહાર કર્યો અને અપશબ્દો બોલ્યા. અર્જુને બધું જ સહન કર્યું અને સતત સેવા કરી. એની વધુ પરીક્ષા કરવા માટે એની તરફ જોયું જેથી એના બે હાથ પૃથ્વી પર પડી ગયા, ભગવાન હસીને કહેવા લાગ્યા કે "શું કામ નકામો કમોતે મરે છે? હજી આનાથી વધારે ખરાબ સ્થિતિ થશે, માટે તું અહીંથી જા."

આવાં વચનો સાંભળીને અર્જુન ચિત્તથી જરાપણ ડગ્યા વગર બોલ્યો કે, "હે દેવ! સામાન્ય લોકોની જેમ નકામું બોલીને મને શું કામ મોહ પમાડો છો? તું બધાનો આત્મા છે છતાં તું નિઃસંગ છે. આ સઘળું વિશ્વ

એ તારું જ રૂપ છે. તું એનાથી જુદો નથી. જે લોકો આ તત્ત્વ જાણતા નથી તે શાસ્ત્રથી બંધાયેલા પામરો નકામી શંકા કરે છે. તારા કરતાં વધારે શુદ્ધ બીજું કશું નથી. ભલે મારું મોત આવે તો પણ મારો આ ભાવ કાયમ રહેશે અને એમાં કોઈ પ્રકારે ફેરફાર નહિ થાય, એ મારો મક્કમ નિશ્ચય છે. તારા ચરણમાં મારું મન સદા સ્થિર રહો, એ સિવાય બીજું કશું માંગતો નથી.''

હૃદયનો સાચો ભાવ તથા નિષ્ઠા જોઈ દત્ત પ્રભુ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે ''તારી ભક્તિને ધન્ય છે અને ધન્ય છે તારા સુદૃઢ નિશ્ચયને. હું તારા પર પ્રસન્ન થયો છું. માગ માગ તું જે માંગે તે હું આપીશ.'' આ સાંભળીને આનંદમાં આવી જઈને રાજા બોલ્યો કે, ''હે દેવ! જો તમે પ્રસન્ન થયા હોય, તો મને સમૃદ્ધિ વૈભવ આપો. હું એકલા હાથે ન્યાયપૂર્વક પ્રજાને પાળવાનું કાર્ય કરી શકું. ધર્મ, અર્થ અને કામથી અભિન્ન એવું કલ્યાણ પામું. બીજાના મનની વાત જાણી શકું. મારી કીર્તિ દશે દિશામાં ગાજે અને મારા ભક્તને ''કાર્તવીર્યાર્જુનો નામ રાજા બાહુ સહસ્ત્રાવાન્ તસ્ય સ્મરણ માત્રેણ ગતં નષ્ટં ચ લભ્યતે'' (ખોવાએલી વસ્તુ પાછી મેળવવાનો શ્લોક) મારા સ્મરણથી ખોવાયેલ વસ્તુ પાછી મળે, જે મને યાદ કરે તેને દર્શન આપીને હું કૃત્ત-કૃત્ય કરૂં. બધી સિદ્ધિઓ મારી સેવામાં રહો.. મને ઈચ્છા થતાંની સાથે જ હજાર હાથ પ્રગટો. મને પૂર્ણ આયુષ્ય આપો. ચક્રવર્તી રાજા બનીને રાજ્ય કરું અને તમારા જેવાના હાથે અને મારા કરતા વધારે ખ્યાતિ ધરાવતા મનુષ્યના હાથે હું લડતાં લડતાં મરું, એવું વરદાન આપો. આપના ચરણમાં મારી એક નિષ્ઠ, અવ્યભિચારિણી ભક્તિ બની રહો. હું આપનું અખંડ સ્મરણ રહે તેમ માંગું છું. આવું માંગીને અર્જુને વંદન કર્યાં, દત્ત પ્રભુએ 'તથાસ્તુ' ''તે પ્રમાણે થાઓ'' એમ વરદાન આપ્યું અને કહ્યું કે, ''હે અર્જુન! મારી આજ્ઞા માનીને હવે તું જા અને નચિંતપણે રાજ્યનો કારભાર સંભાળ.''





સ્નેહથી ગળગળો થઈ ગયેલો અર્જુન પ્રભુ પાસેથી રજા માંગતા બોલ્યો કે ''હે પ્રભુ! આ નિરાધાર બાળકને ભૂલી જશો નહિ. સંસારને તારી દેનારા આ તમારા ચરણનું મને હંમેશાં સ્મરણ રહેજો.''

રાજ્યમાં પાછા આવીને અર્જુન પોતે એકલો જ ક્ષેત્રપાલ, ધનપાલ, ગ્રામપાલ, સેનાપતિ, ધાન્યપાળ, પશુપાળ, બ્રાહ્મણ અને તપસ્વીનું રક્ષણ કરનાર બન્યો. અનેક રૂપો ધારણ કરીને એ એકલો પ્રજાનું રક્ષણ કરતો.

જેના નામ માત્રથી પાપો નિશ્ચિતપણે ટળી જાય, એવો કાર્તવીર્ય મહાન તપસ્વી રાજા હતો. યોગીન્દ્ર દત્તપ્રભુની કૃપાથી સહસ્ત્રાર્જુનને પંચાસી હજાર વર્ષો રાજ કરતા વહી ગયા.

પૂર્વ જન્મનાં પુણ્યથી ચિત્તમાં વૈરાગ્યનો ઉદય થયો. એક દિવસ એકાગ્ર ચિત્તથી રાજાએ વિચાર્યું કે મેં મોટા પાયે સંહાર કરીને આખી પૃથ્વી જીતી લીધી. નાહકની ખટપટ કરીને કાવાદાવા કરીને આ રાજ્ય મેળવ્યું, તેમાં મેં ખરેખર શું મેળવ્યું? મેં કામાદિ-કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર વગેરે તો જીત્યાં નહિ. ત્યાં તો મારું કોઈ જોર ચાલતું નથી. પ્રારબ્ધવશ કામરૂપી કાદવમાં પડીને હું હાથે કરીને ફસાઈ ગયો છું. જેમ રાજાએ વરદાન આપતાં કમનશીબ ગરીબ માણસ ચપટી કોદરા માંગે તેમ મેં પણ દત્ત પ્રભુ પાસે મૂઢ માણસની જેમ અક્ષય જ્ઞાનના બદલે વિષયભોગ અને રાજ્ય જેવી તુચ્છ વસ્તુઓ જ માંગી! સમર્થનું શરણું મળવા છતાં જે હેતુ સિદ્ધ કરવો જોઈતો હતો તે સિદ્ધ કર્યો નહીં. હવે દયાનાં સાગર દત્ત પ્રભુએજ મને આ વિવેક વિચાર સુઝાડ્યો છે તો હું ફરીથી પાછો એના શરણમાં જાઉં અને એના ચરણ ભાવપૂર્વક પકડું. એના વિના જન્મ-મરણ ટાળીને આ સંસારસાગરમાંથી તારનારુ બીજું કોણ છે ?

આમ ઉદાસીન વૃત્તિવાળો થઈને અર્જુન ઝડપથી સહ્યાદ્રિ પર આવ્યો. અર્જુને દત્ત પ્રભુની ખૂબ જ ભાવ પૂર્વક સ્તુતિ કરીને પ્રભુને રીઝવ્યા. દત્ત પ્રભુએ અર્જુનમાં વૈરાગ્યનો ઉદય થયો જાણી અર્જુનને ઉઠાડીને કહ્યું કે હવે

તારા હૃદયમાં શી ઈચ્છા છે, તે તું જલ્દીથી કહે, એટલે અર્જુન બોલ્યો કે હે ગુરુવર! આપ જે આજ્ઞા કરશો તે મને શિરોમાન્ય છે. દત્તપ્રભુની આજ્ઞા થતાં તે ગુફામાં જઈને સિદ્ધાસન સાધીને, ચિત્તને શાંત કરી ત્રણ માસ સુધી સતત સમાધિમાં રહ્યો. પછી તો ફરી સમાધિ એવી લાગી કે અર્જુન જાતે ઉઠે નહીં એમ લાગતાં સદ્ગુરુએ પ્રેમથી એનો હાથ ઝાલીને એને ઢંઢોળીને જાગ્રત કર્યો. અને કહ્યું કે "હે અર્જુન! તું ખરેખર મારો સાચો ભક્ત છે. હવે તારે કશું કરવાનું રહ્યું નથી. મારું વચન માની અનાસક્ત ભાવથી અને ન્યાયપૂર્વક રાજ્યમાં રહીને યોગ્ય રીતે પ્રજાનું પાલન કર. હંમેશા અંતર્નિષ્ઠ રહીને જે કર્મ આવી પડે તે કર્મ તું કરજે. આ રીતે તું નિર્લેપ અને અકર્મ રહેવાથી તને પાપ-પુણ્ય સ્પર્શશે નહી. આત્મદષ્ટિથી તું જીવનમુક્ત થઈને સુખથી રહેજે અને તટસ્થભાવે બાકીનું પ્રારબ્ધ ભોગવી લેજે. છેવટે વિદેહમુક્તિથી તું મારા સ્વરૂપવાળો થઈ જઈશ." અર્જુને પણ દત્ત પ્રભુને કહ્યું કે "પ્રભુ તમે કહો છો તે પ્રમાણે હું કરીશ."

જ્યારે અર્જુનનું આયુષ્ય પુરુ થયું ત્યારે તેણે માંગ્યું હતું તે પ્રમાણે તેના કરતાં વધારે ખ્યાતિ ધરાવનાર દિવ્ય પુરુષને હાથે એનું મૃત્યું થશે એ પ્રમાણે વિષ્ણના અવતાર શ્રી પરશુરામને હાથે તેનું મૃત્યુ થયું અને મુક્તિને વર્યો.(મૃત્યુ થતાં પહેલાં જ દેહ ત્યાગ કર્યો).

પહેલાં સિદ્ધિ આપનાર અને પછી મુક્તિ આપનાર હે પ્રભુ! સહસ્ત્રાર્જુનને તેની સેવા ભક્તિથી તું પ્રસન્ન થયો, ઈહ અને પારલૌકિક એમ બન્ને લોકનાં સુખ આપ્યાં. ૮૪ હજાર વર્ષ પર્યંત બ્રહ્માંડના રાજ્યની સભા આપી, અને પ્રભુએ જીવન મુક્તિ આપી. અને સ્વહસ્તે જ સંગ્રામમાં વિદેહ મુક્તિ આપી. આવો તું દયાળું છે. હે પ્રભુ! તું ત્રિવિધ તાપોને હરનારો, રક્ષક અને કામક્રોધાદિ દુર્ગુણોનો લય કરનાર છે. ભક્તોના અજ્ઞાન, આવરણને દૂર કરીને જ્ઞાન માર્ગે લઈ જવા માટેનો તારો-ગુરુ તરીકેનો અવતાર છે. એમ અર્જુનને આપેલ વરદાન ઉપરથી અમને તેનો





નિશ્ચય થાય છે. હે ભગવાન! તું મહાન છે, દયાળું છે, તું મારો નિરાધારનો સાદ કેમ સાંભળતો નથી? મારે તારા સિવાય બીજા કોઈનોય આશરો નથી. તું મારા સામે જોશે નહીં તો કોને શરણે જઈશ? તારા સિવાય મારે બીજા કોઈનો આધાર - આલંબન નથી. સંસારની વિટંબણાઓ મને હેરાન પરેશાન કરે છે તે સંસારનો લય પામ્યો હોઈ હું નિરાધારને કેવળ તારો જ આધાર છે.

## ૧૧. વિષ્ણુશર્મ, દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ

*(લીલા - ૩ - વિષ્ણુ શર્મા - ગુરુલીલા અ.૧૪ - પાન નં. ૫૭-૬૧)*

દત્ત પ્રભુની એક વધુ લીલાનું વર્ણન છે.

સહ્યાદ્રિ પાસે માતાપુર માં વિષ્ણુદત્ત નામે એક પવિત્ર કર્મકાંડી બ્રાહ્મણ રહેતો હતો. એની પત્ની પણ પવિત્ર અને સુશીલ હતી. પતિ-પત્ની બંને દત્ત ભક્ત હતાં. શાસ્ત્રની વાતોને પ્રમાણ માનનારો, તથા મીમાંસા દર્શન જાણનાર તે બ્રાહ્મણ સ્વકર્મમાં હંમેશા પ્રવૃત્ત રહેતો. દત્તની ઉપાસના કરનારો એ ભક્ત અનાસક્ત ભાવે નિત્યકર્મ કરતો હતો. એના ઘરના આંગણામાં પીપળાનું ઝાડ હતું. એ ઝાડ ઉપર એક બ્રહ્મરાક્ષસનો વાસ હતો. વૈશ્વદેવ કરીને અંતે વિષ્ણુદત્ત જે ભૂતબલિ મૂકતો તે એ બ્રહ્મરાક્ષસ રોજ ખાઈ જતો હતો, અને તેથી સંતોષ પામી એ બ્રહ્મરાક્ષસ એ ઘરના લોકોને પીડા આપતો ન હતો. આમતો આ બ્રહ્મરાક્ષસે કંઈ કેટલાયને હેરાન પરેશાન કર્યા હતા. પરંતુ આ બ્રાહ્મણનું અન્ન ખાઈને તે શાંત થયો હતો. આ હતો અન્નનો પ્રભાવ ! પવિત્ર અન્ન જમવાથી પવિત્રતાનો પ્રભાવ તેના પર થવા લાગ્યો! અને એ પ્રભાવ પોકારવા લાગ્યો કે જેનું તું ખાય છે તેનુ ઋણ તારે ચૂકવવું જોઈએ. એક દિવસ વિષ્ણુદત્ત બ્રાહ્મણ બલિ મૂકતો હતો ત્યારે તે રાક્ષસ પ્રગટ થયો. ભયંકર ઉગ્ર મોં અને બિહામણું સ્વરૂપ જોઈને એ

બ્રાહ્મણને આશ્ચર્ય થયું અને બીક પણ લાગી ને ધ્રુજવા લાગ્યો. બ્રાહ્મણને બીધેલો જોઈ રાક્ષસ મીઠી વાણીથી બોલ્યો કે, "હે ભાઈ! તું શું કામ બ્હીએ છે? હું બ્રહ્મરાક્ષસ છું અને તારો દેવાદાર છું. તું જે કાકબલિ મૂકતો હતો તે ખાઈને હું શાંત થયો છું. તારી કોઈ પણ ઈચ્છા હોય તે મને કહે હું જરૂર પૂરી કરીશ." આ સાંભળીને બ્રાહ્મણ મનમાં વિચારવા લાગ્યો કે જો સંતાન માગું તો મારા નિર્ધનના ઘરમાં સંતાનોને ખવડાવવા માટે પૂરતું અનાજ તો છે નહિ, જો ધન માગું તો રહેવા માટે ઘર નથી અને ઘર તથા ખેતર માગું તો એનાથી કોઈ દિવસ મને મોક્ષ મળે ખરો? આ બધી વસ્તુઓ દુન્યવી અને નશ્વર છે. જો સ્વર્ગ માગું તો તે પણ આખરે નશ્વર જ છે ને! બ્રાહ્મણનું મન નિશ્ચય કરી શક્યું નહિ. ઘરમાં જઈને પત્નીને વાત કરી. સમજુ પત્નીએ કહ્યું કે "હે સ્વામી! નશ્વર માંગશો નહિ. દત્ત ભગવાનનાં દર્શન થાય એવું માગો. જેના દર્શન માટે સન્યાસીઓ અને યોગીઓ રાત-દિવસ કષ્ટ સહન કરે છે, તે દત્ત પ્રભુનાં દર્શન થતાં બધું જ આપોઆપ આવીને મળશે." બ્રાહ્મણે બહાર આવીને બ્રહ્મરાક્ષસ પાસે માંગ્યું કે મને દત્ત પ્રભુના દર્શન સિવાય અન્ય કોઈ વસ્તુ જોઈતી નથી.

ભૂતે કહ્યું કે "દત્ત પ્રભુના નામથી બધાં ભૂતો ડરે છે, કામ ખૂબ જ કપરું છે, છતાં મેં જે વચન આપ્યું છે તેને સાચું કરી બતાવીશ. હું તને દૂરથી દર્શન કરાવીશ. એમાં વિશ્વાસ રાખજે અને હિંમત રાખીને એનાં ચરણ જોરથી પકડજે. તારી બધી ઈચ્છા પૂરી થઈ જશે. એ વિશ્વનાટકી જુદાં જુદાં રૂપો લઈને ફરે છે."

એક દિવસ દારૂના પીઠા પાસે બ્રહ્મરાક્ષસે બ્રાહ્મણને દત્ત ભગવાન બતાવ્યા ને કહ્યું, "જા અને પગે પડ". પરંતુ દત્ત ભગવાનનું શરીર માંખીઓથી ઢંકાયેલું તથા દુર્ગંધ મારતું હતું. આવો બિહામણો વેશ જોઈને બ્રાહ્મણે વિચાર્યું કે "આવો તો વળી અવધૂત હોતો હશે? દારૂ પીનારનો





સંગ કરવાથી પણ મહાન પાપ લાગે છે." મનમાં શંકા કરતા જ પ્રભુ અંતર્ધાન થઈ ગયા. એ જોઈને બ્રાહ્મણ વ્યાકુળ થઈ ગયો. હું કેવો અભાગિયો! મેં દર્શનનો લાભ ગુમાવ્યો. જો એ ગાંડો હોત તો અંતર્ધાન થાય ખરો? ઘેર આવ્યો ત્યારે ભૂતે કહ્યું કે તને મારા કહેવામાં વિશ્વાસ ન આવ્યો ને! ભલે! તને હજી એકવાર મોકો આપીશ અને દત્તપ્રભુ નું દર્શન કરાવીશ.

બીજીવાર ભુતે વિષ્ણુદત્તને સ્મશાનમાં લઈ જઈને પોતાના શરીર પર ધૂળ ઉડાડતાં અને કુરકુરીયાની સાથે રમતા પ્રભુને બતાવ્યા. જે આત્મામાંજ આનંદ માણનાર આત્મામાં સ્થિત રહેનારા પ્રભુ કેવા લાગે છે? બ્રાહ્મણ સ્મશાનમાં ગયો ત્યાં પ્રભુએ ઉદ્ધત બનીને છૂટા હાડકાં મારવા માંડ્યા. મરવાની બીકે બ્રાહ્મણ નાસીને ઘરે આવી ગયો. ભુતે એને કહ્યું, "હે પાપીડા જીવ! દેહ પ્રત્યેના મિથ્યા મમત્વને કારણે તું દેવને છોડીને નાસી આવ્યો? એ દેહ તને શું કામ આવવાનો છે? આવી તક ગુમાવ્યા પછી તે ફરી ફરી આવતી નથી. છતાંય તને હજી એક છેલ્લી તક આપું છું તેથી તું દત્તના દર્શન કરી શકે."

ત્રીજીવાર ભૂતે બ્રાહ્મણને ફરીવાર એક વિચિત્ર પુરુષને બતાવ્યા અને કહ્યું કે, "જો પેલા સ્મશાનમાં મરી ગયેલા ગધેડાનું માંસ તોડી તોડીને કાગડા કૂતરાંને વહેંચી આપે છે તેજ દત્ત પ્રભુ! જા હવે મોકો ના ચૂકીશ. પ્રયત્નપૂર્વક તારું કાર્ય સફળ કર. પ્રસન્ન થાય તો પ્રભુ પાસે માગજે કે અમાવાસ્યાના દર્શ શ્રાધ્ધના આમંત્રણરૂપ હું આ દર્ભ (ક્ષણ) આપવા આવ્યો છું. મારું આમંત્રણ સ્વીકારીને આ ગરીબની સેવા સ્વીકારો. મેં કહ્યું તે જ માંગજે, જા ફત્તેહ કર."

બ્રાહ્મણે આ વખતે મનને ખૂબ જ મક્કમ બનાવીને પ્રભુના પગ પકડી ને વિનંતી કરી. દત્ત પ્રભુએ કહ્યું કે "કેમ મારા પગ પકડ્યા છે? તું ત્રીજીવાર આવ્યો છે ને! તને મારું શું કામ પડ્યું છે?"

ભગવાનનાં મધુર વચનો સાંભળીને બ્રાહ્મણે ભુતે કહ્યું હતું, તે પ્રમાણે પ્રભુ પાસે માંગ્યું. તે સાંભળી પરીક્ષા કરવાનો હેતુથી પ્રભુ બોલ્યા કે મારા જેવા ભ્રષ્ટને શ્રાદ્ધનું આમંત્રણ શા માટે આપે છે? બ્રાહ્મણ બોલ્યો કે ''હે વિભુ! તું તો ધર્મ અને અધર્મનો આત્મા છે. તું તો સંતુષ્ટ અને નિર્લેપ છે. તને પાપપુણ્ય ક્યાંથી સ્પર્શી શકે?'' આ સાંભળીને દત્ત પ્રભુએ હસીને ''ૐ તથાસ્તુ'' કહીને આમંત્રણ સ્વીકાર્યું અને પોતાના મૂળરૂપનાં દર્શન કરાવ્યા. બ્રાહ્મણે કરોડો સૂર્યના જેવી પ્રકાશતી ત્રિમૂર્તિ દત્તનાં દર્શન કર્યા બ્રાહ્મણ ખૂબ જ આશ્ચર્ય સાથે દર્શન કરતા બોલ્યો, ''હે પ્રભુ! હું આજે ધન્ય થઈ ગયો. મારા માતા-પિતા અને મારા કુળને પણ ધન્ય છે કે જેમનાં પુણ્યને લીધે આ પાપીને આપનાં દર્શન થયાં!'' જ્યાં સુધી નિષ્કામ ભાવે કર્મ કરી શંકા વિના દેહાધ્યાસ ઓગાળી નિર્ભયતા પ્રાપ્ત કરી નથી, ત્યાં સુધી સામે હોય છતાં ભગવાનને ઓળખવા અને પામવા અસંભવ છે.

વિષ્ણુશર્માને ઘેર પ્રભુ શ્રાદ્ધમાં જમવા માટે પધાર્યા અને જમ્યા (શ્રાદ્ધમાં ત્રણ બ્રાહ્મણો જોઈએ. એક પિતૃકુળ, બીજું માતૃકુળ અને ત્રીજુ દેવસ્થાન. વિષ્ણુ શર્માને ત્યાં પણ બીજા બે બ્રાહ્મણો સૂર્યદેવ અને અગ્નિદેવ (બ્રાહ્મણ પત્નીની વિનંતીથી પધારેલા) તથા લોકસંગ્રહ માટે સિદ્ધિ આપી અને અંતે મુક્તિ આપી. જતાં જતાં વિષ્ણુશર્માના કહેવાથી પ્રભુએ પોતે જમતાં વધેલું અન્ન ભૂતને ખવડાવવાનું કહ્યું જેથી ભૂતનો પણ ઉદ્ધાર થયો.

૧. 'જેવું અન્ન તેવું મન' પવિત્ર બ્રાહ્મણના ઘરનું અન્ન ખાવાથી બ્રહ્મરાક્ષસ જેવો ક્રૂર આત્મા પણ શાંત બન્યો માટે ગમે ત્યાં ગમે તે સ્થાને ગમે ત્યારે, ગમે તેનું અન્ન ન ખાવું જોઈએ.

૨. બ્રહ્મરાક્ષસ જેવામાં પણ ઉપકાર વાળવાની વૃત્તિ છે. કોઈનું પણ ઋણ માથે ન રાખવું. ઋણમાંથી છોડાવનાર દત્ત પ્રભુને હંમેશાં પ્રાર્થના કરવી કે ''ૐ શ્રી દત્ત દત્ત ઋણમોચન દત્ત દત્ત.'' ''હે પ્રભુ! મને હંમેશા બધાના ઋણમાંથી છોડાવજે.''





૩. વિષ્ણુ શર્મામાં જ્યારે અભયત્વ આવ્યું ત્યારે જ પ્રભુનાં દર્શન થયા. अभयं सत्य संशुद्धि..... (ગીતા)

૪. વિષ્ણુ શર્માએ સંશય છોડીને તથા ખૂબ જ નિષ્ઠા અને શ્રદ્ધાથી પ્રભુના પગ પકડ્યા ત્યારે જ પ્રભુએ દર્શન આપ્યા.

૫. વિષ્ણુદત્તની પત્નીનો સાથ મળવાથીજ વિષ્ણુદત્તને સાચી સમજ આવી ને બ્રહ્મરાક્ષસ પાસે પ્રભુના દર્શન માંગ્યા. પત્ની અર્ધાંગીની છે, તેણે પોતાના પતિને સાચો માર્ગ બતાવીને સહકાર આપવો જોઈએ. પતિ - પત્ની બંનેએ મહત્વના નિર્ણયો ચર્ચા વિચારણા અંતે સહિયારા લેવા.

૬. સારાં કર્મો કરવાથી સારું ફળ મળે છે અને બુદ્ધિ નિર્મળ થતાં ભ્રાંતિ દૂર થાય છે. જ્યારે વ્યક્તિ સદાચારી જીવન જીવે છે ત્યારે તેનો જગત પ્રત્યેનો અભિગમ બદલાઈ જાય છે. સાચા સુખની સમજ આવી જાય છે તેથી જગતને સુધારવાને બદલે જાતે સુધરીને નિર્મળ જીવન જીવવા લાગે છે.

## ૧૨. જંભ દૈત્યથી ત્રાસ્યાદેવ, કીધી મહેર તેં ત્યાં તતખેવ

## ૧૩. વિસ્તારી માયા દિતિસૂત ઈન્દ્ર કરે હણાવ્યો તૂર્ત

## ૧૪. એવી લીલા કંઈ કંઈ શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ.

*(લીલા - ૪ - જંભ દૈત્ય - અ.૧૧ - પાન નં. ૪૪-૪૮)*

પ્રાચીન કાળમાં જંભ નામનો મહાબળવાન રાક્ષસ હતો. આખી પૃથ્વી જીતી લઈને એ મહાભયંકર રાક્ષસ સ્વર્ગમાં આવ્યો. દૂતને દેવ પાસે મોકલીને કહેવડાવ્યું કે સ્વર્ગનું રાજ્ય મને સોંપી દો, નહિતર મહાયુદ્ધ થશે. દેવોએ રાજા ઈંદ્રને ખબર કરી. દેવોનો રાજા ઈન્દ્ર સૈન્ય લઈને જંભ દૈત્ય સાથે યુદ્ધ

કરવા આવ્યો. ભયંકર યુદ્ધ થતાં દેવો હારી ગયા તેથી તેમને સ્વર્ગમાંથી ભાગવું પડ્યું. તે સૌ બીકના માર્યા મેરુ પર્વતની ગુફામાં ભરાઈ ગયા.

બધા દેવો ગુરુ બૃહસ્પતિ સાથે દત્ત ભગવાન પાસે ગયા અને દુઃખની વાત કરી. દત્ત પ્રભુએ પહેલા તો એમની કસોટી કરી પરંતુ પછી પ્રસન્ન થઈને રસ્તો બતાવ્યો. દત્ત પ્રભુના કહ્યા પ્રમાણે દેવો પાછા સ્વર્ગમાં ગયા અને રાક્ષસ સાથે ફરી યુદ્ધ શરૂ કર્યું. દૈત્યો ના જબ્બર હુમલાથી દેવો નાઠા અને રાક્ષસો તેમની પાછળ પડ્યા. બધા દેવો દત્ત પ્રભુની પાછળ આવીને સંતાઈ ગયા. પાછળ પડેલા દૈત્યોએ દૂરથી મધુર ગીત સાંભળ્યું. ગીત સાંભળતાં જ દૈત્યો મુગ્ધ થઈ ગયા અને જ્યાં આશ્રમમાં આવીને જોયું તો દત્ત પ્રભુ પાસે માયા સ્વરૂપ સ્ત્રીને જોઈ, ત્યારે તેના રૂપમાં ઘેલા થયા અને લડવાનું છોડી માયાને પાલખીમાં લઈ જઈ સ્વર્ગ તરફ ચાલવા માંડ્યું. દત્ત પ્રભુએ કહ્યું કે હવે યુદ્ધ કરો. રાક્ષસો હારશે, કારણ કે તેઓ પરસ્ત્રીમાં મોહ્યા છે. <u>બધા દોષોમાં પરસ્ત્રી-સંગનો દોષ સૌથી ભયંકર દોષ છે.</u> હવે આ દૈત્યોનો કચ્ચરઘાણ નીકળી જશે. પારકી સ્ત્રીનો સ્પર્શ કરીને એમણે મોટું પાપ કર્યું છે. એટલે દૈત્યો હવે બળ વગરના અને ઐશ્વર્ય વિનાના થયા છે. મારી શક્તિ એવી સ્વયં માયા જ્યાં એમના માથા પર બેઠી છે, તો હવે ક્ષણવારમાં એમના માથા ફોડીને અહીં આવી જ સમજો. ફત્તેહ કરો. તમે તો એમને મારવા માટે નિમિત્ત માત્ર છો, બાકી ખરેખર તો એ પાપીઓ મરીજ ચુકેલા છે. શ્રી દત્ત પ્રભુનાં વચન સાંભળીને દેવો દૈત્યો સાથે યુદ્ધે ચઢ્યા ને આ વખતે દત્ત પ્રભુની કૃપાથી દેવોએ દૈત્યોનો કચ્ચરઘાણ વાળી દીધો, અને દેવો વિજયી થયા. જંભ યુદ્ધમાં મરાયો. શક્તિ પાછી આવીને પ્રભુના ખોળામાં બેસી ગઈ.

દેવોએ દત્ત પ્રભુ પાસે આવીને તેમનાં ચરણમાં પ્રણામ કર્યા, અને ગદ્‌ગદ્‌ કંઠે બોલ્યા કે, આ બધું તમેજ કર્યું છે. અમે અમારું મસ્તક આપનાં ચરણ કમળમાં મૂકી આપને વારંવાર વંદન કરીએ છીએ. દેવોના હૃદયનો





સાચો ભાવ જોઈને પ્રભુ પ્રસન્ન થયા, અને બોલ્યા કે, મારા ભક્તને શાની ખોટ હોય? તમારા પ્રારબ્ધનો કપરો સમય પૂરો થયો છે, જાવ સ્વર્ગમાં જઈને આનંદમાં રહો.

આ જંભ એટલે કામ, એવું પૂજ્યશ્રી આર્ત પ્રાર્થનામાં જણાવે છે. ચાલો આપણે પણ પ્રાર્થના કરીએ કે હે દેવ! આ કામરૂપી જંભ રાક્ષસ આ દીન બાળક પર નિર્દયતાથી અત્યંત પ્રહાર કરી રહ્યો છે, માટે એનો સંહાર કરી મને સ્વાત્મરાજ્ય દો. હે પ્રભુ! તમારા વિના એને સીધો કરવા બીજો કોણ સમર્થ છે? આવીતો અનેક લીલા આપે ભક્તો ને કાજે કરી છે, તે બધી કોણ જાણી શકે? હું અલ્પમતિ તે બધાનું યર્થાર્થ વર્ણન કેમ કરીને કરી શકું? જ્ઞાનથી કામનો નાશ કરવાનું સૂચન આ લીલા દ્વારા પ્રગટ થાય છે.

## ૧૫. દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ

*(લીલા-૫-લીલાઓનું વર્ણન - અ. ૪૩-૪૯ - પાન નં. ૧૭૦-૧૯૩)*

અહીં પણ ભગવાનની લીલાનું વર્ણન છે. આર્ત, અર્થાથી, જીજ્ઞાસુ અને જ્ઞાની તે ભગવાનના ચાર પ્રકારના ભક્તો છે. સહસ્ત્રાર્જુન અર્થાથી હતો. પછી જીજ્ઞાસુ થતાં તેની પરીક્ષા કરી તેને જ્ઞાન અને મુક્તિ બંને આપ્યા. અહીં ચંદ્રવંશી આયુ રાજા અર્થાથી થઈ દત્ત પ્રભુને શરણે આવ્યો. સો વરસ સુધી દત્ત પ્રભુની સેવા કરી, દત્ત પ્રભુને પ્રસન્ન કરી વરદાનરૂપે પુત્ર માંગ્યો. દત્ત પ્રભુએ 'તથાસ્તુ' કહીને તે વરદાન આપ્યું.

રાજાને ઈન્દુમતી નામે રાણી હતી. ભગવાનના વરદાને રાણી સગર્ભા થઈ અને પુત્રને જન્મ આપ્યો. જ્યારે આયુરાજા દત્ત પ્રભુ પાસે પુત્રની ઈચ્છાથી ગયો હતો, ત્યારે પૃથ્વી પર હુંડ નામનો એક ભયંકર રાક્ષસ પ્રગટ થયેલો. જેણે પોતાના પરાક્રમથી ભૂમંડળ જીતી લઈ દેવોને પણ હરાવ્યા હતા. તે સ્વચ્છંદી બનીને જગતમાં જેને ને તેને રંજાડતો હતો.

આ રાક્ષસે એક વખતે અતિસુંદર એવી શિવકન્યા નામે અશોકસુંદરીનું બળજબરીથી હરણ કર્યું પણ એ સુંદરી તેને વશ ન થઈ. એને ધિક્કારતાં એ સુંદરીએ કહ્યું કે, હે દુષ્ટ! તને આયુરાજાનો પુત્ર ચોક્કસ મારશે. આવો શાપ સાંભળીને એ દુષ્ટે એને કેદખાનામાં પૂરી દીધી અને ત્યાં જઈને તે એને રોજ ડરાવતો હતો. એકવાર આ રાક્ષસની દીકરી સ્વર્ગમાં રમવા ગઈ હતી ત્યારે તેણે ચારણોને વાત કરતા સાંભળ્યા હતા કે આયુ રાજાની પત્ની ઈન્દુમતીના ગર્ભમાં જે પુત્ર છે તે હુંડાસુરનો કાળ છે. અને તે હુંડાસુરને મારશે. દીકરીએ આ વાત પિતાને કરી. હુંડાસુરે ગર્ભવતી ઈન્દુમતીના ગર્ભનો નાશ કરવા ખૂબ જ પ્રયત્ન કર્યા, પરંતુ દત્ત ભગવાનનું રક્ષણ હોવાથી તે નિષ્ફળ ગયો, છેવટે જન્મેલા પુત્રને પ્રસૂતિગૃહમાંથી લઈ ગયો. પુત્રના વિયોગથી આયુરાજા અને ઈન્દુમતી અતિશય દુઃખી થયાં. હુંડાસુરે આ બાળકને મારીને એનો પાક (જમવાનું) બનાવી લાવવા પત્નીને કહ્યું. પત્નીએ દાસીને કુંવર આપ્યો. દાસીએ રસોઈયાને બાળક આપ્યું. રસોઈયો એ કુંવરને મારવા પ્રયત્ન કરે છે, પરંતુ દત્ત પ્રભુના રક્ષણને લીધે હત્યા થઈ નહીં. ભગવાનનું ચક્ર ગુપ્ત રીતે કુંવરનું રક્ષણ કરવા માટે તેની આજુબાજુ ખૂબ વેગથી ફરતું હતું. દાસી તથા રસોઈયાનું હૃદય પરિવર્તન થયું. તે કુંવરને ગુપ્ત રીતે તે રાતનાં વસિષ્ઠ ઋષિના આશ્રમ બહાર દ્વાર આગળ મૂકી આવ્યા અને હુંડાસુરને હરણના બચ્ચાનું માંસ ખવડાવ્યું. હુંડાસુરને થયું કે બાળકનો નાશ થયો છે.

વસિષ્ઠાશ્રમે બાળક મોટો થવા લાગ્યો. ઋષિએ તેનું નામ નહુષ રાખ્યું. અને ખૂબ જ પ્રેમથી બાળકનું જતન કરવા લાગ્યા અને સર્વ વિદ્યામાં પ્રવિણ બનાવ્યો. આ તરફ મહેલમાં પુત્ર અદશ્ય થવાથી રાજા તથા રાણીને ખૂબ જ શોક થયો. ઈન્દુમતી એ કારમું કલ્પાંત કર્યું. રાજા પણ ખૂબ દુઃખી થયો. બન્ને જણા ખુબ જ આર્તભાવથી દત્ત ભગવાનને પ્રાર્થના કરવા





લાગ્યાં. રાજા હવે અર્થાર્થીમાંથી આર્ત ભક્ત થયો. એનું દુઃખ જોઈને દયાળુ દત્ત પ્રભુએ નારદને બોલાવીને કહ્યું કે તમે રાજા પાસે જાવ અને તેને શાંત કરો. ભગવાન શ્રીદત્ત પ્રેરિત નારદ ઋષિએ રાજાને સમજાવ્યું કે પુત્રનો વિચાર કરવાને બદલે તમારા પોતાના આત્માના કલ્યાણનો વિચાર કરો. ''હે રાજા! જેનું એક વાર ભાવપૂર્વક સ્મરણ કરવાથી ખરેખર ! આ સંસાર ટળી જાય છે, અને ક્યાંય પણ દુઃખ રહેતું નથી. જ્યારે તેં તો સો વર્ષ સુધી એની સેવા કરી છે તો પણ હજી તને દુઃખ રહ્યું ? હે રાજા ! તું તો સાક્ષીમાત્ર છે અને પ્રાણ, ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેથી જુદો છે. તું તો અજ, અજય અને કેવળ નિર્વિકારી મુખ્યાત્મા છે. તું મન અને ઈન્દ્રિયોનો સાક્ષી છે. તું તો અલિપ્ત છે. તને શોક કે દુઃખ કશુંજ નથી. તું શુદ્ધાત્મા છું. એ શુદ્ધાત્મા જીવરૂપે દરેકના દેહમાં રમી રહ્યો છે, જે હંમેશા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આ સંતતિનું સુખ નશ્વર છે એમ જાણીને સુજ્ઞ એવો તું આત્મવિવેકથી અંતરમાં સુસ્થિર થા. પુત્રના (ગૌણાત્માના) એ માયિક પ્રેમનો ત્યાગ કરીને તું મુખ્યાત્મા-તારા પોતામાં પ્રેમયુક્ત રહે.''

આમ નારદમુનિએ રાજાને આશ્વાસન આપીને કહ્યું કે તારો પુત્ર કોઈ ઋષિના આશ્રમમાં ઉછરી રહ્યો છે ને ત્યાં સુખી છે. તે સમય આવ્યે ભણી ગણીને, શસ્ત્રવિદ્યામાં પારંગત થઈ તેમજ શત્રુને મારશે. તે સુંદર કન્યાને પરણશે અને ત્યાર બાદ આવીને તમને ચોક્કસ મળશે. આમ દત્ત ભગવાનની લીલાથી આયુરાજાને જીવનના સાચા હેતુનું જ્ઞાન થયું અને તે નિષ્કામ બન્યા. **આપણાં મનમાં જ આપણું જગત જન્મે છે અને મનમાં જ નાશ પામે છે.** રાજારાણી બન્ને પુત્ર મરી ગયો એવું માનીને એમનું મન કલ્પાંત કરતું હતું અને ફક્ત નારદજીએ એટલું જ કહ્યું કે તારો પુત્ર સુખે જીવે છે તે સાંભળતા વેંત મનમાંથી દુઃખ ચાલ્યું ગયું ને સુખનો ઉદય થયો. માટે નિષ્કામ ભાવે આવી પડેલું સહજ કર્મ જો મનુષ્ય કરે તો તેને સુખ કે દુઃખ અડતા નથી.

## ૧૬. બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્ય દેવ પ્રહ્‌લાદ અકામ

## ૧૭. એવી તારી કૃપા અગાધ! કેમ સુણેના મારો સાદ?

## ૧૮. દોડ અંતના દેખ અનંત! મા કર અધવચ શિશુનો અંત!!

ભગવાન દત્તાત્રેયે સાધ્યદેવ, પ્રહ્‌લાદ, પરશુરામ અને યદુને પણ જ્ઞાનનો બોધ કરી કૃતાર્થ કર્યા છે. શુક્રાચાર્યની પુત્રી દેવયાની - યયાતિરાજાનો સૌથી મોટો પુત્ર યદુ રાજનીતિ અનુસાર રાજગાદીનો વારસ હતો. પરંતુ રાજગાદી યયાતિ રાજાના કનિષ્ઠ દાસીપુત્ર પુરુને સોંપાઈ. આથી અત્યંત દુઃખિત યદુ વૈભવી અને વિલાસી જીવન ત્યાગી પરમ વૈરાગ્ય ભાવે ભગવાન દત્તના શરણમાં ગયો. ભગવાને તેને દર્શન આપી મનુષ્ય અવતારનું મહત્ત્વ, ધ્યેય અને ચોવીસ ગુરુના સદ્‌ગુણોનું જ્ઞાન આપ્યું. યદુની શંકા શમી ગઈ અને તેના ચિત્તમાં જ્ઞાનોદય થયો અને પરમ ગતિને પામ્યો.

સહસ્ત્રાર્જુન સહિત અનેક ક્ષત્રિયોનો યુદ્ધમાં સંહાર કરવાથી ઋષિ જમદગ્નિ અને રેણુકા માતાના પુત્ર પરશુરામને અપાર દુઃખ થયું. શ્રી દત્ત ભગવાને તેમને જગત અને કર્મનો ઉપદેશ આપ્યો. ઉપનિષદનું જ્ઞાન તેમજ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ દેહનું સ્વરૂપ સમજાવ્યું. પરશુરામ તપ કરી જ્ઞાનસ્વરૂપ થઈ ગયા. શ્રી દત્ત કૃપાથી પરશુરામ એવા તો વિરલ પુરુષ બની ગયા કે તેઓ આજે પણ સ્થૂળ દેહે ચિરંજીવી પ્રસિધ્ધ સાત ચિરંજીવીઓના નામ : આશ્વત્યામા બલિ વ્યાંઓ હનુમાંશ્ચ બિભિષણઃ કૃપઃ ચ પરશુરામઃ ચ સપ્તૈ તે ચિરજીવિની :॥ કૃપઃ કૃપાચાર્ય અશ્વત્થામા, બલિ, વ્યાસજી હનુમાનજી, વિભિષણ કૃપાચાર્ય અને પરશુરામ પૃથ્વી પર વિચરી રહ્યા છે.





**સાધ્યદેવ :**

પુરાતન કાળમાં બ્રહ્માજી એ દક્ષને સૃષ્ટિના વિસ્તાર માટે આજ્ઞા કરી. દક્ષ અને તેની પત્ની વીરિણી દ્વારા સાઈઠ કન્યાઓ થઈ. આ સાઈઠ કન્યાઓ પૈકી દસ કન્યાનો વિવાહ ધર્મ સાથે થયો. દક્ષે તેર કન્યાઓ કશ્યપ ને આપી. સત્તાવીસ કન્યાઓનું પાણિગ્રહણ ચંદ્ર સાથે થયું. ચાર કન્યાઓ અરિષ્ટનેમી ને આપી. બે કન્યાઓ ભૃગુપુત્રને આપી, બે કન્યાઓ કૃશાશ્વને આપી તથા બે કન્યાઓ અંગિરા સાથે પરણાવી.

ધર્મ સાથે જે દસ કન્યાઓ પરણાવી તેમના નામ પ્રમાણે છે. (૧) મરુત્વતી (૨) વસુ (૩) સતી (૪) લંબા (૫) ભાનુ (૬) કકુપ (૭) સંકલ્પા (૮) મુહુર્ત (૯) સાધ્યા (૧૦) વિશ્વા.

વિશ્વાના પુત્રો વિશ્વેદેવો કહેવાયા અને સાધ્યાના પુત્રો સાધ્યદેવો કહેવાયા. સાધ્યદેવની સંખ્યા ૧૨ છે. તેમના નામ આ પ્રમાણે છે. (૧) મન (૨) અનુમન્ત (૩) પ્રાણ (૪) નર (૫) પાન (૬) નેમિ (૭) યમ (૮) નૃપ (૯) દેસ (૧૦) નારાયણ (૧૧) વિભુ (૧૨) પ્રભુ

આ સાધ્યદેવો તૃષિત દેવો તરીકે પણ ઓળખાય છે. બારે સાધ્યદેવો વૈરાગ્યશીલ હતા અને નિઃસંગ પણે વિચરણ કરતા હતા. જ્ઞાન પ્રાપ્ત થાય અને ટકી રહે તે માટે દત્ત ભગવાનને તેમણે પ્રાર્થના કરી. દત્ત ભગવાને તેમને જે બોધ આપેલો તે લગભગ દરેક જિજ્ઞાસુ અને મુમુક્ષુ ને લાગુ પડે છે.

(૧) શુધ્ધ અંતઃકરણ રાખવું (૨) મનોદમન કરવુ એટલે કે મનને નિરંકુશ ચરવા - ફરવા છૂટૂ ન મૂકવુ, વિવેકરૂપી લગામનો ઉપયોગ અવશ્ય કરવો. (૩) મુમુક્ષુએ ષટ્ સંપત્તિ પ્રાપ્ત કરવી.

આમ શમદમાદિ ષટ્‌સંપત્તિ પ્રાપ્ત થતા અજ્ઞાનરૂપી ગાંઠ છૂટે છે. (યોગ શાસ્ત્ર પ્રમાણે સદ્‌ગ્રંથી, બ્રહ્મગ્રંથી અને વિષ્ણુગ્રંથી તૂટે / છૂટે છે.

ગર્વ, અહંકાર નો ત્યાગ કરવો, માન - અપમાન પ્રતિ તટસ્થ ભાવ રાખવો. કામ - ક્રોધ આદિ શત્રુઓને જીતવા. બીજાને કઠોર વચન કહેવા નહી. બીજાના કઠોર વચનો પ્રતિ તટસ્થ - સાક્ષિભાવ દાખવવો. દ્વન્દ્વોને સહન કરવા. (સુખ-દુઃખ, ટાઠ - તડકો, માન - અપમાન ઈત્યાદિ) નિઃસંગી થવુ અથવા સત્સંગ કરવો. બીજાની નિંદા ન કરવી. બીજાએ કરેલી નિંદાને સહન કરવી. પ્રિય, પ્રમાણસર તથા ધર્માનુસાર બોલવુ પરછિદ્ર ન જોવુ. સજ્જનોની સેવા કરવી.

વચનભંગ ન કરવો. વિષમ કથા ત્યજવી. કામ ક્રોધાદિ શત્રુઓનો નાશ કરવો. હર્ષ - શોક નો ત્યાગ કરી સદા પ્રસન્ન રહેવુ. ફક્ત બ્રહ્મનેજ સત્ય માનવુ. બીજુ બધુ ક્ષણભંગુર છે. માટે મિથ્યા માનવુ. ચિંતાનો ત્યાગ કરી હૃદયમાં નિશ્ચિંત રહેવું.

આવો બોધ સાંભળી બારેય સાધ્યદેવોને સંતોષ થયો અને તેઓ દત્ત ભગવાનને વંદન કરીને પ્રસ્થાન કરી ગયા.

(શ્રી ગુરુલીલામૃત અધ્યાય દોહરા ૯૫ થી ૧૦૭ સાધ્ય દેવોનાં નામ તથા સ્કંધપુરાણ)

નારેશ્વરનો નાદ માર્ચ ૨૦૦૧ પાન નં - ૧૨

હિરણ્યકશ્યપુના વધ પછી પુત્ર પ્રહ્લાદ ગાદી અધિપતિ બન્યો. તે ભગવાનનો અનન્ય ભક્ત હતો. છતાં આત્મજ્ઞાનથી વંચીત હોવાથી અને તેને શિરે કુટિલ રાજકારભારની જવાબદારી આવી પડવાથી તેનું મન વિક્ષિપ્ત રહેતું હતું. જંગલમાં શિકારે ગયેલા પ્રહ્લાદને ત્યાં દત્ત પ્રભુના દર્શન થયાં. અહીં દત્ત પ્રભુ પ્રહ્લાદને પોતાના (દત્ત પ્રભુના) સુખનું રહસ્ય સમજાવે છે. અવધૂત પુરુષે દેહ અને લૌકિક ભોગોની અનિત્યતાની સમજ આપી. વળી માયા અને આત્માનું સ્વરૂપ પણ સમજાવ્યું. એકાંતમાં રહીને પ્રહ્લાદને પ્રભુએ અંતર્વૃત્તિ સ્થાપવાનો અને આત્મ દર્શન નું સાચું સુખ પામવાનો બોધ આપ્યો. પ્રહ્લાદે તેમ કરીને આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું.





હે પ્રભુ! તારી આવી પાર વગરની કૃપા છે, તો પછી મારો આર્તનાદ કેમ સાંભળતો નથી? હે અનંત! મારો અંતકાળ કેમ જોઈ રહ્યા છે ? હું તો માયાધીન છું. મને દોડીને પકડી લો, નહીંતર આપના વિયોગમાં મારા પ્રાણ જ ચાલ્યા જશે. આ બાળકની જીવનનાવ ભવસાગર વચ્ચે ડૂબવા દેશો નહીં.

ભક્ત ભગવાનને માતા અને પિતા ગણે છે. મા-બાપને પોતાના સંતાન માટે અપાર સ્નેહ હોય છે, એ હકીકતને ધ્યાનમાં રાખી ભગવાનને રીઝવવાનો આ પ્રયાસ છે.

## ૧૯. જોઈ દ્વિજ સ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃ સંદેહ

ભગવાન દત્તાત્રેયની લીલાનું વર્ણન કર્યા પછી હવે દત્તના અવતાર એવા શ્રીપાદશ્રીવલ્લભની લીલાનું સ્મરણ કરવામાં આવ્યું છે.

*(લીલા - ૬ - શ્રીપાદશ્રીવલ્લભ - અ.૫૬-૬૬ - પાન નં. ૧-૩૯ - કર્મકાંડ)*

ઈ.સ.૧૩૨૩ થી ૧૩૫૩ની આજુબાજુ આંધ્રના પૂર્વ ગોદાવરી જીલ્લામાં પીઠાપુર નામનાં ગામમાં રાજા આપળ નામનો આપસ્તંબ શાખનો સદાચારી બ્રાહ્મણ રહેતો હતો. તેની સ્ત્રી સુમતિ ધર્મનિષ્ઠ અને પતિવ્રતા હતી. પતિને જ પરમેશ્વર માનનારી તેની પત્ની સતી સુમતિ અતિથિની સેવામાં રાત દિવસ ગળાડૂબ રહેતી હતી. સદ્‌ગુણના ભંડાર સમી તે સતી સ્ત્રી હંમેશા પ્રેમથી સેવાધર્મનું પાલન કરતી હતી તેને એ વિના બીજા કોઈ દેવની જાણકારી ન હતી. સંતને જોઈને પતિ-પત્ની આનંદથી આવકારીને તેમનું યથાશક્તિ સ્વાગત કરતાં અને તેમની સેવા કરતાં હતાં.

એક સમયે અમાવસ્યાના શ્રાદ્ધને દિવસે અજાણ્યા વેશમાં દત્ત પ્રભુ આવી ચઢ્યા અને અતિથિરૂપે ઊભા રહીને ભિક્ષા માંગી. સ્વગોત્ર અને

માતૃગોત્ર એવા પિતૃસ્થાનના બ્રાહ્મણોને અને દેવ સ્થાનના બ્રાહ્મણને જમાડ્યા વગર ભિક્ષા કેવી રીતે અપાય એવી શંકા કર્યા વગર જ સુમતિ સામેથી દોડી ગઈ અને ગંધ તથા ચોખાથી પૂજન કરીને તેમને ભિક્ષા આપી, તેથી પ્રસન્ન મુદ્રામાં દત્ત દિગંબર ભગવાન મૂળ સ્વરૂપે બારણામાં ઊભા રહ્યાં. પતિવ્રતા સ્ત્રીએ લળી લળીને નમન કર્યું અને તેણે પરમપદ આપનાર પ્રભુનાં ચરણ પકડ્યા. દત્ત ભગવાન બોલ્યા કે, "હે માતા ! તારા મનમાં જે ઈચ્છા હોય તે માંગ હું અસાધ્ય વસ્તુ આપનાર દેવ છું એટલે તું જે કાંઈ માંગીશ તે હું તને અવશ્ય આપીશ."

આવાં મધુર વચન સાંભળીને સુમતિએ વિનમ્ર બનીને વંદન કર્યાં અને તેમની સ્તુતિ કરી. તે ગદ્‌ગદ્રીત થઈને બોલી, "હે જગદીશ્વર, હે યોગીરાજ ! તમારો જય જયકાર હો! તમે મને 'મા' કહીને બોલાવી છે તો તમે એ માતાનું પદ સાર્થક કરો. મને ઘણાં પુત્રો થયા હતા પરંતે એ બધા મૃત્યુ પામ્યા. એ પૈકી બે જ રહ્યા છે તે આંધળા અને પાંગળા છે. મારી કુખે કોઈ લાયક પુત્ર જન્મ્યો નથી. આપ સમાન જ્ઞાનવાન, દીર્ઘાયુષી અને જગત જેને વંદન કરે એવો સમજુ પુત્ર પામું તો મારો જન્મ સફળ થશે. મારા મનની ઈચ્છા પૂરી કરો."

પ્રભુએ કહ્યું, "તે પ્રમાણે થાઓ .... તથાસ્તુ...."

ઘરમાં આવીને આશ્ચર્યયુક્ત થઈને પતિને બનેલી વાતથી વાકેફ કર્યો. સતી બોલી કે, "હે પતિ દેવ મારા પર દયા કરો અને મને માફ કરો. કારણ કે મેં આજે શ્રાદ્ધ સમયે પીરસાતું અન્ન, શ્રાદ્ધના સમય પહેલાં જ દત્ત પ્રભુને ભિક્ષામાં આપ્યું છે. તે સાંભળી બ્રાહ્મણે કહ્યું કે આતો તેં ઘણું સારૂ કર્યું. જેને બધું જ અર્પણ કરવાનું હોય છે તેને જ તેં અન્ન આપ્યું છે. મધ્યાહ્ને અતિથિ બનીને દત્ત પ્રભુ બ્રાહ્મણને ઘેર ભિક્ષા લેવા જાય છે તે 'ત્રિમૂર્તિ' અવતાર એવા દત્ત પ્રભુને પ્રસન્ન કર્યા છે. તેથી તને મળેલું વરદાન જરૂરથી ફળશે.





સમયાંતરે, સુમતિ સગર્ભા થયાં અને નવ માસ નવ દિન થયે ભાદ્ર પદ (ભાદરવા) શુક્લ ચતુર્થીએ શુભ લગ્ને સુમતિમાતાએ પુત્રને જન્મ આપ્યો. આ દૈવી બાળકના ચરણમાં વજ્ર અંકુશ ને કમળના ચિહ્નો હતા. તેથી તેનું નામ શ્રીપાદ રાખ્યું. સમય જતાં શ્રીપાદશ્રીવલ્લભ શ્રી દત્તાવતાર તરીકે ખ્યાતિ પામ્યાં. હે પ્રભુ! દ્વિજ સ્ત્રીનો સ્નેહ જોઈને તમે તેનો પુત્ર થઈને અવતર્યા.

## ૨૦. સ્મર્તૃગામી કલિતાર કૃપાળ! તાર્યો ધોબી છેક ગમાર

દત્તાવતારી શ્રીપાદ પ્રભુ સ્મરતાંની સાથે દોડી આવે છે એટલે સ્મર્તૃગામી છે. આ કલિકાળમાં દત્ત ભક્તિ તારનારી છે. એટલે એ કલિતાર છે. સત્યયુગમાં જનાર્દન, ત્રેતાયુગમાં શ્રીરામ, દ્વાપરયુગમાં શ્રી બલરામ અને શ્રી કૃષ્ણ અને કલિયુગમાં શ્રીપાદશ્રીવલ્લભ તારનાર ગણાય છે.

*કૃતે જનાર્દનો દેવસ્ત્રેતાયાં રઘુનંદનઃ ।*
*દ્વાપરે રામ કૃષ્ણૌ ચ કલૌ શ્રીપાદવલ્લભઃ ॥*

*(લીલા - ૭ - શ્રીપાદશ્રીવલ્લભ - અ. ૬૪ - પાન નં. ૩૨-૩૩ - કર્મકાંડ)*

શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ ધોબીને કેવી રીતે તાર્યો એ પણ રસપ્રદ લીલા છે. ભગવાન શ્રીપાદશ્રીવલ્લભ કુરવપુરમાં વસવાટ દરમ્યાન કૃષ્ણા નદીમાં ત્રણવાર નિત્ય સ્નાન કરવા માટે જતા. નદી પર એક ધોબી કપડાં ધોવા આવતો હતો. એ શ્રદ્ધાપુર્વક ત્રણ વાર શ્રીપાદ પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતો. તન, મન અને વચનથી અને ભક્તિથી, નમ્ર બનીને નિત્ય નિયમથી એ નિશ્ચલ નેત્રકમળથી વંદન કરતો હતો. આ રીતે રોજ વંદન કરવામાં કેટલાક દિવસો વહી ગયા.

એક દિવસ ગુરુવરે પૂછ્યું કે, "ધોબી! તારા મનમાં શું છે ? તારા શરીરને શા માટે કષ્ટ આપે છે? તું રોજ રોજ લાંબો થઈને કેમ પગે લાગે

છે! હું તારા પર પ્રસન્ન થયો છું. હું તને રાજ આપીશ.'' ધોબીએ પ્રભુની વાણી સાંભળીને વસ્ત્રના છેડે ગાંઠ વાળી અને હાથ જોડીને કહ્યું કે હે પરમ કૃપાળુ પ્રભુ! તમે તો સત્ય સંકલ્પ છો માટે આપની વાણી સત્ય જ થશે. સંસારની બધી ચિંતા છોડીને સેવકનો પ્રભુ પ્રત્યે પ્રેમ ભાવ ખૂબ જ વધી ગયો. ધોબી વાળી ઝૂડીને અને પાણી છાંટીને ગુરુજીના આવાસનું આંગણું સાફ રાખતો હતો અને ગુરુજી નો પડ્યો બોલ ઝીલીને તે પ્રમાણે કરતો હતો તથા તેમના નામનો જપ કરતો હતો. ઘણા દિવસો વહી જવા છતાં ધોબી સેવા કરતાં થાકતો ન હતો, અને સદ્‌ગુરુને દેવ માનીને એમની મન, વાણી અને કર્મથી સેવા કરતો હતો.

એવામાં એકવાર વસંતઋતુમાં એક યવનરાજા તેની રાણી સાથે નદીમાં ક્રીડા કરવા આવ્યો. રાજા નાવમાં બેસીને સ્વરૂપવાન રાણી સાથે નૌકાવિહાર કરતો હતો. મધુર સ્વરવાળાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં. અને રાજા કૃષ્ણા નદીના ભરપૂર જળમાં રાણી સાથે આનંદથી ક્રીડા કરતો હતો. આ દૃશ્ય જોઈને ધોબી ગુરુનું સ્મરણ ભૂલી ગયો. એના મનમાં થયું કે જો જન્મ ધરીને આવું વૈભવી સુખ ભોગવવાનું ન મળે તો મળેલા જન્મને ધિક્કાર છે. ધોબી વિચારે ચઢી ગયો, એ દરમ્યાન તેણે શ્રીપાદ ગુરુને આવેલા જોઈને દંડવત્ પ્રણામ કર્યા. તે પગે લાગીને ઊભો રહ્યો એટલે દયાના ભંડાર અને શ્રુતિતાત એવા શ્રીપાદ પ્રભુ એના મનની ઈચ્છા પારખી ગયા. પ્રભુએ પૂછ્યું, ''કેમ રે ધોબી! તારા મનમાં શું ચાલી રહ્યું છે?'' ધોબીએ બધી પેટ છૂટી વાત કરી. ગુરુજીએ કહ્યું, ''જા તારી મનોવાંછના પૂરી કરીશ આવતાં જન્મમાં તું (હાલનું BIDAR) વૈદૂર્યનગર (બેદરપૂર) માં યવન રાજા થઈને રાજસુખ ભોગવીશ અને બધી તારી વાસનાઓ પૂર્ણ થશે તથા જીવનનાં અંતભાગમાં તને મારૂ દર્શન થશે.''

આજ ધોબી બીજા જન્મે યવનરાજા થયો અને શ્રીપાદ પ્રભુના અવતાર એવા નૃસિંહસરસ્વતી સ્વામીએ યવનરાજાને દર્શન આપ્યાં અને





તેની પીડ પણ ટાળી. ધોબીની વાસના પૂર્ણ કરી, રાજા બનાવ્યો અને અંતે તારી દીધો.

## ૨૧. પેટ પીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર

આ પંક્તિમાં બે લીલાઓ છે.

*(લીલા - ૮ - અ. ૬૮ પાન નં. ૪૩-૪૮ - કર્મકાંડ )*

(૧) ગુરુવર શ્રીપાદશ્રીવલ્લભે પોતાની લીલા સંકેલીને કરંજનગરમાં શ્રીનૃસિંહસરસ્વતી નામે બીજો અવતાર લીધો. હવે તેમણે કરેલી લીલાનો પ્રારંભ થાય છે. એકવાર ગંગા (ગૌતમી ગંગા = ગોદાવરી) કિનારે વાસર બ્રહ્મેશ્વર નામના પવિત્ર ક્ષેત્રમાં મહાસુદ દશમના રોજ શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી સ્નાન માટે આવ્યા. ત્યાં નદી કિનારે પેટની કારમી પીડાથી મરવા જેવો થયેલ એક ખાનદાન કુળના એક બ્રાહ્મણને લાચાર સ્થિતિમાં જોયો. તેનાથી દુઃખ સહન ન થતું હોવાથી તે ધૂળમાં આળોટતો હતો. પીડા એવી અસહ્ય હતી કે તેણે કંટાળીને પ્રાણત્યાગ કરવાનો નિશ્ચય કર્યો અને ગળામાં મજબૂત શિલા બાંધીને ગૌતમીના જળમાં ડૂબી મરવા માટે દોડ્યો.

ઈશ્વરને યાદ કરીને તે બોલ્યો કે, ''અરેરે! ગયા જન્મે કે આ જન્મે મેં ક્યારેય પણ અન્નદાન નહિ કર્યું હોય એટલે જ જન્મથી આ દુઃખ સહન કરૂં છું. મેં કોઈનો વિશ્વાસઘાત કર્યો હશે કે સાધુસંત ગુરુજનની નિંદા કરી હશે અથવા આંગણે આવેલા અતિથિને ધિક્કાર્યા હશે. વળી કોઈ પતિ-પત્નીને લડાવી માર્યા હશે કે માબાપની સારસંભાળ નહી લીધી હોય. એ કારણે મને ચોક્કસ આ ભયંકર રોગ થયો છે. આવું બોલતાં બોલતાં તે નદી તરફ દોડતો ડૂબવા જતો જોઈને કિનારે બેઠેલા શ્રીગુરુએ શિષ્યોને કહ્યું કે, હે શિષ્યો! તમે, જલ્દી દોડો અને ત્યાં જઈને પેલા મનુષ્યને તરત જ રોકો.

શિષ્યો દોડ્યા ને તેને રોકીને હાથ પકડીને શ્રીગુરુજી પાસે લઈ આવ્યા. શ્રીગુરુજીએ આપઘાત કરવાનું કારણ પૂછ્યું. તેઓશ્રીએ કહ્યુ કે,

''હે બ્રાહ્મણ ! તું જાણી જોઈને કેમ શરીરનો અંત લાવી રહ્યો છે ? શાસ્ત્રોએ અને સંતોએ આત્મહત્યાને દોષવાળી કહી છે.''

બ્રાહ્મણ બોલ્યો કે ''યતિવર! પંદર દિવસે કે મહિને એક વાર હું અન્ન લઉં તો પણ જમતાંવેત જ પેટમાં અસહ્ય વેદના થાય છે. અન્નથી દેહ પોષાય છે. અને તે જ દુશ્મન બની બેઠું છે. આ અસહ્ય ત્રાસ સહન ન થવાથી મારે મારો પ્રાણ ત્યાગ કરવો છે. મને સુખેથી પાણીમાં ડૂબી મરવા દો.''

શ્રીગુરુએ કૃપા કરીને કહ્યું, ''જા! તારો રોગ મૂળમાંથી જ ચાલ્યો જશે અને તું રોગમુક્ત થઈશ.''

શ્રીગુરુના વચન સાંભળીને શાંત થયેલા બ્રાહ્મણે વંદન કર્યા. એજ વખતે એ ગામનો સુજ્ઞ બ્રાહ્મણ ત્યાં ગંગાસ્નાન માટે આવ્યો. સદ્‌ગુરુને જોતાં તેણે દંડવત્ પ્રણામ કર્યા. શ્રીગુરુએ પૂછ્યું, ''હે વિપ્ર તું ક્યાં રહે છે અને તારું નામ શું છે? તે મને કહે. મારે પૂછવાનું ખાસ કારણ છે.'' તે બ્રાહ્મણે જવાબ આપ્યો કે ''હે ગુરુવર! મારું નામ સાયંદેવ છે, કાંચીપૂરીમાં રહું છું. (હાલનું કડગંજી પોસ્ટ. તા. આળંદ, જી. ગુલબર્ગા, કર્ણાટક પીન કોડ : ૫૮૫૩૧૧. ફોન : ૦૮૪૭૭ - ૨૨૬૧૦૩. દત્તાત્રેય દેવસ્થાન, શ્રી સાયંદેવ દત્ત ટ્રસ્ટ, કડગંજી.) હે ગુરુવર માનવી કેટલાયે જન્મો સુધી તપ કર્યાં હોય ત્યારે જે ચરણકમળનાં સ્વપ્નમાં દર્શન થાય છે તે ચરણનાં મને આજે અનાયાસે દર્શન થયા છે. ગંગાજી પાપ હરે છે, ચંદ્રમા તાપ હરે છે અને કલ્પતરુ દૈન્ય હરે છે, પરંતુ આપના દર્શનથી તો મારા પાપ, તાપને દૈન્ય નષ્ટ થયા છે. આપનો જય હો ગુરુદેવ!'' આમ બોલીને વંદન કર્યા અને શ્રીગુરુના ચરણકમળ પકડ્યાં એટલે ગુરુજીએ તેને કહ્યું, ''તું ધ્યાનથી સાંભળ. પેટના શૂળથી દુઃખી રહેતા એવા આ બ્રાહ્મણનો રોગ દૂર કરવા માટે એને તારા ઘેર લઈ જા અને મિષ્ટાન્ન જમાડ. એનાથી એનો રોગ જતો રહેશે.''





સાયંદેવે કહ્યું, ''આપની આજ્ઞાથી હું તેને જરૂરથી જમાડીશ. મારી વિનંતી છે કે આપ પણ શિષ્યો સાથે મારા ઘેર ભિક્ષા માટે પધારો.''

શ્રીગુરુજીએ સંમતિસૂચક 'ૐ'નો ઉચ્ચાર કર્યો. સાયંદેવે સૌને ખૂબ જ ભાવથી આવકાર્યા. ગુરુજીનું પૂજન કર્યું, મંત્ર સહિત પુષ્પાંજલિ કરી પછી સ્તોત્ર દ્વારા વંદન કર્યાં. પતિ અને પત્નીએ બંનેએ શ્રીગુરુજીની અર્ચા કરી, હૈયામાં અનહદ આનંદ ઉભરાતો હતો. આ રીતે સાયંદેવે શ્રીગુરુનું પુજન કર્યું. ગુરુજીને ખૂબ સંતોષ થયો. બ્રાહ્મણને શ્રેષ્ઠ વરદાન આપતા કહ્યું કે, ''તારા વંશમાં સંતતિની વૃદ્ધિ થશે અને એમનામાં મારી ભક્તિ પણ રહેશે. તારા કુળમાં અખંડપણે ગુરુભક્તિ રહેશે. **તું ગુરુનો મહિમા સમજી ગયો છે એટલે આ સંસારનું બખડજંતર તને હેરાન પરેશાન નહિ કરે.''**

સાયંદેવે ત્યારબાદ સૌને ભાવપૂર્વક જમાડ્યા. પેલા બ્રાહ્મણે પેટ ભરીને મિષ્ટાન્ન ખાધું. એની પીડાનું શમન થયું, અને રોગનું નામ નિશાન ન રહ્યું.

*કહું નિરંજન શું તને? શ્રીગુરુ કૃપા અગમ્ય*
*વ્યાધિમાત્રની શી કથા? નાસે દોષ અદમ્ય.*

ભક્તિભાવથી નમ્ર બનીને જે કોઈ આ કથાનો પાઠ કરે કે શ્રવણ કરે છે તેનાં ઘરમાં રોગની ભીતિ રહેતી નથી અને દુશ્મન પણ દોસ્ત થઈ જાય છે. હે નિરંજન! એને અખંડ સુખની પ્રાપ્તિ થશે. રાય હોય કે રંક પરંતુ સદ્‌ગુરુ વિના કોઈ બીજો તારનાર નથી. મહારાષ્ટ્રમાં આ કથા શ્રી ગુરુચરિત્રમાં ૧૪ મા અધ્યાયમાં આવી છે. ઓફીસમાં ઉપરી અધિકારીની હેરાનગતિ નિવારવા લોકો આ અધ્યાયનો પાઠ કરે છે.

**૨૧(૨) બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર;**

*(લીલા - ૯ - અ. ૬૫ પાન નં. ૩૪-૩૫ - કર્મકાંડ )*

(૨) કુરવપુરમાં શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ પોતાના સ્થૂળ દેહની લીલા સંકેલી લીધા પછી અદશ્યરૂપે કરેલી આ લીલા છે.

*"કારણકે જનદૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર*
*તોએ સર્વાંતરવિષે રહે નિત્ય એ ધીર." (૧૨૨/૧૨૨)*

સદેહે ન હોવા છતાં અવતારી પુરુષો ભક્તના કામ તો કરતા જ હોય છે એના પુરાવારૂપ આ લીલા છે.

કશ્યપ ગોત્રમાં જન્મેલા વલ્લભેશ નામનો બ્રાહ્મણ વેપાર કરતો હતો. એક વખત વેપાર શરુ કરતા પહેલાં તેણે મનોમન સંકલ્પ કર્યો કે જો મને આ વેપારમાં મને ઘણો લાભ થશે તો હું કુરવપુર દર્શને જઈ ત્યાં ચાર હજાર બ્રાહ્મણોને જમાડીશ. ગુરુજીની કૃપાથી વેપારમાં તેને સંકલ્પ મુજબ અઢળક ધન મળ્યું. સંકલ્પ પુરો કરવા તે પૂરતા પૈસા લઈને નીકળ્યો. આ વાત જાણીને કેટલાક ચોરો તેની સાથે થઈ ગયા. અને તેઓ પણ કુરવપુર દર્શને જાય છે, એવો ડોળ કરીને તેમણે વલ્લભેશનો વિશ્વાસ સંપાદન કર્યો.

બેત્રણ દિવસ સાથે મુસાફરી કરતા હતા ત્યાં નિર્જન વનનો ભયાનક રસ્તો આવ્યો. લાગ જોઈને ચોરો એ તલવારથી વલ્લભેશનું માથું કાપી નાંખ્યું. અને બધું ધન લઈ લીધું. પરંતુ મરતાં મરતાં વલ્લભેશે ભક્તવત્સલ શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુનું સ્મરણ કર્યું. સ્મરણ થતાં જ ત્યાં ભસ્મ વિભૂષિત એક જટાધારી ત્યાં આવીને ઊભો રહ્યો. હાથમાં ત્રિશૂલ અને નાની તલવાર હતી. ત્રિશૂલની તીક્ષ્ણ ધારથી ચોરોનો વધ કરી નાંખ્યો. પરંતુ એમાનો એક જણ શરણે આવીને કરગરવા લાગ્યો કે, "હે જગન્નાથ! હું આપના પગમાં પડું છું. હું ગરીબ માણસ છું. મારામાં ચોરીની વૃત્તિ જ ન હતી. આ ચોરોનો સંગ કર્યો એજ મારો દોષ છે. હે દેવ! તમે સર્વ સાક્ષી હોવાથી તમે ઘટઘટનું બધું જાણો છો. મને માફ કરો, મને મારશો નહિ. આ સંગદોષને માફ કરીને આપની શરણે આવેલા એવા મને આપ જીવતદાન આપો."

ચોરના એ વચન સાંભળી પ્રભુએ કહ્યું: "હું કહું તેમ કર. આ ભસ્મ લે અને પેલા બ્રાહ્મણ ઉપર નાંખ, ચાલ હવે વાર ના કરીશ. આ માથાને ભસ્મ દ્વારા સાંધ." ચોર ઉઠ્યો અને વંદન કરી ધડને ભસ્માંકિત કર્યું અને એની સાથે માથાને જોડ્યું. એટલે શ્રીપાદ પ્રભુએ નેત્ર સ્થિર કરીને અમૃત





દૃષ્ટિ ફેંકી એની સાથે જ તે બ્રાહ્મણ સફાળો જાગ્યો. ગુરુવર ત્યાંથી તરત જ અદૃશ્ય થઈ ગયા અને ચોર બાઘાની માફક જોઈ રહ્યો. મરેલા ચોરોને જોતાં બ્રાહ્મણે પેલા ચોરને પૂછ્યું કે આમને કોણે માર્યા? પેલાએ બધી વાત કરી. મારે માટે પ્રભુ આવ્યા ને, મને બેઠો કર્યો. પરંતુ તેમનાં દર્શન મને થયાં નહિ. બ્રાહ્મણને તેનો રંજ થયો. પછી એ બ્રાહ્મણે ખુબ ધામધૂમથી પાદુકા પૂજન કર્યું, ચાર હજાર બ્રાહ્મણોને મનભાવતું ભોજન આપીને શ્રદ્ધાપૂર્વક પૂજન કરીને તે નિમિત્તે ત્રણ દિવસનો ઉત્સવ કર્યો.

## ૨૨. કરે કેમ ના મારી વ્હાર? જો આણીગમ એક જ વાર!!

ભગવાનના દર્શન ભાટે આકુળ વ્યાકુળ થયેલા ભક્ત ભગવાનની લીલાનું વર્ણન કરતો જાય છે અને પાછો પોતાની આર્તપ્રાર્થના કરતો જાય છે. અને એ દ્વારા ભગવાનને રીઝવતો જાય છે.

"હે દત્ત ભગવાન! તેં બધાને મદદ કરી છે તો મને કેમ મદદ નથી કરતો? તું મારી સામે એકવાર તો જો! મારી વ્હાર કર. મને શ્રદ્ધા છે કે આપની એક માત્ર સુધાદૃષ્ટિથી જ આ જીવના ત્રિતાપ દૂર થશે, કલ્યાણ થશે, એક વાર તો મારી તરફ કૃપાદૃષ્ટિ કરો!"

## ૨૩. શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર થયો કેમ ઉદાસીન અત્ર?

*(લીલા - ૧૦ - અ. ૯૪ - પાન નં. ૧૫૩-૧૫૭ - કર્મકાંડ)*

શ્રી નૃસિંહ સ્વામીએ કરેલો આ લીલા પ્રસંગ છે. જ્યારે શ્રીનૃસિંહ સ્વામી ગાણગાપુરમાં હતા ત્યારે યજુર્વેદી અને ભાર્ગવ ગોત્રી નરહરિ નામનો એક બ્રાહ્મણ આવ્યો. એના શરીરે કોઢ નીકળ્યો હતો. લોકોના તિરસ્કારથી દુ:ખી થયેલો નરહરિ શ્રી નૃસિંહ સ્વામીના શરણે આવ્યો. વંદનભક્તિથી શ્રીગુરુને હાથ જોડીને સ્તવન કરી વિનંતી કરી કે "હે ભક્તવત્સલ ગુરો! હું આપને શરણે આવ્યો છું. હે પરમજ્યોતિ! મને તાર.

મારું દુ:ખ દૂર કર. અસંખ્ય પાપો મારાથી થયાં હશે. તેથી મને આ કોઢ નીકળ્યો છે. શ્રેષ્ઠ બ્રાહ્મણો મને કોઢિયો કહીને બોલાવે છે. હું યજુર્વેદની આપસ્તંબ આખીય શાખા ભણ્યો છું. તો પણ બ્રાહ્મણો મને કોઢિયો ગણીને ધિક્કારે છે. આમાં હું કોનો વાંક કાઢું? હે પ્રભુ મારા તરફ કૃપાદૃષ્ટિ કરો.''

''મેં ભક્તિપૂર્વક વિવિધપ્રકારનાં વ્રત તથા તીર્થયાત્રા કર્યા છે અને બધા દેવોને પૂજ્યા છે. તો પણ મારો રોગ મટ્યો નથી. હે ગુરુદેવ! હું એવો નિશ્ચય કરીને આવ્યો છું કે જો હવે તમે કરુણા નહીં કરો તો તમારા ચરણોમાં પ્રાણ ત્યાગ કરીશ. હે હરિ, મારા પર દયા કરો. મેં તારાં ચરણોમાં મારી જાત સમર્પી દીધી છે.''

બ્રાહ્મણના દયા ઉપજે એવાં વચનો સાંભળીને દીનદયાળ બોલ્યા કે, ''તેં ગયા જન્મે જે મહાપાપ કર્યું છે તેનું જ આ પરિણામ છે. એ પાપને લીધે જ તને આ ભયંકર કોઢ નીકળ્યો છે. તેમ છતાં તું એની ચિંતા કરીશ નહીં. એ કોઢ દૂર થઈ જશે. હું તને દોષનું નિવારણ કરે એવો એક ઉપાય કહું છું. એનાથી તું દોષરહિત શુદ્ધ થઈશ અને તારું શરીર પણ દિવ્ય થઈ જશે.'' એજ સમયે એક માણસ ઔદુંબરનું ચાર વરસ જૂનું લાકડું બાળવા માટે લઈ જતો હતો. એ જોઈને શ્રીગુરુ બોલ્યા કે, ''હે બ્રાહ્મણ! તું પેલું લાકડું લઈ આવ અને તું સંગમ ઉપર જા અને ભીમા નદીના કિનારે પૂર્વ દિશામાં કોઈપણ પ્રકારની શંકા લાવ્યા વગર ઝાડની જેમ રોપ. પછી સ્નાન કરીને સંગમના ઈશ એવા અશ્વત્થની વિધિવત્ પૂજા કર અને સંગમમાં તરત જ સ્નાન કર. મારા કહેવા પ્રમાણે તું દૃઢ શ્રદ્ધા અને પ્રેમથી એ સૂકાં લાકડા ઉપર જળથી ભરેલા બે કળશ સવાર, બપોર અને સાંજ એમ ત્રણવાર પાણી પીવડાવજે. જે દિવસે એ લાકડાને પાંદડા ફૂટશે તે દિવસે તું નિરોગી થઈ જઈશ, અને તારું શરીર પણ સુંદર થઈ જશે.''

શ્રીગુરુની એવી આજ્ઞા સાંભળીને એ બ્રાહ્મણ તરત દૃઢ વિશ્વાસપૂર્વક પેલા માણસ પાસે જઈ શ્રીગુરુજીની આજ્ઞા કહી સંભળાવી અને તે લાકડું





આપવા વિનંતી કરી. પેલા માણસે લાકડું આપ્યું, અને શ્રીગુરુજીને પ્રણામ કર્યા.

ગુરુ આજ્ઞા પ્રમાણે બ્રાહ્મણે માથા પર લાકડું મૂક્યું અને તે ભીમા નદીનાં તટ પર ગયો તેણે પ્રેમપૂર્વક સંગમેશની પૂર્વમાં લાકડું રોપ્યું.

શ્રીગુરુજીએ કહ્યું હતું તેવું જ તે બ્રાહ્મણે દૃઢ વિશ્વાસથી અને એકનિષ્ઠ ભક્તિથી કર્યું. સાત દિવસ પ્રેમથી ઉપવાસ કરીને એ જળથી બે ઘડા ભરીને શ્રદ્ધાપૂર્વક લાકડા ઉપર સિંચન કરતો હતો.

બ્રાહ્મણ નરહરિનું આવું કૃત્ય જોઈને જેમ દરેક જગ્યાએ દોઢડાહ્યા ભક્તોનો તોટો હોતો નથી, તેમ અહીં પણ તેવા ભક્તો બ્રાહ્મણને કહેવા લાગ્યા કે ''ભલા માણસ! ગુરુજીને સારૂં કરવું હોત તો તરત જ કરી દેતને! પરંતુ તારું નશીબ ખરાબ છે અને તારા પાપમાંથી છુટાય એવું છે જ નહિ, તેથી તને આ સૂકું લાકડું આપ્યું છે. શ્રીગુરુનું કહેવું સાચું માનીને તું શું કામ નાહકનું દુ:ખ વેઠે છે?'' એવા દોઢડાહ્યા ભક્તોના વચન સાંભળીને બ્રાહ્મણે પ્રણામ કરીને કહ્યું કે, ''ગુરુનુ વચન તો કામધેનું છે. મારા હૃદયમાં અખૂટ શ્રદ્ધાને ધીરજ છે. મને વિશ્વાસ છે કે ''આ કાષ્ઠનું વૃક્ષ થશે જ.'' આવા દોઢ ડાહ્યા ભક્તોએ શ્રી ગુરુને પણ આ વાત કરી અને બ્રાહ્મણ મૂર્ખ છે તેમ જણાવ્યું. શ્રી ગુરુએ કહ્યું, ''જેવી જેની શ્રદ્ધા!''

દયાના સાગર એવા શ્રીગુરુ એક દિવસ સંગમ પર ગયા. એ કુષ્ઠીને તેમની આજ્ઞા પ્રમાણે કરતો જોઈને શ્રીગુરુ પ્રસન્ન થયા. દયાના સાગરે કમંડળમાંથી જળ લઈને લાકડા ઉપર છાંટ્યું, અને તત્ક્ષણ એ સૂકા લાકડામાં અંકુરો ફૂટ્યા. તે અંકુરો પર અસંખ્ય પાંદડા ફૂટ્યા, જે બધાએ જોયાં. સુકું લાકડું ઔદુંબરનું વૃક્ષ થઈ ગયું અને આજે પણ તે વૃક્ષ છે અને આજે પણ બધા ભક્તો ખૂબ જ ભક્તિથી તેને પૂજે છે અને તેની પ્રદક્ષિણા કરે છે, ત્યાં ભક્તો ગુરુચરિત્રનાં પારાયણ કરે છે ને પોતાનું ઈચ્છિત ફળ મેળવે છે.

*"સદગુરુ આશિર્વાદ જે વૃથા કેમ તે થાય?*
*નિષ્ઠા જેવી અંતરે ફળ તેવું જ પમાય"*

એ નરહરિ બ્રાહ્મણ તરત જ કોઢ વિનાનો અને સુંદર શરીરવાળો થઈ ગયો. તરત જ એણે શ્રી ગુરુજીના ચરણમાં પ્રેમથી સાષ્ટાંગ પ્રણામ કર્યા. હરખનાં આંસુથી ઊભરાતી આંખે પ્રણામ કરીને એ પ્રેમપૂર્વક બોલ્યો, "હે દયાના સાગર! હે દેવા, હે નૃસિંહ યતિરાય! હું આપને વંદન કરું છું. બ્રાહ્મણ નરહરિ શ્રીસ્વામીનો શ્રેષ્ઠ ભક્ત બની રહ્યો! ભક્ત ભગવાનની લીલા ને યાદ કરીને આર્તતાથી પ્રાર્થે છે કે હે ભક્ત વત્સલ! આવી અશક્ય વાતને શક્ય બનાવનાર હે પ્રભુ! મારા પ્રત્યે કેમ ઉદાસીન બન્યા છો? મારી મુશ્કેલીને કેમ ધ્યાનમાં લેતા નથી? મારી મદદે આવવામાં કેમ રસ દાખવતા નથી? હે પ્રભુ દયા કરો!

## ૨૪. જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યા સફળ તેં સુતનાં કુત્સ્ન

*(લીલા - ૧૧ - અ.૯૩ - પાન નં. ૧૪૮-૧૫૨ - કર્મકાંડ)*

શ્રીનૃસિંહ સરસ્વતી જ્યારે ગાણગાપુરમાં હતા ત્યારે થયેલી આ લીલા છે. આપસ્તંબ શાખાનો શૌનક ગોત્રનો સોમનાથ નામે એક બ્રાહ્મણ હતો. ગંગા નામે એની પતિવ્રતા પત્ની હતી. ગંગાને સાઠ વરસ થવા છતાં સંતાન થયું ન હતું, તેથી તે ગામમાં વંધ્યા તરીકે જાણીતી હતી. પતિ સેવામાં રચી પચી રહેનારી, ભોળી અને ભાવિક તે સ્ત્રી શ્રદ્ધાપૂર્વક શ્રી ગુરુના નિત્ય નિયમિત દર્શન કરતી હતી. ધૂપ, દીપ વગેરે યથોપચારથી શ્રીગુરુની પૂજા કરીને પ્રેમથી આરતી કરતી હતી. એક દિવસ એની ઉપર પ્રસન્ન થઈને શ્રીગુરુએ પૂછ્યુ કે, "હે બ્રાહ્મણ સ્ત્રી! તું અહીં રોજ કેમ આવે છે? અને રોજ રોજ પૂજા આરતી કરીને શા માટે કષ્ટ ઉઠાવે છે? તારા મનમાં શી ઈચ્છા છે તે કહે. શ્રીગુરુ મહારાજની કૃપાથી ઈશ્વર તારી ઈચ્છા પૂરી કરશે." શ્રીગુરુનું એવું વચન સાંભળીને પગે લાગીને એ બોલી કે,





"હે ગુરુરાય!! 'પુત્ર ન હોય તેની સદ્‌ગતિ થતી નથી.' એવું શાસ્ત્રો કહે છે. વંધ્યા સ્ત્રીનું મોં જોવું નહિ, એવું લોકો કહે છે. "હું મહાદોષોથી ભરેલી પાપી સ્ત્રી છું." આવું કહીને લોકો મારી ટીકા કરે છે. હે ગુરુજી! મારાં સાઠ વરસ પાણીમાં ગયાં. હવે મારે જીવવું નથી. હે તાત! હવે પછીનો જન્મ મંગલમય થાય તથા પુત્રવતી થાઉં એવું વરદાન આપો."

એના એવા વચન સાંભળીને શ્રીગુરુ ત્યારે હસ્યા અને કહ્યું કે "ભાવિની કોને ખબર છે? અને હવે પછીના જન્મમાં યાદ પણ શી રીતે રહે? તું અહીં આવીને હંમેશા ભક્તિભાવથી આરતી કરતી હતી, એનાથી હું પ્રસન્ન થયો છું. જા, તને પુત્રી અને પુત્ર એમ બંને થશે, એ પણ આ જન્મેજ થશે. એમાં તું શંકા લાવીશ નહિ." સતીએ તરત જ વંદન કર્યા અને સાડીના પાલવે ગાંઠ વાળી અને બે હાથ જોડીને કહેવા લાગી કે, "હે દયાના સાગર! હું તારા બોલને વધાવી લઉં છું. પરંતુ મને સાઠ વરસ થઈ ગયાં છે. મારો માસીક ધર્મ પૂરો થયો છે, તો પછી હે પ્રભુ! મને પુત્ર કેવી રીતે થશે? મારો ભાવ પવિત્ર છે. મેં પુત્ર પ્રાપ્તિ માટે વિવિધ પ્રકારનાં વ્રતો કર્યાં અને અનેક તીર્થો સેવ્યાં. પ્રેમથી પીપળાનું પૂજન પણ કર્યું. પરંતુ એ બધુ નિષ્ફળ ગયું."

શ્રી ગુરુરાય હસીને બોલ્યા કે અશ્વત્થની સેવા કદી નકામી જતી નથી. એ ખરેખર પુણ્યપ્રદ છે. મારી સાથે અશ્વત્થને પણ ભજ. હું જ્યાં વસુ છું તે અશ્વત્થ પ્રત્યક્ષ નારાયણ છે. અશ્વત્થ ના મૂળમાં બ્રહ્માજીનો વાસ છે. મધ્યમાં વિષ્ણુનો અને ઉપરના ભાગે શંકરનો વાસ છે. અશ્વત્થ ૐકાર સ્વરૂપ છે. આમ ગુરુજીએ તેને અશ્વત્થનું માહાત્મ્ય સમજાવ્યું અને તેની પૂજા તથા પ્રદક્ષિણા કરવા જણાવ્યું. અશ્વત્થની પૂજાથી એને દિવ્ય સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં બ્રાહ્મણે કહ્યું કે તું ગુરુ પાસે જા અને જે પ્રસાદ આપે તે ખાજે. જેથી તારી ઈચ્છા પૂર્ણ થશે. જાગ્યા પછી ગંગા ગુરુદર્શને ગઈ. ગુરુજીએ બે ફળ આપ્યાં તે ખાધા. ગુરુકૃપાથી રજસ્વલા ધર્મવાળી થઈ.

જેના માથે સફેદ વાળ આવી ગયા હતા અને જે વંધ્યા હતી તે ગંગાને કન્યા અને પુત્ર એમ બે સંતાન થયાં. શ્રીગુરુની કૃપા થતાં કયું કાર્ય અશક્ય બને? માટે નિષ્ઠાથી નિષ્કપટ ભાવે શ્રીગુરુને ભજવા જોઈએ.

## ૨૫. કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ

*(લીલા - ૧૨ - અ. ૯૯ - પાન નં. ૧૭૪-૧૭૭ - કર્મકાંડ)*

શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામી ગાણગાપુરમાં સંગમ ઉપર રહ્યા હતા તે સમયે નંદિ નામે એક બ્રાહ્મણ કે જેના આખા શરીરે કોઢ વ્યાપી ગયો હતો. તે તુળજાપુરમાં આવીને ધીરજપૂર્વક દેવીની આરાધના કરતો હતો. એ માતાનો ભક્ત હતો. તેણે તુળજાપુરમાં ત્રણવર્ષ સુધી માતાની પૂજા કરી ઉપવાસ કરી અનન્ય ભાવથી દેવીની આરાધના-પૂજા કરી. તેથી દેવીએ તેને સ્વપ્નમાં કહ્યું કે, ''હે બ્રાહ્મણ! જ્યાં મા પરમેશ્વરી ચંદલા બિરાજે છે ત્યાં તું જા.'' મા જગદંબાની આજ્ઞાથી એ બ્રાહ્મણ ચંદલા માતાના સ્થાનમાં ગયો. એની બુદ્ધિ ક્ષીણ થઈ ગઈ હતી. અહીં પણ ઉપવાસ કરીને એણે સાત માસ સુધી દુઃખ વેઠીને પુરશ્ચરણ કર્યું. ચંદલા દેવીએ એને સ્વપ્નમાં કહ્યું કે ''તું મારી આજ્ઞા માનીને ગાણગાપુર જા. ત્યાં તારું કામ થઈ જશે. ત્યાં ત્રિમુર્તિ સ્વરૂપ શ્રીનૃસિંહ સરસ્વતી સંન્યાસીના વેષે વસે છે. એ તારો જરૂર ઉદ્ધાર કરશે.''

સ્વપ્નમાંથી જાગીને બ્રાહ્મણ બોલ્યો કે, ''આમ જ હતું તો માતાજી તમે મને પહેલેથી કેમ ન કહ્યું? કેટલા બધા મહિનાઓ સુધી મને નાહકનો દુઃખી કર્યો ? હું મા જગદંબાની આજ્ઞાથી તમારી પાસે આવ્યો હતો. તમને શક્તિશાળી જાણીને હું દીનભાવે તમારી પાસે શ્રદ્ધાપૂર્વક આવ્યો હતો. હવે મેં તમારું દેવપણું જાણી લીધું. તમે દેવ થઈને મને મનુષ્ય પાસે મોકલો છો? અરેરે! સાચે પ્રારબ્ધ જ બળવાન છે. જો તમે જગતના માતા જ હો તો પછી મને મનુષ્ય પાસે મોકલતાં તમને ક્ષોભ કેમ થતો નથી ? આજે મેં તમારી દૈવી શક્તિ જાણી. સાત માસ મને દુઃખી કરીને હવે તમે શરણે





આવેલાને ત્યજી દેશો? હવે હું આગળ કરતાં પણ વધુ કષ્ટદાયી પુરશ્ચરણ ફરીથી કરીશ. તેમ છતાં જો મને આરોગ્યની પ્રાપ્તિ નહીં થાય તો હું મારા પ્રાણ ત્યજીશ.'' એણે અન્નજળનો ત્યાગ કર્યો. દેવીએ મંદિરના સેવકોને સ્વપ્નમાં કહ્યું કે આને કાનપકડીને બહાર કાઢો. ભક્તો એ સવારમાં સ્વપ્નની વાત કરી અને જતા રહેવા વીનંતી કરી. નંદિ સમજી ગયો, માને ભાવથી દર્શન કરીને નીકળી ગયો. તે ગાણગાપુરમાં આવ્યો અને આવીને ભક્તો પાસે શ્રીગુરુજીના દર્શન માટે પ્રાર્થના કરી. ભક્તો ગુરુ પાસે ગયા અને વાત કરી, કે કોઈ કોઢીલો બ્રાહ્મણ આપના દર્શન ઝંખે છે. ગુરુજીએ કહ્યું, ''તમે એને અહીં બોલાવો.'' શિષ્યો એને ગુરુજી પાસે લાવ્યા. નંદિ બ્રાહ્મણે પ્રેમ અને ભાવપૂર્વક ગુરુજીનાં ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ગુરુજી બોલ્યા, ''દેવીને છોડીને તું મનુષ્ય પાસે કેમ આવ્યો?'' ગુરુજી પોતાના હૃદયની વાત જાણી ગયા હોવાથી તે સાક્ષાત્ પરમાત્મા જ છે એવું વિચારી નંદિએ કહ્યું, ''હે સ્વામી! મને માફ કરો. હું મોહાંધ હતો. પરંતુ આજે તમારા દર્શનથી પવિત્ર થયો છું. આપ તો પરબ્રહ્મ જ છો, પરંતુ કપટી એવો હું મંદ બુદ્ધિને કારણે અને અજ્ઞાનને કારણે તમને ઓળખી શક્યો નહીં. આજનો દિવસ મારે માટે પરમ આનંદનો દિવસ છે. તમારા દર્શનથી હું મૂઢ પાવન થયો છું. હે દેવ! હવે મારી ઉપર કૃપા કરો. હું આપના શરણે આવ્યો છું.''

નંદિનો ભાવ જોઈને સ્વામીએ સોમનાથ નામના ભક્તને કહ્યું કે, ''આને સંગમે લઈ જઈ સ્નાન કરાવ અને પછી એની પાસે વિધિપૂર્વક અશ્વત્થની પૂજા કરાવ.'' સોમનાથે ગુરુજીના કહેવા પ્રમાણે સ્નાન કરાવ્યું, નવા વસ્ત્રો પહેરાવ્યા અને અશ્વત્થની વિધિપૂર્વક પૂજા કરાવતાંની સાથે જ બ્રાહ્મણનો કોઢ દૂર થયો.

નંદિને લઈને સોમનાથ શ્રીગુરુ પાસે આવ્યો. નંદિ બ્રાહ્મણ તો સંતોષ પામીને આનંદ ઉત્સાહમાં આવીને શ્રીગુરુના ચરણમાં આળોટવા લાવ્યો અને કહ્યું, ''હે પ્રભુ! હું ધન્ય થઈ ગયો.''

શ્રીગુરુએ પૂછ્યું કે, ''તારી ઈચ્છા ફળી કે નહીં તે કહે. તું તારું આખું શરીર તપાસ અને કહે, સંતોષ થયો કે નહીં?'' નંદિએ તપાસ કરતા એક ચાઠું રહી ગયેલું જોયું. તે જોતા તેણે શ્રીગુરુજીને પૂછ્યું, ''હે ભગવાન! ચાઠું રહી જવાનું કારણ હું જાણતો નથી, કૃપા કરી કારણ કહેશો?'' શ્રીગુરુ બોલ્યા, ''આ મનુષ્ય મારું શું કલ્યાણ કરશે ? એવો તને જે સંશય થયો હતો તે સંશયનું આ ફળ છે એમ માન. જો હું તને એનો ઉપાય કહું તે સાંભળ. નવાં કાવ્ય રચીને તું મારી સ્તુતિ કર. એનાથી અહીં તારી શુદ્ધિ થશે.'' નંદિ બોલ્યો, ''હે સ્વામી! હું કાવ્ય લખવાની પદ્ધતિ જાણતો નથી અને એની વ્યુત્પત્તિનું પણ જ્ઞાન નથી. હું કેવી રીતે લખું?'' શ્રીગુરુએ કહ્યું, ''ઉઘાડ તારું મોં'' જેવું મોં તેણે ખોલ્યું કે ગુરુજીએ એની જીભ પર ભભૂતિ નાંખી અને નાંખતાની સાથેજ તે બ્રાહ્મણ જ્ઞાની થઈ ગયો. શ્રીગુરુના ચરણમાં માથું મૂકીને એણે સ્તુતિ કરી. નંદિ બ્રાહ્મણના શરીર પરનું નાનું ચાઠું પણ દૂર થયું.

આમ નંદિ બ્રાહ્મણના કોઢ દૂર કરી એના બધા કોડ (મનગમતી ઈચ્છાઓ) પૂરા કર્યા.

## ૨૬. વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્રય તેં તતખેવ.

*(લીલા - ૧૩ - અ.૭૯ - પાન નં. ૭૪-૭૯ - કર્મકાંડ)*

ગાણગાપુરમાં ભીમા અમરજા નદીના સંગમ પાસેના ઔદુંબરે શ્રીગુરુ અપ્રગટરૂપે રહેતા ત્યારે ભિક્ષા માટે ગામમાં જતા હતા. એક દિવસ સ્વામીશ્રી વેદજ્ઞ બ્રાહ્મણને ઘેર ભિક્ષા માટે ગયા. તે બ્રાહ્મણ ખૂબ જ ગરીબ હતો. એની પત્ની સુશીલ અને પતિવ્રતા હતી. તે બ્રાહ્મણને ઘેર એક વંધ્યા ભેંસ હતી. કોઈ કારણવશ તે વિયાઈ નહોતી, કે દૂધ આપતી નહોતી. આ ઘરડી ભેંસના નાકમાં નાથ નાંખીને બ્રાહ્મણ એની પાસેથી ભાર ઊંચકાવવાનું કામ કરાવતો હતો. તે ભેંસને ગામના ખેડૂતો ભાડેથી લઈ જઈ કામ





કરાવતા. આ ભાડામાંથી મળતું ધન તથા ગામમાંથી માંગેલ સૂકી ભિક્ષા વડે તે બ્રાહ્મણ દંપતિનો જીવન નિર્વાહ થતો હતો.

શ્રીગુરુજીએ આ બ્રાહ્મણને ત્યાં જઈ 'ભિક્ષાં દેહી!' ની ટહેલ નાંખી. બ્રાહ્મણ પત્નીએ સ્વામીને આવકારતા કહ્યું કે, ''બાપજી, આપ પધારો! મારા પતિ ગામમાં ભિક્ષા માગવા માટે ગયા છે. તે આવે એટલે થોડી વારમાં જ આપને હું ભિક્ષા કરાવીશ.'' તે દિવસે કોઈ ભેંસને ભાડે લઈ નહોતું ગયું. સ્વામીએ કહ્યું, ''બહાર જે ભેંસ બાંધી છે તેને દોહી તેનું દૂધ ભિક્ષામાં આપને!'' સ્ત્રીએ કહ્યું, ''મહારાજ! આ ભેંસ તો વંધ્યા છે. દૂધ આપતી નથી. અમે એની પાસે પાડાના જેવું કામ લઈએ છીએ.''

આવું કહેવા છતાં ગુરુજીએ કહ્યું, ''તું જુઠું ના બોલ. મને ભિક્ષામાં દૂધ આપ.'' ગુરુના વચન સાંભળીને તે તેમનાં વચનમાં વિશ્વાસ રાખી ભેંસ દોહવા બેઠી તો ભેંસે દૂધ આપ્યું. તે એટલું બધું હતુ કે દુધના બે ઘડા ભરાયા. દૂધની ભિક્ષા ગ્રહણ કરીને સંતોષથી શ્રીયતિશ્રેષ્ઠ બોલ્યા, ''હે સતી! હું ખૂબ જ પ્રસન્ન થયો છું. જા તારા ઘરમાં અખંડપણે લક્ષ્મી રહેશે અને તમો હંમેશ માટે પુત્ર-પૌત્ર સાથે નિશ્ચિંત થઈને રહેશો.'' આ રીતે જો ભક્ત ઉપર શ્રીગુરુની કૃપા થાય તો પછી એ દુષ્ટ દૈન્ય કેવી રીતે ટકી શકે? શ્રી બાપજી કહે છે કે ''જો શ્રીગુરુ રાજી થાય તો આઠેય પ્રકારનાં ઐશ્વર્યો આવીને આંગણાંમાં ઊભા રહે છે. ''

***''જે કો શ્રીગુરુને ભજે, વરે સકલ સંપદ;***
***પાય પડે સિદ્ધિ સહું ન રહે નામ વિપદ.'' ૭૨.૮૧***

## ૨૭. ઝાલર ખાઈ રીઝયો એમ દીધો સુવર્ણઘટ સપ્રેમ;

*(લીલા - ૧૪ - અ.૭૨ - પાન નં. ૬૧-૬૩ - કર્મકાંડ)*

શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજ ભિલ્લવડીમાં ઔદુંબર નીચે થોડો સમય રહીને લોકાનુગ્રહ કાજે ફરતાં ફરતાં કૃષ્ણા અને પાંચ નદી -

શિવા, ભદ્રા, ભોગવતી અને સરસ્વતી જે પંચગંગા કહેવાય છે તેના સંગમ સ્થળે બાર વરસ રહ્યા. કૃષ્ણા, વેણી અને પંચગંગા નદીનો સંગમ પ્રયાગરાજ જેવો જ પુણ્યશાળી છે.

નરસોબાવાડી જે કૃષ્ણા નદીના એક કિનારે હતુ અને નદીને સામે કિનારે અમરાપુર આવેલું છે. અમરાપુર નામના તીર્થમાં અમરેશ્વર પ્રભુ બિરાજમાન હતા. અમરેશ્વર પાસેના પાવન એવા શક્તિતીર્થમાં ચોસઠ યોગિનીઓ વસતી હતી. નરસોબા વાડી રહીને શ્રીગુરુ અમરાપુર ગામમાં રોજ ભિક્ષા માટે જતા. ગામમાં એક ધાર્મિક અને સાત્ત્વિક બ્રાહ્મણ રહેતો હતો. ભાગ્યવશાત્ તે નિર્ધન હતો. એના આંગણામાં વાલોળશિંગની એક વેલ હતી, બ્રાહ્મણને જે દિવસે ભિક્ષા ન મળે તે દિવસે આ વાલોળની શિંગથી એ ગુજારો કરી લેતો હતો.

એક દિવસ શ્રીગુરુ તે બ્રાહ્મણને ત્યાં ભિક્ષા માટે આવ્યા. ભિક્ષામાં બીજું તો કાંઈ હતું નહિ, તેથી વાલોળની શિંગનું શાક મૂક્યું. ભિક્ષા લીધા પછી શ્રીગુરુ બોલ્યા કે, ''આજે મારા દેહને ખરેખર તૃપ્તિ થઈ છે. તારી ગરીબાઈ આજથી ગઈ સમજ.'' એમ કહીને તેમણે તરત જવા માંડ્યું. જતાં જતાં શ્રીગુરુદેવે આંગણમાં શિંગોની લુમથી શોભતી જે વેલ હતી તેનો જેમ પરમ સંત તુચ્છ તૃષ્ણાને ફેંકી દે તેમ આ શિંગોની વેલને પોતાના હાથે ઉખેડીને ફેંકી દીધી અને ઝડપથી સંગમસ્થાને આવેલા પોતાના આશ્રમે ગયા. આ જોઈને બ્રાહ્મણ પત્ની દુઃખી થઈ બોલી કે, ''અમારું તો નશીબ જ ફૂટેલું છે. અમે તો કોઈ દિવસ કોઈને કાંઈજ દુઃખ આપ્યું નથી. વળી આ સંન્યાસીને તો જરાય ત્રાસ આપ્યો નથી, છતાં એમને આ શું સૂઝ્યું કે અમારો મુખનો કોળિયો છીનવી લીધો?'' એનું કરુણ રુદન સાંભળીને એના સમજુ પતિએ કહ્યું કે,''જ્યાં આપણું નશીબ જ વાંકુ હોય, ત્યાં હે શાણી! તું ગુસ્સો કરીશ નહીં. આ આખું જગત ઈશ્વરની ઈચ્છાને આધીન છે. જે બનવાનું હોય તે બનીને જ રહે છે. અથવા એની ઈચ્છાથી જ બનતું





અટકી જાય છે. એ સર્જનહાર ઈશ્વર આ બધાથી અળગો રહીને ક્યાંય લેપાતો નથી. અનાસક્ત રહીને બધાને ખાવાનું આપે છે. આયુષ્ય અને અન્ન એ બે ઈશ્વર જ આપે છે. માટે હે ભામિની! મનમાં વિવેક રાખીને સંતોષ રાખ. તું એ સન્યાસીને શું કામ દોષ દે છે? ત્રિભુવનને તારનારા આ યતિવર આજે આપણા બારણે પધાર્યા, એટલે એમ માન કે આપણું બધું દૈન્ય હરી લીધું છે અને આપણાં જન્મોજન્મનાં કરેલાં કર્મ ફળ્યા છે. 'હું ને મારું' એ મોહ છે. યતીશ્વરની કૃપા થતાં એ મોહનો નાશ થાય એજ મારી ઈચ્છા છે.''

સ્ત્રીને આવી શિખામણ આપીને, એને શાંત કરીને બ્રાહ્મણે તરત જ વેલને મૂળમાંથી ઉખેડી ફેંકી દીધી અને ક્યારી સાફ કરવા અને બધું વ્યવસ્થિત કરવા એણે જ્યાં થોડુંક ખોદ્યું, તો શ્રીગુરુની કૃપાથી ત્યાં એક ઘડો જોયો. ઘડાને બહાર કાઢીને જોયું તો ઘડામાં સોનામહોરો હતી. સોનામહોરોથી ભરેલો ચરુ જોઈને એ બ્રાહ્મણને પરમ આનંદ થયો. અને એ ઝડપથી ઘરમાં ચરુ લઈ ગયો અને પત્નીને બતાવ્યો ને કહ્યું કે, ''હે પ્રિયે! યતીશ્વરનો આ પ્રસાદ તું જો. એણે છોડને ખેંચીને આપણું દૈન્ય હરી લીધું છે. ચાલ, આપણે એમના દર્શને જઈએ.''

સ્ત્રી સાથે જઈને ગુરુનાથની પૂજા કરી અને હાથ જોડીને ધનના લાભની વાત કરી. શ્રીગુરુ બોલ્યા, ''આ વાત તું કોઈને પણ કરીશ નહી. જો આ વાત જાહેર કરીશ તો ઘરમાં આ લક્ષ્મી નહી રહે અને તરત જ જતી રહેશે. મારા તને આશિર્વાદ છે કે તારો વંશ હંમેશા પુત્ર-પૌત્રાદિથી હર્યો ભર્યો રહેશે અને ધન ધાન્યવાળો થશે અને તું કાયમ સુખી રહીશ. જા મારું આ વરદાન નકામું નહિ જાય, પણ આ વાત ખાનગી રાખજે.'' શ્રીગુરુની રજા લઈને એ બ્રાહ્મણ સ્ત્રી સાથે સંતોષ પામીને ગયો. હે ભક્તો! જે કોઈ શ્રીગુરુને ભજે છે અને બધા પ્રકારની સંપત્તિ મળે છે, બધી સિદ્ધિ ચરણમાં આળોટે છે અને દુઃખનું તો નામ નિશાન રહેતું નથી. હાલમાં તેમના વંશજોની અટક કુલકર્ણી છે.

## ૨૮. બ્રાહ્મણ સ્ત્રીનો મૃત ભરથાર કીધો સજીવન તેં નિર્ધાર

*(લીલા - ૧૫ - અ.૮૪ - ૮૬ - પાન નં. ૧૦૧-૧૧૫ - કર્મકાંડ)*

શ્રીનૃસિંહ સરસ્વતી મહારાજ ગાણગાપુરમાં હતા ત્યારની આ લીલા છે. માહુરપુરમાં ગોપીનાથ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એના ઘરે સંતાન જન્મીને મૃત્યુ પામતાં હતા. દત્ત પ્રભુની આરાધનાથી એક પુત્ર જીવતો રહ્યો. તેનું નામ દત્ત પાડ્યું. બાર વર્ષની ઉંમરે એનાં સાવિત્રી નામની કન્યા સાથે લગ્ન થયાં. તે પતિ-પત્નીનો એક બીજા પ્રત્યેનો પ્રેમ જોઈને સગાવહાલાં તથા કુટુંબનાં સભ્યોને કામદેવ અને રતિનું સ્મરણ થતું હતું. પતિ-પત્ની વચ્ચે પણ પરસ્પર અનુપમ પ્રેમ હતો. બંને જણા સોળ વરસની સરખી ઉંમરનાં થયાં. એ બંને એક ક્ષણ પૂરતાં પણ છૂટાં પડતા નહિ, તે બંને એકબીજાનો વિરહ સહન કરી શકતાં નહી.

પ્રારબ્ધવશ બ્રાહ્મણનો દીકરો અચાનક રોગમાં સપડાયો. અનેક જાતના ઔષધો આપવા છતાં પણ એ સાજો થતો ન હતો. અન્ન પ્રત્યે અરુચિ થવાને કારણે અનાજનો એક કોળિયો પણ ખાઈ શકતો ન હતો. એ જોઈને પત્ની પણ ખાતી ન હતી. ધન્ય છે એ સતી સાવિત્રીને! પતિ જે ઔષધ લેતો તે ઔષધનું સેવન એ પણ કરતી અને એનું એંઠુ-વધેલું હોય તે ખાતી હતી.

ત્રણ વર્ષ સુધી પતિની સાથે સાવિત્રીએ પણ દુઃખ વેઠ્યું, છતાં એના પતિનો એ હઠીલો રોગ ખસતો ન હતો. ક્ષયના રોગને લીધે જેમ જેમ પતિનો દેહ ક્ષીણ થતો ગયો તેમ તેમ પતિપરાયણ સાવિત્રીનું શરીર પણ સુકાતું ચાલ્યું. ધન્ય છે એ સોળ વર્ષની કન્યાને! પતિનાં ચરણામૃતનું પ્રેમથી પાન કરીને એ પતિવ્રતા સ્ત્રી પતિની સેવા કરવામાં તથા પોતાના ચૂડી-ચાંદલાને અમર રાખવા માટે ભારે જહેમત ઉઠાવતી રહી. રોગને લીધે દત્તનું શરીર ગંધાઈ ઊઠતાં વૈદ્ય પણ પાસે જતા ન હતા, પણ સાવિત્રી તો એક ક્ષણ પણ પતિ પાસેથી ખસતી ન હતી. ધન્ય છે એ સતી સ્ત્રીને અને ધન્ય છે એ નશીબદાર પ્રેમાળ પતિને! સાવત્રી તેના પતિને પોતાના





પ્રાણથી પણ વધારે વહાલો માનતી હતી. તેને પોતાના સુખની સહેજે પડી ન હતી.

બંને કુટુંબો ધનવાન હતા. પુષ્કળ દ્રવ્ય ઔષધમાં, મંત્ર, તંત્ર, જપ, હોમમાં વાપરવા છતાં દત્તની તબીયતમાં સુધારો થયો નહીં. એક દિવસ વૈદ્યોએ કહી દીધું કે અમારો કોઈ પ્રયત્ન કામ કરે એમ નથી. હવે તો ભગવાન પર છોડી દો એ બચાવે તો બચશે. એકના એક પુત્રનાં એ માતાપિતા ખુબ જ દુઃખી હતાં. શું કરવું? સમજાતું નહોતું. આવા કપરા સંજોગોમાં દત્ત પ્રભુની આર્ત ભાવે પ્રાર્થના સિવાય બીજું શું થઈ શકે?

પુત્ર પણ માતા પિતાને આશ્વાસન આપતો હતો કે ''આ જન્મે જેટલું ઋણ હોય તેટલું સાથે રહીને ભોગવ્યું. એમાં ઓછું કે વધતું કોઈનું ચાલતું નથી. ઋણાનુંબંધ પૂરો થયા પછી અહીં કોઈ રહેતું નથી. હે માતા-પિતા! તમે કરેલા બધા ઉપકારોને હું કેવી રીતે ભૂલી શકું? એક ઘડી માટે પણ કરેલા સ્તનપાનનું જ્યાં ઋણ વાળી શકાતું નથી, તો પછી માતાના ઋણમાંથી દીકરો અહીં કેવી રીતે મુક્ત થઈ શકે? તમારી કુખે જન્મીને મેં તમને ઘણાં દુઃખી કર્યાં છે.''

માતાપિતાને આવી સાંત્વના આપ્યા પછી દત્ત પોતાની પત્ની ને પણ પ્રેમભર્યા શબ્દોથી કહેવા લાગ્યો કે, ''હે પ્રિયે! હવે મારું આયુષ્ય પૂરું થઈ ગયું છે. તેં મારે માટે જે મહેનત કરી તે બધી નિષ્ફળ જતી લાગે છે. સાચે જ મેં તને બહુ દુઃખી કરી છે. જો તું અહીં જ રહીશ તો મારા માતાપિતા તને દીકરાની જેમ જ પાળશે, અને અહીં રહેવાનું તને ન ગમે તો તું તારા પિતાને ઘેર જજે. મારા જેવો હતભાગી મનુષ્ય તારા અલૌકીક સૌંદર્યને લાયક નથી.'' પતિના આવા વચન સાંભળીને પત્ની પતિના પગમાં માથું મૂકીને ખૂબ દુઃખી થઈને કહેવા લાગી કે, ''હે પ્રાણનાથ! આ અજ્ઞાની અને મૂઢ એવી દાસીનો ત્યાગ કરશો નહી તેમજ આપના જેવાં પ્રેમાળ પતિને છોડીને જવાનું કહેશો નહિ. સ્ત્રીને પતિ સિવાય બીજી કોઈ ગતિ નથી. હે નાથ! આપ હશો ત્યાં જ હું પણ હોઈશ! પ્રારબ્ધે જ આપણને ભેગાં કર્યાં

છે.'' આ બન્નેની વાત સાંભળીને માતા-પિતા પૃથ્વી પર ઢળી પડ્યાં. ત્યારે સાસુ સસરાને ઉઠાડીને સાવિત્રીએ કહ્યું કે, ''હે બા! હે બાપુજી! તમે દુઃખી થશો નહીં. મને શ્રદ્ધા છે કે મારા સ્વામી જરૂર જીવશે. તમે મને રજા આપો તો હું મારા સ્વામીને લઈને ગાણગાપુર લઈ જઉં જ્યાં શ્રી દત્તાવતાર શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજ બિરાજે છે. તેમનાં દર્શને લઈ જાઉં. સ્વામી મહારાજ ખૂબ જ દયાળુ છે. તેમણે કેટલાય દુખીયાના દુઃખો દૂર કર્યા છે એમ મેં ઘણા લોકો પાસેથી સાંભળ્યું છે.'' પિતાએ સ્વામી મહારાજ પાસે લઈ જવાની અનુમતી આપતાં કહ્યું, ''હે સૌભાગ્યવતી સતી! તારા નશીબના જોરે મારો આ દિકરો લાંબો સમય જીવો.''

પછી પતિની સાથે એ પતિવ્રતા સાવિત્રી ધીમે ધીમે રસ્તો કાપતાં કાપતાં થોડા સમયમાં ભીમા નદીના કીનારે આવી. લાંબો રસ્તો કાપતાં રોગના ત્રિદોષ કોપ્યા અને ગામની નજીક જતાં રોગગ્રસ્ત દત્ત બેહોશ થઈ ગયો. દુઃખ સાથે તેને નીચે સુવડાવીને સાવિત્રીએ ગામના લોકોને પૂછ્યું કે, ''શ્રીગુરુ ક્યાં છે ?'' કોઈ કે કહ્યું, ''સ્નાન માટે સંગમે ગયા છે.''

બેભાન થયેલા પતિના પ્રાણ એકાએક ઊડી ગયા. સતીનાય હોંશકોશ ઉડી ગયા. તે રડતાં રડતાં આક્રંદ કરવા લાગી. ગામના લોકો સાવિત્રીને સાંત્વન આપવા લાગ્યા. આમ આ સતી સ્ત્રી અનેક રીતે દુઃખ વ્યક્ત કરતી હતી, ત્યાં જ અચાનક એક સિદ્ધયોગીશ્રેષ્ઠ આવી પહોંચ્યા. સતીને આશ્વાસન આપતાં કહ્યું કે, ''તું કેમ રડે છે? વિધિનાં લખ્યા લેખ ટળતા નથી. ભલે તું દિવસોના દિવસો રડ્યા કરીશ તો પણ શું ગયેલા પ્રાણ પાછા આવશે? નદીના પૂરમાં જેમ લાકડાના ટુકડા પ્રારબ્ધવશ એકઠા થાય છે, થોડો સમય સાથે વહે છે ને તેમનાં રસ્તામાં પાણીનું મોજું આવતાં તે છૂટા પડી જાય છે. મુશ્કેલીથી તરી શકાય એવો આ સંસાર-સાગર કેવી રીતે સરળતાથી તરી શકાય, એનો જ વિચાર કરવો જોઈએ.''





એ તપસ્વીનો ઉપદેશ સાંભળીને સાવિત્રીએ એ તપસ્વીના ચરણમાં માથું મુકીને કહ્યું, ''હે સ્વામી! તમે મારો ઉદ્ધાર કરો. તમે જ મારાં માતા-પિતા છો. હે દયાના ભંડાર! તમે જેમ કહેશો તેમ હું કરીશ. મારો ઉદ્ધાર કરો.''

જટાધારી તપસ્વીએ સાવિત્રીને સ્ત્રી ધર્મ સમજાવ્યો.

સૌભાગ્યવતી સ્ત્રી અને વિધવા સ્ત્રીના ધર્માચાર સમજાવતાં કહ્યું કે, ''પતિનું મૃત્યુ થતાં જે સતી સ્ત્રી એની સાથે સહગમન કરે તે ડગલે ને પગલે હજાર અશ્વમેઘ યજ્ઞનું ફળ પામે છે. જેના ઘરમાં પતિવ્રતા સ્ત્રી હોય એ ઘર અને વર બન્ને પુણ્યશાળી છે. સાત જન્મના પુણ્ય ફળે ત્યારે પતિવ્રતા સ્ત્રી મળે છે.''

તપસ્વીએ બંને ધર્મો સમજાવ્યા પછી કહ્યું કે, ''હે સતી! આ બન્ને ધર્મો મેં તને કહ્યા છે એમાંથી તને જે યોગ્ય લાગે તે તું સ્વીકાર અને તે પ્રમાણે કર. બધા દુઃખો ભૂલીને તું હૃદયથી મારી વાણી પર વિચાર કર. તારામાં ધીરજ હોય તો શ્રેષ્ઠ એવું સહગમન કર.'' સતીએ કહ્યું, ''અનંત પુણ્ય આપનારું સહગમન મને ગમે છે, એટલે સંતોષપૂર્વક હું પતિ સાથે અગ્નિ પ્રવેશ કરીશ.'' તપસ્વીએ કહ્યું, ''ભલે, તું જ્યારે આટલા દૂરથી ગુરુદર્શન માટે આવી જ છે તો પછી સંગમે જઈ ગુરુદર્શન કરીને પછી અગ્નિમાં પ્રવેશ કર.''

આવું કહીને એ તપસ્વીએ તરત જ શબના મસ્તક પર ભસ્મ ચોળી અને સતીને ચાર રુદ્રાક્ષ આપી બે પતિના કાને બાંધવા તથા બાકીના બે એના કંઠે બાંધી પછી તું અગ્નિ પ્રવેશ કરજે. બીજું કે તું ગુરુદર્શને જાય ત્યારે ત્યાં ભક્તો રુદ્રસુક્ત થી ગુરુપદ ઉપર અભિષેક કરતા હશે, તો એ અભિષેકનું તીર્થ લઈ તારા શરીર પર અને તારા પતીના શબ ઉપર આખા શરીરે ભક્તીભાવથી પ્રોક્ષણ કરજે અને પછી બીજું કામ કરજે.''

સતી ત્યાર બાદ અગ્નિસંસ્કાર કરાવવા જે બ્રાહ્મણો આવ્યા હતા તેમની આજ્ઞા લઈને ગુરુજીનાં દર્શને જવા તૈયાર થઈ. સંગમ પર આવીને

જ્યાં ગુરુજી બિરાજમાન હતા ત્યાં આવીને તે ગુરુજીને પગે લાગી. ગુરુજીએ આશીર્વાદ આપતા કહ્યું, ‘‘અખંડ સૌભાગ્યવતી ભવઃ.’’ ફરી પગે પડી ત્યારે કહ્યું, ‘‘અષ્ટ પુત્રા ભવઃ’’ લોકોએ કહ્યું કે, ‘‘બાપજી ! આનો પતિ તો હમણા જ મૃત્યુ પામ્યો છે.’’ ગુરુએ કહ્યું, ‘‘અરે! આનું સૌભાગ્ય તો અખંડ છે જ. પછી એનો પતિ મરે જ કેવી રીતે? એના પતિનું શબ જલ્દીથી અહીં લઈ આવો. એનો પ્રાણ ક્યારે ગયો એ હું નજરે જોઉં.’’ શ્રીગુરુનાં વચનો સાંભળી લોકો કૌતુકથી શબ લઈ આવવા માટે દોડ્યા. શબ લઈને આવેલા લોકોએ શબને ગુરુજી આગળ મૂક્યું.

ગુરુજીએ કહ્યું, ‘‘આનાં બંધન તોડી નાંખો, કફન દૂર કરો.’’ લોકોએ તેમ કર્યું. ગુરુજીએ કહ્યું, ‘‘આના પર તીર્થ છાંટો.’’ ગુરૂએ કહ્યા પ્રમાણે તીર્થ નો છંટકાવ કર્યો. એટલે શ્રીગુરુજીએ અમૃતદૃષ્ટિથી શબને જોયું. શ્રીગુરુજીની અમૃતદૃષ્ટિ પડતાંની સાથે જ તે મૃત્યુ પામેલો દત્ત બ્રાહ્મણ જીવતો થયો, અને અંગો મરડીને ઊઠ્યો. આ જોઈને બધાને ખૂબજ આશ્ચર્ય થયું અને બધા લોકોએ શ્રીગુરુજીનો જયજયકાર કર્યો.

સતીએ બ્રાહ્મણ પતિને વસ્ત્ર આપ્યું. પછી બંને શ્રીગુરુજીને પગે પડ્યાં, તેઓ આંખોમાંથી દડદડ આંસુ સાથે કહેવા લાગ્યા કે, ‘‘હે સ્વામી! જીવમાત્રનો રક્ષણ કરનાર તમે ખરેખર શિવશંકર છો. તમે સચ્ચિદાનંદ સ્વરૂપ છો અને સાક્ષાત્ જગદ્‌ગુરુ છો.’’ આમ વિવિધ રીતે પતિ-પત્નીએ સ્વામી મહારાજનું સ્તવન કર્યું. એનાથી પ્રસન્ન થઈને ગુરુરાયે કહ્યું, ‘‘તને પૂર્ણ આયુષ્યવાળા અને શ્રીમંત એવા આઠ પુત્રો થશે. તમારાં પૂર્વ જન્મોના પાપ નાશ પામ્યા છે. અંતે તમે મુક્તિ પામશો.’’

ત્યાં બધા લોકોમાં એક બ્રાહ્મણે ગુરુજીને પ્રશ્ન પૂછ્યો કે, ‘‘વેદશાસ્ત્રો ઠોકી ઠોકીને કહે છે કે વિધિના લેખ ટાળ્યા ટળતા નથી. આ બ્રાહ્મણ ધોળે દિવસે મૃત્યુ પામ્યો હતો. તો પછી એ કેવી રીતે જીવતો થયો? તો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે એ વિધિના લખેલા લેખ સાચા કે ખોટા?’’ શ્રીગુરુજીએ ઉત્તર આપ્યો કે, ‘‘વિધિના લેખ સાચા જ હોય એમાં શંકાને કોઈ સ્થાન નથી.





વિધાતાએ હવે પછીના જન્મમાં એનું સો વર્ષનું આયુષ્ય નક્કી કર્યું હતું. તેમાંથી મેં બ્રહ્મા પાસે આ જન્મમાં ત્રીસ વર્ષ વધારે માંગ્યા. એટલે હવે આવતા જન્મે તે ત્રીસ વર્ષનું આયુષ્ય ઓછું ભોગવશે. બ્રહ્માજીને પ્રાર્થના કરીને મેં ભક્ત માટે આટલો ફેરફાર કરી આપ્યો છે. તું જાણી લે કે બ્રહ્મલિપિ સત્ય જ છે.’’

આ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયેલા નગરજનો સાષ્ટાંગ પ્રણામ કરીને પોતપોતાને ઘેર ગયાં. ભવસાગર તારનારાં એ રસમય અનુસંધાનને જે કોઈ શ્રદ્ધા ભક્તિથી સાંભળશે તેને હે રંગ! કોઈ દુઃખ રહેશે નહિ.

***‘‘સદગુરુ સ્મરણ કરે સદા, પૂજય થાય નર તેહ;***
***ગુરુનામામૃતપાનથી જાય મરણ સંદેહ.’’***

## ૨૯. પિશાચ પીડા કીધી દૂર, વિપ્ર પુત્ર ઊઠાડ્યો શૂર

*(લીલા - ૧૬ - અ.૭૪ - ૭૫ - પાન નં. ૬૭-૭૪ - કર્મકાંડ)*

ઔદુંબરે શ્રી નૃસિંહ સ્વામી પ્રગટ દૃષ્ટિથી ગાણગાપુરમાં રહેતા હતા. પરંતુ ગુપ્ત રીતે અમરાપુર પાસે આવેલા ઔદુંબરે વસીને લીલા કરતા હતા.

શિરોળ નામના ગામમાં ગંગાધર નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એની પત્ની શાંત, સુશીલ, ધર્મરત અને પતિવ્રતા હતી. પ્રારબ્ધવશાત એના પાંચેય પુત્રો મૃત્યુ પામ્યા હતા. તેના દુઃખથી વ્યથીત થયેલી તે સ્ત્રીએ જ્ઞાની બ્રાહ્મણ પાસે જઈને આ પુત્રોના મૃત્યુની શંકા વિશે પૂછ્યુ. બ્રાહ્મણે કહ્યું, ‘‘જો બહેન! તારો પૂર્વ જન્મનો જે દોષ છે તે તું સાંભળ. શૌનક ગોત્રમાં જન્મેલા એક બ્રાહ્મણનું સો સોનામહોરનું દ્રવ્ય તેં હરી લીધું હતું. એણે તારી પાસે અનેકવાર દ્રવ્ય માગ્યું હતું. છતાં તેં એને પાછું આપ્યું નહી. એ દુઃખને કારણે તેણે આપઘાત કર્યો. આત્મહત્યા ના પાપને કારણે તે ભૂત થયો છે, અને તારો ગર્ભપાત કરીને ગર્ભનાં કાચાં બાળકોને મારી નાંખે છે. તેનું આ પરિણામ છે. જે ભોગવ્યે જ છૂટકો.’’

સ્ત્રીએ પગે પડીને, રડીને, કાલાવાલા કરીને ઉપાય પૂછ્યો. બ્રાહ્મણે ઉપાય બતાવતા કહ્યું, ''કૃષ્ણા અને પંચગંગાનાં સંગમે વિધિપૂર્વક સ્નાન કરી તું ઔદુંબરની ભક્તિપૂર્વક આરાધના કર. પાપનાશ તીર્થમાં સાતવાર સ્નાન કરી ઔદુંબરને યથાવિધિ જળનું સિંચન કર. પછી કામ્યતીર્થ માં સ્નાન કરીને શ્રીગુરુની પાદુકા પર એક મહિનો અભિષેક અને પુજન કર. નૃસિંહ સરસ્વતીનું આ પવિત્ર સ્થાન છે. એનાથી તારા દોષો નાશ પામશે. અને તને દીર્ઘાયુ પુત્ર થશે. ત્યારબાદ તું તે પ્રેત નિમિત્તે શૌનક ગોત્રના બ્રાહ્મણને સો સોનામહોરો આપજે અને તે પ્રેતની ઉત્તર ક્રિયા પણ કરાવજે. તેમ કરવાથી તારી બધી મનોકામનાઓ પૂર્ણ થશે.'' તે સ્ત્રીએ જણાવ્યું કે, ''મારી પાસે ધન નથી. શું ધન વગર બીજો કોઈ ઉપાય નથી?''

બ્રાહ્મણ સ્ત્રી પાસે દ્રવ્ય ન હોવાથી બ્રાહ્મણે કહ્યું, ''જો તારી પાસે દ્રવ્ય નથી તો તું બધી ચિંતા છોડીને દઢ મનથી રાત-દિવસ શ્રીગુરુનાં ચરણનું અર્ચન કર. શ્રીગુરુ જરૂર તારું સારું કરશે. અને દોષોનું નિવારણ કરશે. પછી શ્રીગુરુના જણાવ્યા મુજબ દ્રવ્ય વાપરજે.''

બ્રાહ્મણના કહ્યા મુજબ ત્રણ દિવસ થતાં પેલુ ભૂત સ્વપ્નમાં આવીને સ્ત્રીને ડરાવા લાગ્યું, ને પૈસા માંગવા લાગ્યુ. સ્વપ્નમાં જ તે સ્ત્રી બીકની મારી દોડીને ઔદુંબર પાસે ગઈ તો ત્યાં શ્રીગુરુને જોયા. તેથી તે તેમની પાછળ જઈને તથા બે હાથ જોડીને સંતાઈ ગઈ. ત્યાં શ્રીગુરુએ કહ્યું, ''તું ગભરાઈશ નહીં.'' શ્રીગુરુએ પિશાચને પૂછયું, ''હે ઘાતકી તું એને કેમ મારવા દોડે છે?'' ભૂત બોલ્યું, કે, ''ગયા જન્મે તેણીએ મારી સો સોનામહોરો હરી લીધી હતી. અને એને લીધે મારે મરવાનો વારો આવ્યો હતો.'' - શ્રીગુરુએ કહ્યું, ''તું તે ભક્ત મહિલાને હેરાન કરીશ નહીં. આ સ્ત્રી તારી બધી દાશાહિકી ક્રિયા પૂરા ભાવથી કરાવશે, જેથી તું મુક્તિ પામીશ.'' ભૂતને આવું કહ્યા પછી પેલી સ્ત્રીને ઉદ્દેશીને કહ્યું, ''હે બ્રાહ્મણ સ્ત્રી! તું આ પ્રેતની પાછળ તારી શક્તિ પ્રમાણે દ્રવ્યનો ખર્ચ કર. પછી તારા વંશનો વિસ્તાર થશે.''





પછી તે સ્ત્રીએ સ્વપ્નમાં ગુરુજીએ કહ્યા પ્રમાણે બધી જ ક્રિયા કરાવી. તેનાં બ્રહ્મહત્યા વગેરેનાં બધાં પાપો નાશ પામ્યાં. તે સ્ત્રીએ ક્રિયાઓ કરાવી હોવાથી તે પિશાચ પણ મુક્ત થયો. બીજે દિવસે સ્વપ્નમાં શ્રીગુરુમૂર્તિએ બે શ્રીફળ આપ્યા અને કહ્યું કે તારા વ્રતનો મેં સ્વીકાર કર્યો છે. આ ફળનું તું ભક્ષણ કરજે એટલે તને સંતતિ થશે. સમય જમતાં સ્ત્રીને બે પુત્રો થયા. સમય વીતતાં મોટા પુત્રને યજ્ઞોપવિત સંસ્કાર આપવા અને નાનાને ચૌલકર્મ સંસ્કાર કરવા માટે બ્રાહ્મણ ગંગાધરે સમારંભ યોજ્યો. સંસ્કાર આપવાના આગલા દિવસે મોટાપુત્રને અસાધ્ય એવો ધનુર્વાતનો રોગ થયો. ત્રણ દિવસ હેરાન થઈ એ પુત્ર મરણ પામ્યો. માતાએ અસહ્ય કલ્પાંત કર્યું. ડાઘુઓએ શબ માંગ્યું, તે પણ ના આપ્યું ને કહ્યું, ''મારા ગુરુમહારાજની કૃપાથી થયેલું સંતાન મરે જ શાનું?'' ગામના લોકોએ ઘણી સમજાવી, છતાં તે માની નહીં. ત્યાં એક બ્રહ્મચારી તપસ્વી આવ્યા. તેમણે પણ સમજાવી પણ બ્રાહ્મણ સ્ત્રીનું એક જ રટણ હતું કે, ''મારા ગુરુમહારાજે આપેલું બાળક મરે જ શાનું?'' એની શ્રદ્ધા અને નિષ્ઠા જોઈને તપસ્વી બ્રહ્મચારીએ કહ્યું, ''જો તને ગુરુમાં આટલી નિષ્ઠા અને ભાવના છે તો ત્યાં - ઔદુંબરે જઈ તારું કલેવર અર્પણ કર.'' બ્રાહ્મણ સ્ત્રી છાતી સાથે શબ વળગાડીને ઔદુંબરે જઈ ત્યાં પાદુકા પર જોર જોરથી માથું પછાડવા લાગી. આથી ઘણું લોહી નીકળ્યું જાણે લોહીનો અભિષેક થયો. આમ કલ્પાંત કરતાં કરતાં થાક લાગવાથી ઊંઘ આવી ગઈ. સ્વપ્નમાં ગુરુમહારાજના દર્શન થયાં. ગુરુજીએ કહ્યું, ''કેમ શોક કરે છે?'' પુત્ર ના શબ ઉપર ભસ્મ નાંખીને શ્રીગુરુએ કહ્યું, ''એનું મોં ઉઘાડ જેથી હું ફૂંક મારૂ. આમ કરવાથી તે જીવતો થશે.'' તેણીએ તેમ કર્યું. ગુરુએ કહ્યું કે, ''આ પ્રાણ નામનો વાયુ જે શરીરની બહાર ગયો હતો તેને મેં પહેલાંની જેમ પાછો મૂક્યો છે.'' આવું સ્વપ્નમાં જોઈ તે ઝબકીને જાગી ગઈ. પછી વિચારવા લાગી કે આ મારી ભ્રાંતી છે. ક્યાં ગુરુમહારાજ ને ક્યાં હું ?

પછી સ્ત્રીએ જે શબ છાતીએ વળગાડેલું હતું તેને તેણીએ દૂર કર્યું. દરમ્યાનમાં જીવતું થયેલ બાળકે ઉઠીને માને કહ્યું, "મા! મને ભૂખ લાગી છે, તો ખાવાનું આપ." આમ કહી બાળક મા પાસે દોડતો ગયો. બાળકને તેડી તે પતિ પાસે આવીને બધી વાત કરી. સવારમાં બ્રાહ્મણ દંપતિએ સ્નાન કરી, પાદુકા ધોઈ નાંખી. શ્રીગુરુ મહારાજનું પૂજન કર્યું.

શ્રી ગુરુ ઔદુંબર નીચે સદા સર્વદા વસે છે. ભક્તિપૂર્વકની આરાધનાથી બધી જ મનોકામના પૂર્ણ થાય છે. કળિયુગમાં ઔદુંબર એ કલ્પવૃક્ષ છે. એમનું આ ચરિત્ર કામધેનું સમાન છે, ભાવપૂર્વક એનું પઠન કરવાથી કે સાંભળવાથી હે રંગ! પુનર્જન્મ થતો નથી. હે મૃત્યુંજય, ગુરુમહારાજ આપને કોટિ કોટિ વંદન!

*"ઔદુંબર; કહે શ્રી ગુરુ, દિવ્ય માહરું સ્થાન;*
*નિત્યગુપ્ત અહીંયા રહી, કરૂં ભક્તજન ત્રાણ."*
*"સુલભ ઉદુંબર એ અતિ, કલ્પવૃક્ષ કામદ*
*વિશેષ શ્રી ગુરુ ત્યાં રહ્યા, થયો સર્વફલપ્રદ"*

## ૩૦. હરી વિપ્રમદ અંત્યજ હાથ રક્ષ્યો ભક્તત્રિવિક્રમ તાત

*(લીલા - ૧૭ - અ.૭૯ - ૮૧ પાન નં. ૮૦-૮૯ - કર્મકાંડ)*

હર્યો વિપ્રોનો મદ - અભિમાન એક અંત્યજ-હરિજન હાથે અને રક્ષણ કર્યું ત્રિવિક્રમભારતી નામના સાધુ ભક્તનું.

પૂ.શ્રીના સાહિત્યમાં રત્નના ભંડાર સમાં ભજનો, દોહરા, અને સ્તોત્રોમાં વાણીની મીઠાશ અનુભવાય છે. તે સાથે તેમાં સમજાવેલો સંયમનો ઉલ્લેખ સમજુ ભક્તોને વારંવાર થાય છે. જેમ કે "નામ રસાયણ પીધું જેણે, નેણ, વેણ પલટાય." સાધક પર એક અંકુશ મૂકે છે. સાધના દ્વારા કશુંક પામી ચૂકેલી વ્યક્તિ તો વધુ નમ્ર, સરળ અને મીઠાશભરી વાણી ધરાવતી હોવી જોઈએ. પરંતુ હકિકતમાં સહેજ આધ્યાત્મિક પ્રગતી





થતાં અભિમાનને કારણે બીજાની નિંદા, વગોવણી, ટીકા-ટીપ્પણી શરૂથઈ જાય છે.

કુમસી ગામમાં રહેતા ત્રિવિક્રમ ભારતી નામના ભક્તની બાબતમાં પણ આવું જ કંઈક બન્યું હતું. ત્રિવિક્રમ ભારતીએ શ્રીગુરુનાં દર્શન કર્યા વિના તેમજ નજીકનો પરિચય કેળવ્યા વિના શ્રીગુરુ વિશે જે કાંઈ સાંભળ્યું તેના આધારે શ્રીગુરુની નિંદા કરવા માંડી. પરંતુ ગુરુની મહાનતા તો જુઓ! ત્રિવિક્રમ સાત્વિક અને પુણ્યશાળી હતો, તેથી નિંદા કરતો હોવા છતાં શ્રીગુરુ તેને પાવન કરવા સામે પગલે ચાલીને ગયા. તેમની કરુણાથી દ્રવી જઈને ત્રવિક્રમભારતી ગુરુદેવનો ભક્ત બન્યો. પહેલાં તે નૃસિંહ ભગવાનનો ભક્ત હતો.

વૈદુર્યનગર કે જે હાલનું બિડર-બિજાપુર તરીકે જાણીતું છે તેમાં એક મુસલમાન રાજા રાજ્ય કરતો હતો. આ રાજા બ્રાહ્મણોનો દ્વેષ કરનારો અને મહાઘાતકી હતો. પૈસાની લાલચ આપી લાલચું બ્રાહ્મણો પાસે બળાત્કારે વેદ વંચાવતો અને હિંદુ ધર્મની નિંદા કરતો. એક દિવસ આ યવનરાજાના દરબારમાં મંદ ભાગ્ય અને ઉન્મત થયેલા બે વેદના જાણનારા બ્રાહ્મણો આવ્યા અને રાજાને કહ્યું, "અમે ત્રણે વેદ જાણનારા ત્રિવેદી છીએ. તારા રાજ્યના વિદ્વાનને અમારી સાથે વાદ કરવા મોકલ." પરંતુ રાજ્યના સાચા અને સમજુ બ્રાહ્મણોએ સામેથી હાર કબૂલી લીધી. રાજાએ બંને બ્રાહ્મણોને સન્માન આપ્યું અને બ્રાહ્મણોના રાજાનું બિરુદ આપ્યું. પછીતો અભિમાનમાં ઉન્મત્ત બનેલા આ બ્રાહ્મણો વાદ કરવા માટે ધરતી પર બધે ફરવા નીકળી પડ્યા અને જે વાદ ન કરે તેની પાસેથી જયપત્ર લખાવી લેતા.

ફરતા ફરતા કુમસી ગામે આવીને તેમણે ત્રિવિક્રમ ભારતીને વાદ કરવા માટે જણાવ્યું. ત્રિવિક્રમે કહ્યું, "હું તો એક પણ વેદ જાણતો નથી, તો પછી ત્રણ વેદની તો વાત જ ક્યાંથી કરવાની? મારાથી વાદ નહિ થાય." પેલા બ્રાહ્મણોએ જયપત્ર લખી આપવા જણાવ્યું. ત્રિવિક્રમ ભારતીએ

મનમાં વિચાર્યું કે આ મૂઢ પંડિતોને શિક્ષા કરવાનો એક જ ઉત્તમ ઉપાય છે અને તે એ કે હું એમને ગાણગાપુર શ્રીગુરુ પાસે લઈ જાઉં. આ બ્રાહ્મણો ખરેખર અભિમાનમાં આંધળા થયા છે અને એમ સીધા થાય તેમ નથી. એમણે બ્રાહ્મણોનો તિરસ્કાર કર્યો છે, ધિક્કાર્યા છે. આવું મનમાં વિચારીને તે બોલ્યો કે, ''હે બ્રાહ્મણો! તમે મારી સાથે ગાણગાપુર ચાલો ત્યાં મારા ગુરુદેવ રહે છે. એ જેમ આજ્ઞા કરશે તેમ કરીશ. એ કહેશે તો હું તમને જયપત્ર લખી આપીશ.'' ત્રણેય ગાણગાપુરમાં આવ્યા અને શ્રીગુરુજીને મળ્યા અને ત્રિવિક્રમભારતી એ શ્રીગુરુને કહ્યું, ''હે ગુરુદેવ! પેલા બે બ્રાહ્મણો ઉન્મત્ત બનીને અમે વેદશાસ્ત્રો જાણીએ છીએ એવું કહીને વાદવિવાદ કરવા આવ્યા છે. જો એમના સાથે કોઈ વાદ ન કરે તો તેની પાસેથી બળજબરીથી વિજયપત્ર લખાવી લે છે. મેં એમને બહુ સમજાવ્યા પણ એ દુષ્ટો સમજતા જ નથી. એટલે હું એમને અહીં લઈ આવ્યો છું. હવે હે ગુરુવર! તમને યોગ્ય લાગે તે તેમને જણાવો. તમારી આજ્ઞા મારે મન આખરી છે.''

ગુરુજી બધું જાણતા હોવા છતાં, બન્ને બ્રાહ્મણોને કહ્યું, ''હે બ્રાહ્મણો! તમે શું મોકાંણ માંડી છે? વાદવિવાદ કરવાથી તમને શો લાભ થવાનો છે? અમારે સન્યાસીને મન તો જય અને પરાજય બંને સરખા જ છે. સન્યાસી પર જીત મેળવીને તમને શો ફાયદો થવાનો છે? હે બ્રાહ્મણો! તમારા હાથે તમારું અહિત શા માટે કરો છો?'' બ્રાહ્મણો બોલ્યા, ''હે યતિ! અમને કેટલાય લોકો મળ્યા પણ કોઈ વાદ કરવા તેયાર ના થયું તેઓ બધા પાસેથી અમે જયપત્ર લખાવી લીધા છે. જો વાદ કરવાની તૈયારી ના હોય તો પછી જયપત્ર લખી આપવામાં તમને શું વાંધો નડે છે? ગુસ્સે થઈને ત્રિવિક્રમ અમને તમારી પાસે લાવ્યો છે. જો તમારા બંનેમાં કાંઈ રામ હોય અને પંડિતાઈનું અભિમાન હોય તો તમે બંને વાદ-વિવાદ શરુ કરો અથવા જયપત્ર લખી આપો.'' દુર્જનનો આ સ્વભાવ છે કે વિદ્યા આવે એટલે





વાદ-વિવાદ કરે, પૈસો આવે એટલે મદાંધ બને અને શારીરિક શક્તિ મળે એટલે બીજાને હેરાન-પરેશાન કરે. પૂજ્ય મણિશંકર શાસ્ત્રીજીએ રચેલ પાદુકા પૂજનના શ્લોકોમાં પરિમલ દ્રવ્યાણિ માટેનો શ્લોક આપણી આંખ ખોલી નાંખે એવો છે. આપણને આપણા ગુરુ માટે, ગુરુના સ્થાન માટે અને ગુરુના સ્થાનની પરંપરા માટે માન હોવું જોઈએ. કાંઈ અયોગ્ય થતું જણાય તો એને ઠીકઠાક કરતી વખતે લોકોમાં ગુરુનું કે ગુરુના સ્થાનનું ખરાબ ન દેખાય, તેની ખાસ કાળજી રાખવી જોઈએ. નહિતર પોતાનો અહં સંતોષવા માટે ગુરુની ગરિમાને નામે આપણે શ્રીગુરુનો અપરાધ થઈ જાય એવું કાર્ય કરી ન બેસીએ, એવી શિખામણ પૂજ્ય શાસ્ત્રીજી રચીત શ્લોક સમજાવી જાય છે. દુર્યોધનને ભગવાન શ્રીકૃષ્ણની ન્યાયી સમાધાનની વાતો પણ ક્યાં ગમી હતી? અભિમાનં સૂરાપાનં... જવાદો..

અનેક રીતે શ્રીગુરુજીના સમજાવવા છતાં પેલા બ્રાહ્મણો સમજ્યા નહિ, એટલે શ્રીગુરુએ એક માણસને દૂરથી જતો જોઈને એને બોલાવી લાવવા શિષ્યને કહ્યું. શિષ્ય બોલાવી લાવ્યો. શ્રીગુરુએ પૂછ્યું, ''તું કોણ છે ? કઈ જાતિનો છે? ક્યાં રહે છે? અને ક્યાં જાય છે?'' પેલા માણસે કહ્યું, ''હું અંત્યજ છું અને જે મળે તે મજૂરી કરી મારું ગુજરાન ચલાવું છે.'' શ્રીગુરુજીએ શિષ્યને પોતાનો દંડ આપીને શિષ્ય પાસે ભૂમિ પર સાત લીટીઓ દોરાવી. ત્યારબાદ પેલા માતંગને વારાફરતી એક એક લીટી ઓળંગવા કહ્યું. જેવી પહેલી રેખા ઓળંગી એટલે પેલો અંત્યજ બોલવા લાગ્યો કે ''(૧) હું વાઘરી છું. (૨) હું ભીલ છું. (૩) હું માછી છું. (૪) હું શુદ્ર છું. (૫) હું તો વૈશ્ય છું. (૬) હું તો ક્ષત્રિય છું. (૭) અને જ્યાં સાતમી રેખા ઓળંગે છે ત્યાં પેલો કહે છે હું બ્રાહ્મણ છું અને લોકો મને ગુરુજીના નામથી ઓળખે છે. હું બધા શાસ્ત્રો જાણું છું.'' (અહીં પણ આપણને શીખ મળે છે કે વિદ્વાનો તથા બ્રાહ્મણો જો અભિમાનમાં આવી જઈને ધર્માચરણ ભૂલી જશે તો કેવા કેવા અવતારોમાં જવું પડશે? માટે ચેતી જઈએ...)

શ્રીગુરુએ કહ્યું, ''જો વેદશાસ્ત્ર જાણતો હોય તો આ બે બ્રાહ્મણો સાથે વાદ કર.'' એમ કહીને એના પર ભસ્મ નાંખી. ભસ્મ નાંખતા જ એની બુદ્ધિ ઝળહળી ઉઠી. હીન જાતિનો એ માણસ પણ વેદશાસ્ત્રનો જાણકાર થયો અને બધાં વિદ્વાનો સાંભળે એ રીતે અંગો સહિત વેદો બોલવા લાગ્યો. આ સાંભળીને વાદવિવાદ કરવા આવેલા અને અભિમાનથી છકેલા બે બ્રાહ્મણો ખૂબ ગભરાયા અને શ્રીગુરુની ધાકથી ડરવા લાગ્યા. અચાનક એમના પેટમાં ગોળો ચઢ્યો અને બોલવાનું બંધ થઈ ગયું. બહેરા અને મુંગા થઈ ગયા. બીકના માર્યા શ્રીગુરુજીના ચરણમાં પડી ગયા, ''હે સ્વામી! અમને બચાવી લો. અમે તમારું આ પ્રગટરૂપ ઓળખી શક્યા નહીં.''

શ્રીગુરુજી બોલ્યા, ''તમે આ ત્રિવિક્રમભારતીને, યતિવરને દુભવ્યો છે તેમજ એ સિવાય પણ તમે બીજા અનેક દોષો કરેલા છે. તમે બ્રાહ્મણોની ખૂબ નિંદા કરી છે. તેથી તમે બંને મોટા રાક્ષસો થશો. પોતે કરેલું પાપ કે પુણ્ય પોતે જ ભોગવવું પડે છે. ભોગવ્યા વગર કર્મ બંધન છૂટતું નથી.'' બંન્ને બ્રાહ્મણો બોલ્યા, ''હે ગુરુજી આ દુઃખના સાગરમાંથી ક્યારે છૂટીશું?'' શ્રીગુરુએ ઉત્તર વાળ્યો, ''બાર વરસ સુધી જંગલમાં રાક્ષસ થઈને ભટકશો અને દુઃખી થશો. તમને હૃદયમાં પશ્ચાતાપ થયો છે. તેથી રાક્ષસ થવા છતાં શાંત રહેશો. જ્યારે તમારા પાપની શુદ્ધિ થશે ત્યારે જંગલમાં નારાયણ અનુવાક્ પઢતો પઢતો એક બ્રાહ્મણ આવશે ત્યારે તમારી સદ્‌ગતિ થશે.''

આમ મદોન્મત્ત બ્રાહ્મણોનો મદ એક અંત્યજ દ્વારા ઉતારીને ભક્ત ત્રિવિક્રમ ભારતીનું રક્ષણ કર્યું. શ્રીગુરુજીએ ધાર્યું હોત તો ત્રિવિક્રમભારતી દ્વારા જ બ્રાહ્મણોને હરાવ્યા હોત, પરંતુ આવા અધમ અને હલકટ બ્રાહ્મણોને અંત્યજ દ્વારા હરાવીને બતાવવું હતું કે વિદ્વતા એ સર્વસ્વ નથી. જ્ઞાન જીવનમાં ઉતરવું જોઈએ. અને એ પ્રમાણે નિરભિમાની થઈને સરળ જીવન જીવવું જોઈએ. પૂ.પ્રેમ અવધૂતજી કહે છે તેમઃ ''જાણેલું કામે નહિ આવે, જીવેલું કામમાં આવશે.''





## ૩૧. નિમેષ માત્રે તંતુક એક પહોંચાડ્યો શ્રીશૈલે દેખ.

*(લીલા - ૧૮ - અ.૯૮ - પાન નં. ૧૭૦-૧૭૩ - કર્મકાંડ)*

પલકવારમાં જ, ક્ષણમાત્રમાં તંતુક નામના વણકર સેવકને શ્રીગુરુજીએ શ્રીશૈલ પર્વત પર મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગનાં દર્શન કરાવ્યાં. શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજ જ્યારે સંગમ પર બિરાજમાન હતા ત્યારે તંતુક નામે એક વણકર પોતાના ઘરકામથી પરવારીને રોજ ત્રીજા પ્રહરે (બપોર) આવીને શ્રીગુરુજીના ચરણમાં ભાવપૂર્વક પ્રણામ કરતો હતો. શ્રીગુરુજીના આશ્રમનું આંગણું વાળીઝૂડીને સાફ કરી એ પ્રેમથી પાણી છાંટતો અને પછી દૂરથી વંદન કરતો. આમ કેટલોક સમય પસાર થઈ ગયો.

એવામાં શિવરાત્રી આવી એટલે ગામના કેટલાક લોકો શ્રીશૈલ પર્વત ઉપર દર વર્ષે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગનાં દર્શને પગે ચાલીને જતા હતા. ગામમાં લોકોએ તંતૂકને પૂછ્યું, ''ચાલ તું પણ અમારી સાથે દર્શને.'' તંતૂકે કહ્યું, ''આ શરીર ને શું કામ કષ્ટ આપો છો? શ્રીગુરુનું સ્થાન જ શ્રીશૈલ છે એ વગરનાં બધાં તીરથ નકામાં છે. શ્રીગુરુ સ્વયં મલ્લિકાર્જુન છે. મેં તો મારી જાત શ્રીગુરુચરણમાં સમર્પિત કરી દીધી છે. એટલે મારે તો હવે ક્યાંય જવું નથી.'' એની વાત સાંભળીને અને એને મૂરખ માનીને ગામ લોકો શ્રીશૈલની યાત્રાએ નીકળી ગયા. તંતુકે તો રોજાના નિયમ મુજબ આવીને શ્રીગુરુના ચરણમાં પ્રણામ કર્યા. શ્રીગુરુએ કહ્યું, ''તું બધા સાથે શ્રીશૈલ ગયો નહીં?'' તંતૂકે કહ્યું, ''મારા તો બધાં તીર્થો અહીંયાં આપનાં ચરણોમાં જ છે.'' આમ કહીને શ્રીગુરુના ચરણમાં રોજની જેમ ભાવથી નમન કરીને એ સુભક્ત પોતાને ઘેર ગયો.

મહાવદ ચૌદશના રોજ શિવરાત્રિના વ્રતનો દિવસ હોવાથી ઉપવાસ કરીને શ્રીગુરુ પ્રત્યેની લગનીવાળો તે ભક્ત સંગમ સ્થાને ગયો. સંગમમાં સ્નાન કરીને એ શ્રીગુરુની પાસે આવ્યો અને દંડવત્ પ્રણામ કરીને તે

શ્રીગુરુની સન્મુખ હાથ જોડીને ઉભો રહ્યો. ગુરુએ કહ્યું, "અલ્યા તંતુક! ગામના બધા લોકો શ્રીશૈલ પર ગયા અને તું એકલો જ ભગવાન શંકરના દર્શન વગરનો રહ્યો? તેં શૈલ પર્વત જોયો છે કે નથી જોયો, તે મને કહે." તંતુકે પહેલાં કહ્યું હતું તેમ જણાવ્યું, "હું તો તમારાં આ ચરણ સિવાય બીજું કશું જ જાણતો નથી. મારી બધી જાત્રા તમારા ચરણમાં છે અને બધાં તીર્થો અહીં જ છે." એનાં વચન સાંભળીને અને એનું હૃદય ઓળખીને શ્રીગુરુ બોલ્યા કે, "જો હું તને શ્રીશૈલનાં દર્શન કરાવું. તું તારી આંખો બંધ કરીને મજબૂત રીતે હાથોથી મારી પાદુકા પકડ." આવું કહીને એને પ્રેમથી પાસે બોલાવી તેને પોતાની પાદુકા પકડાવી અને ક્ષણવારમાંજ તો તેને શ્રીશૈલ પર્વત પર પાતાલગંગાને કિનારે ઉતારીને કહ્યું કે, "હવે તારી આંખ ઉઘાડ અને હે ધીરજવાન! તું શ્રી શૈલના દર્શન કર." તંતુકે આંખ ખોલીને જોયું તો સામે જ પર્વતની ટોચ હતી. તે ક્ષૌર કર્મથી પરવારીને ભાવપૂર્વક પૂજા કરવા માટે પુષ્પ, ચંદન વગેરે લઈને જેવો ભાવપૂર્વક મંદિરમાં ગયો તો ત્યાં એણે ગુરુ સિવાય બીજા કોઈ દેવને જોયા જ નહીં. શિવલીંગને સ્થાને શ્રીગુરુને જોઈને અને બધાને શ્રીગુરુની પૂજા કરતા જોઈને તથા શ્રીગુરુને બધાની પૂજા સ્વીકારતાં જોઈને અંતરમાં નિશ્ચય કર્યો કે ખરેખર શ્રીગુરુ સ્વયં ભગવાન શંકર જ છે. ભક્તિભાવથી શ્રીગુરુની પૂજા કરી અને ઉમળકાથી પ્રસાદ લઈને રાજી થતાં એ તંતૂક શ્રીગુરુની પાસે આવ્યો. શ્રીગુરુ બોલ્યા, "તંતુક! હવે સંતોષ થયોને? હવે મારી સાથે પાછા આવવું છે કે આજે અહીંજ રહેવું છે?" તંતુકે કહ્યું, "મંદિરમાં મને ક્યાંય શિવલિંગ તો દેખાયું નહીં. લિંગને સ્થાને સૌ કોઈ તમારી જ પૂજા કરતા હતા. તમારી જ પાસે રહેતા, તમને છોડીને બીજે ક્યાં અથડાવા જાઉં?" શ્રીગુરુ બોલ્યા, "ઈશ્વર બધે સ્થળે સમાન રીતે રહેલો છે, તેમ છતાં સ્થાનનું માહત્મ્ય સવિશેષ હોય છે. ગાણગાપુરમાં કલ્લેશ્વર ભગવાન છે તેને મલ્લિકાર્જુન





સમાન માન. તથા સંગમેશ ભગવાન જે સંગમ પર છે તેને પણ મલ્લિકાર્જુન માનીને પૂજા કરવી. તું આ વાતમાં શંકા કરીશ નહીં. ચાલ હવે પહેલાની જેમ આંખો મીંચીને પાદુકા પકડ." એવું કહીને પોતાની પાદુકા પકડાવીને ક્ષણવારમાં જ હસતા હસતા સંગમસ્થાને લઈ આવ્યા.

આમ શ્રીગુરુજીએ નિમેષ માત્રમાં તંતુકને શૈલની યાત્રા કરાવી. શ્રીગુરુની લીલા આવી અનુપમ છે. એ લીલાને ભક્તિભાવથી સાંભળવાથી સંસાર રૂપી સાગરને કોણ તરી ન જાય? 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ' એમ શ્લોકમાં બોલવું એ એક વાત છે અને જીવતા ગુરુને સાક્ષાત્ 'પરબ્રહ્મ' સમજીને જીવવું એ બીજી વાત છે. આ માટે સરળતા, પ્રેમ, શુભદૃષ્ટિ, નિષ્ઠા અને સન્મતિ જોઈએ. આપણને ગુરુજી સૌને આવા ગુણો આપો એવી શ્રીબાપજીને પ્રાર્થના.

## ૩૨. એકી સાથે આઠ સ્વરૂપ ધરી રૂપ બહુરૂપ અરૂપ

## ૩૩. સંતોષ્યા નિજ ભક્ત સુજાત આપી પરચાઓ સાક્ષાત્

*(લીલા - ૧૯ - અ.૧૦૧ - પાન નં. ૧૭૮-૧૮૦ - કર્મકાંડ)*

જ્યારે ગાણગાપુરમાં શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજ રહેતા હતા, તે દરમ્યાન દિવાળીના દિવસો આવ્યા ત્યારે શ્રીગુરુના સાત શિષ્યો પોત પોતાના ગામે દિવાળી પર શ્રીગુરુને આમંત્રણ આપવા આવ્યા. સાતે શિષ્યોએ પ્રણામ કરીને કહ્યું, "હે પ્રભુ! દિવાળી કરવા અમારે ઘેર પધારો." આ દરેકનું ગામ જુદી જુદી જગ્યાએ છે એમ જાણીને શ્રીગુરુરાય બોલ્યા કે, "તમે સમજુ છો. હું તમારા બધાના ઘરે એકી સાથે કેવી રીતે આવું? તમો અંદરો અંદર વિચાર કરીને જે સ્થાન નક્કી કરશો તે ઘરે હું ચોક્કસ જઈશ. એમાં શંકા કરશો નહીં. હું તો શિષ્યને આધીન છું. તેથી તમે નક્કી કરીને એક ઘર જણાવો." **જુઓ હવે મારા! મારાનો! ખેલ શરૂ થયો છે!**

એક જણ બોલ્યો કે, ગુરુમહારાજ તો મારા પ્રભુ છે. હું એમને મારે ઘેર લઈ જઈશ. તે સાંભળીને બીજાએ કહ્યું, "કેમ! શું ગુરુજી મારા નથી કે? તે મારા ઘરે કેમ ન આવે?" એમ હું હું કહીને તેઓ અંદરઅંદર ઝઘડવા લાગ્યા. એમને રોકીને શ્રીગુરુએ કહ્યું, "તમે નાહકનો ઝઘડો શું કામ કરો છો? તમારા સૌનો ગુરુ છું એટલે કોઈ એક ઘરે જઈશ." એ સાંભળીને બધાએ હાથ જોડીને કરગરીને કહ્યું, "હે પ્રભુ! તમારી તો સૌને માટે સમાન દૃષ્ટિ છે એટલે આ સમર્થ છે, શ્રીમંત છે કે આ દુર્બળ કે ગરીબ છે એવો ભેદ રાખશો નહીં. આપ તો સૌને અભેદ્ય દૃષ્ટિથી જોનારા છે. ભક્ત વત્સલ ભગવાન શ્રીકૃષ્ણે પ્રેમને વશ થઈને દુર્યોધનના મેવા છોડીને વિદુરજીની ભાજી ખાધી હતી. હે ગુરુજી! તમે અમારા પ્રત્યે નારાજગી બતાવશો નહીં. અમે બધા તમારા દાસ છીએ. અમે સૌ તમારી આજ્ઞાને માથે ચડાવીશું." સૌએ દંડવત્ પ્રણામ કર્યા. બધા જ બોલ્યા કે, "હે ગુરુજી અમને તરછોડશો નહી." શ્રીગુરુએ કહ્યું, "તમે બધા જલ્દી તમારે ઘેર પહોંચી જાવ. હું તમારે ત્યાં જરૂરથી આવીશ. આ મારી પ્રતિજ્ઞા છે. એમાં શંકા કરશો નહી." સાતેય ભક્તો બોલ્યા, "આતો પ્રભુ એ આપણને કહેવા ખાતર કહ્યું લાગે છે, પણ તે કોને ત્યાં આવશે એનો નિશ્ચય કેમ કરીને કરવો?"

ગુરુમહારાજ મનોમન બોલ્યા, "આ અજ્ઞાનીઓ મારી લીલા સમજી શકતા નથી". તેથી તેમણે દરેકને વ્યક્તિગત રીતે બોલાવીને કહ્યું, "હું તારે ઘેર ચોક્કસ આવીશ. પરંતુ આ વાત ગુપ્ત રાખજે. આ વાત કોઈને કહીશ નહીં." સાતેય જણા સંતોષ પામીને પોતપોતાના ઘેર ગયા અને શ્રીગુરુજી મઠમાં આવ્યા. ત્યાં બધા ભક્તોએ કહ્યું, "પ્રભુ! દિવાળીમાં અમારી સાથે રહેશોને?" શ્રીગુરુ બોલ્યા, "ભાવિક ભક્તો ચિંતા કરશો નહીં. હું તમારી સાથે જ રહીશ."

ધનતેરસની રાત્રિ આવી. શ્રીગુરુજી સાતેય ભક્તોને ત્યાં ગયા અને મઠમાં પણ રહ્યા આમ આઠે ગામમાં આઠ રૂપ લઈને ભિક્ષા લઈને કોઈ ન જાણે એ રીતે શ્રીગુરુ મઠમાં આવી ગયા.

કાર્તિક માસની પૂનમે ત્રિપુરોત્સવ નિમિત્તે બધા ભક્તો ગાણગાપુર





ભેગા થયા. શ્રીગુરુએ એક દોરી પર બધા ભક્તો તરફથી મળેલાં વસ્ત્રો લટકાવ્યાં હતાં. ઉત્સવ માટે વહેલાં આવેલાં બધા ભક્તોએ કહ્યું, "દશ દિવસ પછી ફરી આપના દર્શન થયા." બધા ભક્તો બીજા ભક્તને પોતે આપેલું વસ્ત્ર કે જે દોરી પર લટકાવ્યું હતું તે બીજા ભક્તોને બતાવવા લાગ્યા. એક જ દિવસે બધા ભક્તોને ઘેર શ્રીગુરુ પધારેલા તેમ એક બીજાથી જાણીને સૌ આશ્ચર્યચકિત થયાં. સાતેય ભક્તોને ગામના લોકોએ પણ કહ્યું કે ગુરુજી અહીંયાજ હતા, ક્યાંય ગયા ન હતા.

એકબીજા પાસેથી એક જ વાત સાંભળીને બધા બોલ્યા કે, "શ્રીગુરુ સાચે જ ત્રિમૂર્તિ શ્રી દત્ત પ્રભુ છે. અને તે નારાયણ ભગવાનનો અવતાર છે." બધાએ શ્રીગુરુજીનું સ્તવન કર્યું.

આમ ત્રિમૂર્તિએ ભક્તોને સંતોષવા માટે તથા તેમની શ્રદ્ધા તથા નિષ્ઠાને મજબૂત બનાવવા માટે એક સાથે આઠ સ્વરૂપ ધરીને લીલા કરી. પ્રભુએ ભક્તોની ભાવનાનું જે પ્રકારે પૂર આવ્યું તે રીતે ન્યાય આપ્યો.

'ભજન એ સર્વ સામર્થ્યનું મૂળ છે.' એવું પૂજ્યશ્રીએ એમનાં વિધાનોમાં અનેકવાર કહ્યું છે. પરંતુ એ ભજન કેવું હોવું જોઈએ.

***ભ - આ ભવનો અને***

***જ - જન્મ મરણનો***

***ન- નાશ કરે એને ભજન કહેવાય.***

પૂજ્યશ્રીએ દત્ત સ્વરૂપનું અખંડ સ્મરણ રહે અને જન્મ મરણ અને વૃદ્ધાવસ્થા હરી લે તેને જ ભજન કહ્યું છે. દત્ત બાવનીમાં પૂજ્યશ્રીએ આ પંક્તિમાં આપણને પણ સમજાવી રહ્યા હોય અને જાણે કહી રહ્યા હોય કે, "હું સૌનો છું!" "રંગ અવધૂત, રે રંગ અવધૂત, નારેશ્વરનો નાથ અમારો રંગ અવધૂત." આમ ગાઈશું તો જરૂરથી પૂજ્યશ્રીને આનંદ થશે. "પરસપર દેવો ભવઃ" નું સૂત્ર પણ સાર્થક થતું લાગશે. ગવડાવનાર પોતે તો "મારો, મારો કરે છે ને બધાને પણ બોલાવે છે." પાણી પોતાના પ્રવાહ સાથે જ વહે છે એમ ભક્તોનું પણ! ભક્તોનાં દુઃખો, વિઘ્નો, અશાંતિ કે સાંસારિક

વિટંબણાઓ દૂર થતી ત્યારે પૂજ્યશ્રી પાસે આવીને આર્તતાથી જ્યારે કહેતા કે, "બાપજી આપે મારા ..... " ત્યારે પૂજ્યશ્રી કહેતા કે, "આપણાં ગુરુમહારાજ છે ને! આપણા સૌનું ધ્યાન રાખે છે !"

મારો.... મારો કરતા મારો મારો (મને મારો) બોલાય તો ! સ્વામી મહારાજે પૂજ્યશ્રીને એમની આઠ વર્ષની ઉંમરે જ સામેથી કહેલું કે "તુ આમચાચ આહે" ગુરુજી આપણને સામે ચાલીને "તુ મારો છે" એમ કહે ત્યારે ખરા ભક્ત !

## ૩૪. યવનરાજની ટાળી પીડ જાતપાતની તને ન ચીડ

*(વાર્તા - ૨૦ - અ.૧૦૪ - પાન નં. ૧૮૫-૧૯૩ - કર્મકાંડ)*

દત્ત બાવનીની પંક્તિ નં. ૨૦ને યાદ કરીએ. સ્મર્તૃગામી કલિતાર કૃપાળ તાર્યો ધોબી છેક ગમાર.

શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ જે ધોબીને બીજા જન્મે રાજા બનવાનું વરદાન આપ્યું હતું. તે ધોબી નૃસિંહ સરસ્વતીના સમયમાં બેદરપુરનો (હાલનું BIDAR) મુસલમાન રાજા બન્યો હતો. એ મુસલમાન રાજા હોવા છતાં પૂર્વ સંસ્કારોને કારણે બ્રાહ્મણો પર પ્રેમભાવ રાખતો હતો. તે હિન્દુઓનાં દેવાલય તેમજ તીર્થમાં ઉપાધિ કરતો ન હતો. તે માનતો હતો કે દરેક પોતપોતાના ધર્મ પ્રમાણે જીવે એમાં જ એનું કલ્યાણ છે. આ જગતમાં બધે એક જ ઈશ્વર વ્યાપી રહ્યો છે. એટલે કોઈનો દ્વેષ ન કરવો. એવું એ બધા મ્લેચ્છોને સમજાવતો હતો.

રાજાને જાંઘ ઉપર ફોલ્લો થયો. ઘણી દવા કરવા છતાં એ મટ્યો નહીં. એણે બ્રાહ્મણોને એનો ઉપાય પૂછ્યો, તો એમણે કહ્યું કે પાપનાશક તીર્થમાં સ્નાન કરવાથી તે મટશે. સ્નાન કર્યા પછી તેને ત્યાં એક યતિએ ગાણગાપુરમાં શ્રીગુરુનાં દર્શને જવા કહ્યું. યવનરાજાએ ગાણગાપુર આવીને પૂછ્યું કે શ્રીગુરુ ક્યાં છે? લોકોએ કહ્યું, "સંગમે અનુષ્ઠાનાર્થે ગયા છે અને





બપોરે મઠમાં આવશે." આ સાંભળીને રાજા શ્રીગુરુનાં દર્શન માટે સંગમ તરફ ચાલતો જતો હતો ત્યાં સામેથી શ્રીગુરુને આવતા જોયા. રાજાએ શ્રીગુરુને વંદન કર્યાં. શ્રીગુરુએ કહ્યું, "કેમ રે ધોબી? કેમ આવ્યો? ખરેખર તું લાંબા સમય પછી આવ્યો." શ્રીગુરુનાં વચન સાંભળતાની સાથે જ યવનરાજાને જ્ઞાન થયું, અને ગયા જન્મને યાદ કરી ગળગળો થઈ ગયો, તે આનંદપૂર્વક હાથ જોડીને તથા માથું નમાવીને સ્તુતિ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો, "હે ગુરુજી! એક વાતનું દુઃખ છે કે મને જાંઘ પર ફોલ્લો થયો છે. જે મટતો નથી, તો હે પ્રભુ! મારા પર અમીદૃષ્ટિ કરો, મને એ બહુ પીડા કરે છે." રાજાનાં વચન સાંભળી શ્રીગુરુ હસીને બોલ્યા, "જાંઘ પર ફોલ્લો? મને તો જણાતો નથી, એ ક્યાં છે? તું બતાવ." રાજાએ જોયું તો ફોલ્લો ન હતો. રાજાને ખૂબ જ આનંદ થયો. ત્યાર બાદ રાજા શ્રીગુરુને પોતાના રાજમહેલમાં લઈ ગયો અને ભવ્ય સ્વાગત કર્યું. સ્વામીજી પણ જાત પાતની ચીડ રાખ્યા વિના એના મહેલમાં ગયા.

યવનરાજા શ્રીગુરુને પોતાનો વૈભવ બતાવે છે એમાં ગર્વ નહીં પણ ગુરુકૃપાનું ગૌરવ અનુભવે છે. આ ઐશ્વર્ય બતાવવા પાછળનો ભાવ એ છે કે તમારી કૃપાને લીધે હું આ બધું ઐશ્વર્ય ભોગવું છું. યવનરાજા શ્રીગુરુને નમ્રતાપૂર્વક કહેવા લાગ્યો, "હે ગુરુ! સાચા રાજા તો તમે છો, હું તો ધોબી - આપનો દાસ છું." શિષ્યનું આ પ્રકારનું સુખ જોવાનું ગુરુને ગમે અને એનું સુખ જોઈને ગુરુને પણ સુખ થાય.

શ્રીપાદશ્રીવલ્લભ શ્રીનૃસિંહ સરસ્વતી રૂપે અને રજક-ધોબી યવનરાજારૂપે જન્મ્યા અને લીલા કરી. જે ગ્રંથના આધારે દત્ત બાવનીની રચના થઈ છે એ શ્રીગુરુ ચરિત્રમાં વર્ણવેલી આ છેલ્લી લીલા હતી.

## ૩૫. રામકૃષ્ણ રૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ

દત્ત પ્રભુ કૃતયુગ - સતયુગમાં થયા. ભગવાન રામ ત્યાર પછી ત્રેતાયુગમાં થયા અને ભગવાન શ્રીકૃષ્ણ દ્વાપર યુગમાં થયા. વિષ્ણુ

ભગવાનના જ બધા અવતારોમાં શ્રી દત્ત પ્રભુનો છઠ્ઠો અવતાર થયો છે. આમ દત્ત પ્રભુ એ પણ સૌના ઉદ્ધાર માટે લીલાઓ કરી છે. સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારથી જીવોના ઉદ્ધારાર્થે નિરંજન નિરાકાર સર્વવ્યાપક બ્રહ્મ અનેક રૂપે પ્રગટ થઈને અનેકવિધ અહેતુક લીલા દ્વારા કેટલાય જીવોના ઉદ્ધાર કર્યા છે. જ્યારે ધર્મની ગ્લાનિ અને અધર્મની પ્રવૃત્તિ વિસ્તરી છે ત્યારે અવતાર ધારણ કરી ધર્મની સ્થાપના કરી જીવને શિવપદની પ્રાપ્તિના માર્ગો શ્રી રામ ભગવાને, શ્રી કૃષ્ણ ભગવાને અને દત્ત ભગવાને આચરણ દ્વારા બતાવ્યા છે. પૂ. બાપજીએ દત્ત દશક સ્તોત્રમાં પણ જણાવેલ છે કેઃ

*દત્ત કહે કોઈ તને, રામકૃષ્ણ વળી કોક*
*દિનમણી શિવ શકત્યાદિ તું નામરૂપ સહુ ફોક.*

## ૩૬. તાર્યા પથ્થર ગણિકા વ્યાધ, પશુપંખી પણ તુજને સાધ

શ્રી દત્ત, રામ કે કૃષ્ણ ભગવાન સમક્ષ પશુ કે પક્ષી પણ સાધુવૃત્તિવાળા થઈ જતા. શ્રી રામચંદ્ર ભગવાને ગૌતમ ઋષિના શ્રાપથી શલ્યા (પથ્થર) થયેલી અહલ્યાનો ઉદ્ધાર કર્યો, પતિત ગણાતી ગણિકાનો પણ ઉદ્ધાર કર્યો, પશુમાં ગજેન્દ્ર (હાથીનો), પક્ષીમાં જટાયુનો, રાક્ષસમાં રાવણ, હિરણ્યકશ્યપ વિ.તથા શ્રીકૃષ્ણને બાણ મારનાર પારધી વગેરેનો. ભલે તેમેણે સ્નેહ, દ્વેષ કે ભય ગમે તે ભાવથી હે દત્ત પ્રભુ! તમને સ્મરતાં સઘળા જીવોની સેવા સ્વીકારી અને તમે તેમને ઉત્તમ ગતિ આપી છે.

આ પંક્તીમાં, ‘‘ભગવાન! મારી અરજી મંજૂર કરો’’ એવી ભક્તની વિનંતી છે.

## ૩૭. અધમઓધારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ?

ગમે તેવા અધમમાં અધમનો પણ ભગવાન ઉદ્ધાર કરે છે. આવું તમારું ઉદ્ધારક નામ છે. આવા અનેક અધમ કક્ષાના જીવોનો ઉદ્ધાર તમારા





નામ સ્મરણથી થયો છે. તમારું રસાળ નામ, ચિત્તાકર્ષક રૂપ અને અલૌકિક દિવ્ય લીલાનો પ્રેમભાવથી દત્ત બાવની દ્વારા ગવાય તો ભક્તની ભૌતિક તેમજ આધ્યાત્મિક ઈચ્છાઓ પૂર્ણ થાય છે. ગીતામાં પણ ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કે ‘‘જો દુરાચારી પણ મારું નામ લે તો હું તેને તારુ છું.’’

## ૩૮. આધિ વ્યાધિ ઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી શર્વ!

સર્વ એટલે બધુંજ અને શર્વ એટલે શંકર ભગવાન. આ પંક્તિ દ્વારા હવે પૂજ્યશ્રી ફળાદેશ જણાવે છે કે બ્રહ્માવિષ્ણુ અને શંકર ભગવાન એવા દત્ત પ્રભુનાં સ્મરણથી આધિ-વ્યાધિ અને ઉપાધિ ટળી જાય છે. શિવસ્વરૂપ દત્ત પ્રભુના સ્મરણ માત્રથી ભક્તના આધિ ભોતિક, આધિ દૈવિક અને આધ્યાત્મિક વિઘ્નોનો નાશ થાય છે. એવી કોઈ વસ્તુ નથી કે જે તમારા નામ સ્મરણથી સુલભ ન થાય!

*સ્મરણ માત્રે જે હરે કષ્ટ સકળ તત્કાળ,*
*દર્શન આપી ભક્તને, એવો કોણ દયાળ?*
*કેવળ દેખે ભાવને, નવદેખે અવગુણ*
*નિર્ગુણ; ભક્તિવશ થયો દેવ જેહ સગુણ.*

નામ સ્મરણથી પથરા પણ તરી જાય તો મનુષ્ય તો અવશ્ય તરી જ જાય!

## ૩૯. મુઠ ચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ;

## ૪૦. ડાકણ શાકણ ભેંસાસુર, ભુત પિશાચો જંદ અસુર,

## ૪૧. નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધુન સાંભળતાં મૂર્ત;

પૂજ્યશ્રીએ નારેશ્વરમાં ધૂણી ધખાવી પોતાની તપશ્ચર્યાનો આરંભ કર્યો. તે દિવસોમાં એક બપોરના સમયે ઓવારા ઉપર અદશ્યરૂપે એક

પિશાચ ગં.સ્વ.મૂળી ફોઈનાં વસ્ત્રો ખેંચવા લાગ્યું. આ વિગત પૂજ્યશ્રીને જણાવતા તેઓએ તરત ઓવારે જઈ ત્યાં રહેતા દરેક કોટીના પિશાચોને આવાહ્ન આપ્યું કે હવે પછી કોઈને પણ કદી પણ હેરાન કર્યા છે તો તમારી ખબર લઈ નાંખીશ. તમારી તાકાત હોય તો મારી પાસે આવી જુઓ. ત્યારપછી આખાય નારેશ્વરમાં નિર્ભયતાનો અનુભવ બધાને થયો છે. સાત ગામનું સ્મશાન અને જ્યાં ભૂતાવળોનો અડ્ડો હતો, તે સર્વ ભૂત, પિશાચ, ડાકણ, શાકણો, જંદ, અસૂર વિગેરેનો પૂજ્ય બાપજીએ ઉદ્ધાર કર્યો.

જે ભક્ત પવિત્ર પદાર્થોનો ધૂપ કરી ખૂબ જ ભાવપૂર્વક "દત્ત બાવની" લયપૂર્વક ગાય તેની મલીન વૃત્તિઓનો તથા મલીન શક્તિઓનો નાશ થાય છે. શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજે, તથા શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે તથા શ્રી રંગ અવધૂત બાપજીએ લોકોના શરીરમાંથી હઠીલી મલીન શક્તિનો નાશ કર્યાના અનેક દૃષ્ટાંતો મોજુદ છે.

આ પંક્તિઓ દ્વારા પૂ.શ્રીએ મલીન તત્ત્વો ઉપર આ દત્ત બાવની કેવી અસરકારક છે તે વર્ણવીને બાવનીનો મહિમા ગાયો છે.

**૪૨. કરી ધૂપ ગાએ જે એમ દત્તબાવની આ સપ્રેમ,**

**૪૩. સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક!**

**૪૪. દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેનાં જાય!**

ધૂપ કરીને પ્રેમથી દત્ત બાવની ગાવાથી ગાનારનો આ લોક અને પરલોક સુધરે છે. એને કોઈપણ જાતનો શોક રહેતો નથી. સિદ્ધિઓ તેની દાસી થાય છે. જો સિદ્ધિઓ જ દાસી થાય તો પછી દુઃખ ને દારિદ્રય ક્યાંથી





રહે ? આનો અર્થ એ થાય કે તેના જીવભાવની દરિદ્રતા ટળી જાય છે. અને પરમલોકની સમૃદ્ધિ પણ ભોગવે છે, ને પરમ શાંતિનો અનુભવ કરે છે.

આ પંક્તિઓ દ્વારા પૂજ્યશ્રી જન્મમરણના ચક્રમાંથી છૂટવા પદ્ધતિસર ભાવપૂર્વક ગાવાનું કહે છે. ધૂપ, ધૂપસળી કે અગરબત્તી કરવાથી વાતાવરણ પવિત્ર બને છે.

**૪૫. બાવન ગુરુવારે નિત્ત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;**

**૪૬. યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ,**

અહીં વિધિવિધાનનું સૂચન છે. દરેક ગુરુવારે એટલે કે વર્ષના બાવન ગુરુવારે નિયમથી બાવન વાર દત્ત બાવની ગાવાથી તેમજ સમય પ્રમાણે નિત્યનિયમથી બાવની કરવાથી મૃત્યુનો ભય રહેતો નથી. તેને યમરાજા શિક્ષા કરતા નથી. યમરાજાની શિક્ષા અસહ્ય હોય છે. તેમાંથી બચવા માટેનો રાજમાર્ગ પૂજ્યશ્રી ચિંધે છે. શ્રી દત્ત બાવની પવિત્ર થઈને જે સમય મળે તે અનુસાર પ્રત્યેક ગુરુવારે ગવાય તો તે ઉત્તમ છે. તે માટે યથાશક્તિ ઉપવાસ રાખી ઈન્દ્રિયોની પૂર્ણ એકાગ્રતા કેળવવી અને અખંડપણે નિયમ જાળવવો તેમજ નિશ્ચિત સમય પ્રમાણે લયપૂર્વક અને હૃદયમાં ભરપૂર શ્રદ્ધા, અહોભાવ ધરી બાવન વખત પાઠ કરવા. આમ કરનારને શ્રી પ્રભુ અભય કવચ બક્ષે છે તેમજ શ્રી દત્તલોકમાં નિવાસ આપે છે અને નિજરૂપમાં સુલીન કરે છે.

**૪૭. અનેક રૂપે એ જ અભંગ, ભજતાં નડે ન માયારંગ!**

**૪૮. સહસ્ત્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક!!**

શ્રી દત્ત ભગવાન મૂળતત્ત્વ, મુળ પુરુષ છે. સર્વ પદાર્થો રૂપોમાં એની જ અનુભૂતિ છે. એજ મૂળ શબ્દ છે. સર્વ શબ્દોમાં એનું જ ગુંજન છે. દત્ત

ભગવાનનાં હજારો નામ હોવા છતાં પરમ તત્ત્વ તો એક જ રહે છે. અભંગ એટલે કે જેનો કદિ ભંગ થતો નથી તે પ્રભુતો અસંગ (સંગ વગરનો) છતાં દશે દિશાઓમાં વ્યાપી રહેલા દત્ત દિગંબર છે. પૂજ્યશ્રી રચિત દત્ત પ્રણતિનાં શ્લોકોમાં પણ દત્ત ભગવાન પરબ્રહ્મ છે એવી ઉપાસના છે.

*નામ હજારો નામી એક! રૂપ કરોડો રૂપી એક !*
*સઘળે એહ જ રંગ નિહાળ, બીજો ઝઘડો વ્યર્થ અસાર,*
*અંધાને રવિનો શો ખ્યાલ?*

જે કોઈ મનુષ્ય શ્રદ્ધાભાવથી ''શ્રી દત્ત બાવની'' નું સ્મરણ અને રટણ કરશે તો તેને માયાનું આવરણ નહીં લાગે, તથા જન્મોજન્મનાં લાગેલા અજ્ઞાનના આવરણો દૂર થઈ સમષ્ટિ ભાવ જાગશે ને તે ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરશે.

## ૪૯. વંદુ તુજને વારંવાર, વેદ શ્વાસે તારા નિર્ધાર!

## ૫૦. થાકે વર્ણવતાં જ્યાં શેષ, કોણ રાંક હું બહુકૃતવેષ!

(*પૂજ્યશ્રીનાં હસ્તાક્ષરમાં શ્વાસે લખાયેલું છે.)

આ પંક્તિઓમાં પૂર્ણ આર્તતાથી પૂજ્યશ્રી પોતે સર્વ કાંઈ કરવા શક્તિમાન હોવા છતાં કર્તાપણું ત્યજીને દાસ્ય ભાવે શરણાગતિ સ્વીકારીને પ્રાર્થે છે કે, ''હે સર્વ જીવોના ઉદ્ધારક, નિત્ય અખંડ તત્ત્વરૂપ, જ્ઞાનીઓને પણ ગૂઢ એવા વેદને જન્માવનારા, હે પ્રભુ! શેષ, શારદ, નારદ, તુંબર અને સાક્ષાત સરસ્વતી પણ તારા સંપૂર્ણ ગાન ગાવાને શક્તિમાન નથી. વળી વેદો જે તારા શ્વાસોશ્વાસથી નીકળ્યા તે પણ 'નેતિનેતિ' કહી થાકી ગયા છે. તો મારા જેવાની તારાં સંપૂર્ણ ગુણગાન ગાવાની શી મતિ છે!'' પૂજ્યશ્રી ભગવાનના પવિત્ર ચરણકમળમાં માત્ર નમસ્કાર કરી આપણી પાસે પણ નમસ્કાર કરવાનું સૂચવે છે.





## ૫૧. અનુભવતૃપ્તિનો ઉદ્ગાર, સૂણી હશે તે ખાશે માર!

## ૫૨. તપસી તત્ત્વમસિ એ દેવ! બોલો જય જય શ્રીગુરુદેવ !!

આ પંક્તિમાં સ્તોત્રનું મહત્ત્વ જણાવ્યું છે. અને એનો લાભ નહીં લેનારને ચીમકી પણ આપવામાં આવી છે. માણસ પેટ ભરીને જમે છે ત્યારે તેને ઓડકાર આવે છે અને આ ઓડકાર પ્રયત્ન વિના જ આવે છે. એને પ્રયત્નપૂર્વક લાવવાનો હોતો નથી. માણસ જમીને તૃપ્ત થયો છે તેની નિશાની ઓડકાર છે. એજ રીતે આ સ્ત્રોત્ર પૂજ્યશ્રીની તપશ્ચર્યાને કારણે થયેલા અનુભવને આધારે રચાયું છે. આ દિવ્યાતિદિવ્ય સ્તોત્ર છે, અને એની પાછળ પૂજ્યશ્રીની તપસ્યા રહેલી છે જે અચુક ફળ આપનાર છે.

આ દિવ્યાતિદિવ્ય સ્તોત્રનો જે કોઈ લાભ લેશે નહી અને સ્તોત્રની મશ્કરી કરશે તો તેને પ્રભુનો માર ખાવો પડશે. અહીં માર ખાશે નો ભાવાર્થ લેવાનો છે, જડ શબ્દાર્થ નહીં. જો આ સ્તોત્ર દ્વારા તન, મન અને ધનથી સુખી થવાનો રસ્તો વ્યક્તિ છોડી દે, તો તેની કુમતિ-દુર્બુદ્ધિ તેના જીવનનો વિનાશ નોતરે છે તે એક પ્રકારનો 'માર' છે. ભગવાન કૃપા કરે ત્યારે સદ્બુદ્ધિ મળે છે. ભગવાનની લાકડી ગજબની છે. તે જડ પદાર્થની બનેલી લાકડીથી માર મારતો નથી. વળી તેની લાકડી ફરવાની હોય ત્યારે તેનો ભાસ પણ જરૂર કરાવે છે. પરંતુ બગડેલી બુદ્ધિ એ ભાસ ઝીલી શકતી નથી. તે જ્યારે ટીકાકાર, નિંદાખોર બની જાય છે, ત્યારે તેને એ અદૃશ્ય, અવાજ વગરની લાકડીનો માર (એટલે દુઃખ, દર્દ, આપત્તિઓનો સામનો કરવાનો આવે છે) ખાવો પડે છે, ત્યારે તે રડે છે. મનુષ્ય હસતાં હસતાં નિંદા કરે છે, દુષ્કર્મો કરે છે, ને તેના મારરૂપી દુઃખો રડતા રડતા ભોગવે છે. બુદ્ધિશાળી છતાં પામર મનુષ્ય ભગવાનનો કર્મનો સિદ્ધાંત ભૂલીને અને ગુરુરૂપી ભગવાનને બાજુ પર રાખીને પોતાની મહત્તા ટકાવી રાખવા અભિમાની ને દુષ્કર્મો કરતો થાય છે, ત્યારે ભગવાનનો આ માર ખાય છે.

સંકટ વિમોચન સ્તોત્રને અંતે પૂજ્યશ્રી કહે છે કે હે સાચા તપસ્વી એવા તપસી! એ દેવ તત્ ત્વમ્ અસિ છે. તું જ તે બ્રહ્મ છે. આમ, જીવ પોતે બ્રહ્મ છે એવું સમજીને ગુરુજીની જય જય બોલો. અહીં દેવ એટલે કે પરબ્રહ્મ પરમાત્મા કે જેના આપણે અંશ છીએ, માટે એ પરમપિતાનો જયજયકાર કરીએ છીએ.

પરમ્ પૂજ્ય વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે આપેલી ધૂનમાં ‘‘દિગંબરા દિગંબરા શ્રીપાદ વલ્લભ દિગંબરા’’ દિગંબરા શબ્દ ત્રણવાર આવે છે. કોઈપણ શબ્દને ત્રણવાર ઉચ્ચારતા તે સત્ય બને છે. આમ ત્રિવાર સત્ય અનુસાર પૂજ્યશ્રીએ શરૂઆતમાં એક વાર અને અંતે બે વાર ‘‘જય’’ શબ્દનો ઉપયોગ કરીને ત્રણ વાર જય ઘોષ કરાવીને આપણને માલામાલ-કૃતકૃત્ય કરી દીધા છે.

પૂજ્ય મોદીકાકાને પૂજ્યશ્રી તપસી કહીને બોલાવતા હતા. એઓશ્રી ખરેખરા સાચા તપસ્વી જ હતા. તે પૂજ્યશ્રીના ખાસ મિત્ર હોવા છતાં પૂજ્યશ્રીના પરમ્ સેવક, પરમ શિષ્ય, પરમ ભક્ત બનીને પૂ.બાપજી સાથે એક તપસીની જેમ રહ્યા અને આપણને ઘણું ઘણું શીખવાડી ગયા છે.

દત્ત બાવની જ્યાં જ્યાં અવધૂત પરિવાર ભેગો થાય ત્યારે સામુહિક રીતે ગવાય છે. તાલીઓના તાલ, ઢોલક, મંજીરા, હાર્મોનિયમના સૂરો જ્યારે એમાં ભળે છે ત્યારે ભાવિકોનાં હૈયા હિલોળે ચઢે છે, અરે થનગની ઊઠે છે; પિશાચ ગ્રસ્ત રા’ડ પાડી ઊઠે છે. સામૂહિક રીતે ગવાય ત્યારે એક પંક્તિ પુરુષો અને એક પંક્તિ સ્ત્રીઓ બોલે એવો પ્રઘાત પણ કાવ્યમય છે, ભાવનામય છે જેનાં વખાણ સાક્ષર કવિશ્રી ઝવેરચંદ મેઘાણીએ પણ કરેલા.

અસંખ્ય ભાવિકભક્તોએ પોતપોતાની અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ દત્ત બાવની ના સશ્રદ્ધસેવનઅનુષ્ઠાનથી કરી લીધી છે. ઘોર સંકટમાંથી મુક્તિ, પારાવાર વિઘ્નોની શાંતિ, આંતરિક અશાંતિના દાવાનળ પર ઠંડા જળનું





સિંચન, ત્રાસજનક રોગપીડા, કે અનિન્દ્રાના રોગની પીડા કે પિશાચબાધામાંથી મુક્તિ વગેરે વગેરે અનેકરીતે એનું આર્તભાવે પઠન કરનારને અનુભવવા મળ્યું છે. કંઈક ડોક્ટરો શસ્ત્રક્રિયાની શરૂઆત કરતાં પહેલાં દત્ત બાવનીના પાઠ કરી લઈને જ શસ્ત્રક્રિયા શરૂ કરતા જણાયા છે, તો કંઈક દવાનું સેવન કરવાની સાથે દત્તબાવનીના પાઠનું અનુપાન બતાવતા પણ જાણ્યા છે.

## ‘‘અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત’’



# દોહરા - "ગુરુલીલામૃત"

**❀ વિડિયો-ઓડીયો-સીડી-કેસેટમાં ગવાયેલા દોહરા ❀**

"શ્રી ગુરુદત્ત પરંપરા", "શ્રી ગુરુ મહિમા" - વિડિયો-ઓડીયો-સીડી-કેસેટમાં ગવાયેલા દોહરા

**સ્મરણ માત્રે : અધ્યાય : ૮ દોહરા નં. ૧૧૫, ૧૧૬**

સ્મરણમાત્રે જે હરે, કષ્ટ સકળ તત્કાળ;
દર્શન આપી ભક્તને, એવો કોણ દયાળ ? ૧૧૫
ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ...

કેવળ દેખે ભાવને, નવ દેખે અવગુણ;
નિર્ગુણ; ભક્તિવશ થયો, દેવ જેહ સગુણ. ૧૧૬
ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ...

## ● ગંગા પાપ હરે ●

૧. ગંગા પાપ હરે, શશી તાપ, કલ્પતરુ દૈન્ય;
ગુરુદર્શન ક્ષણમાં હરે, પાપ તાપને દૈન્ય. ૬૮/૧૫૫

૨. સદ્‌ગુરુ આશિર્વાદ જે વૃથા કેમ તે થાય ?
નિષ્ઠા જેવી અંતરે, ફળ તેવું જ પમાય. ૬૭/૪૩

૩. જે કો શ્રી ગુરુને ભજે, વરે સકલ સંપદ;
પાય પડે સિદ્ધિ સહુ, ન રહે નામ વિપદ. ૭૨/૮૧

૪. દેહભાવથી ગુરુતણો દાસહું પદનિષ્ઠ;
જીવભાવથી ગુરુ તણો અંશ સંનિષ્ઠ.

૫. આત્મ ભાવથી હું અને એકરૂપ ગુરુ તેમ;
રાખી ભાવના એહવી જલતરંગવત્ એમ.

૬. બ્રહ્માનંદે મગ્ન તું રહી સર્વ વ્યવહાર;
બાહ્યદષ્ટિથી દેહ સમ કર હવે નિર્ધાર. ૧૨૨/૧૧૩

૭. કારણ કે જનદષ્ટિથી, ત્યાગે સિદ્ધ શરીર;
તો એ સર્વાંતરવિષે, રહે નિત્ય એ ધીર. ૧૨૨/૧૨૨

૮. ફાવેતેવી ભક્તિ પણ, અનુક્રમે એ જાણ;
પરાભક્તિમાં પરિણમે અંતે જાણ સુજાણ. ૪૪/૧૫

## ● સંગ છોડવો સર્વથા ●

૧. સંગ છોડવો સર્વથા, બને ન જો કદિ એમ;
સંતસંગ કરવો સદા, તારે સંતો તેમ. ૩૩/૧૧

૨. કામ સર્વથા ત્યાગવો, બને એમ ના જાણ;
મોક્ષ કામ વરવો સદા, કેવળ સૌખ્યનિધાન. ૩૩/૧૨

૩. કૃષ્ણ કૃષ્ણ કરતા થઈ ગોપી કૃષ્ણ સ્વરૂપ;
ગુરુ ગુરુ કરતા શિષ્યનું, રહે ન પૂર્વસ્વરૂપ. ૧૦૬/૨



૪. હું-મારું બાળી વિભો, આત્મજ્યોતિ ઉજાળ;
જ્ઞાન ખજાનો ખોલીને, દૈન્ય અજ્ઞતા ટાળ. ૧/૫૯

૫. લજ્જા તારે હાથ છે, હું તો નિમિત્તમાત્ર;
જેમ હલાવે તું પ્રભો, ત્યમ્ હાલે આ ગાત્ર. ૧/૫૭

૬. કોણ મશક હું બાપડો, હોય ન જો ગુરુ સાથ ?
ક્ષમા કરો દોષો સહું, આપો સજ્જન સાથ. ૧/૮૦

૭. કહું નિરંજન શુ તને ? શ્રી ગુરુ કૃપા અગમ્ય;
વ્યાધિમાત્રની શી કથા ? નાશે દોષ અદમ્ય. ૬૮/૧૯૬

૮. કરો કૃપા ગુરુવર હવે, રાખો સ્મરણ અખંડ;
ના ભુલું પદ આ કદિ, પડી જતા પણ પંડ. ૪૧/૧૫

## ● વંદુ વિઠ્ઠલ તાતને ●

૧. વંદુ વિઠ્ઠલ તાતને, સદ્‌ગુણની જે ખાણ;
માતા રખુમાબાઈને, કરું કોટિ પ્રણામ. ૧/૮૩

૨. જેની શુભ આશિષથી તર્યો રંગ આ દીન;
માતપિતાચરણે થજો, ચિત્ત સદાય વિલીન. ૧/૮૪

૩. શ્રીપાદ શ્રીવલ્લભ નૃસિંહ સરસ્વતી તાર;
વાસુદેવાનંદ સરસ્વતી અઘહાર. ૧૪૮/૨૭૪

૪. જય યોગીશ્વર જય નમું, પાવન તમ દર્શન,
ત્રિવિધ તાપ નાઠા સહું, પૂર્ણ વિરામ્યુ મન. ૨/૨૯

૫. દયા ક્ષમા શાંતિ ધૃતિ દૈવી સંપદ જાણ;
કરી પ્રાપ્ત સદ્‌ગુરુપદે, જાવું શરણ અમાન. ૧૬/૧૦૨

૬. ફલાભિમાન છોડી સહું, કરતાં ધર્મચરણ;
થતાં કૃપા ઈશ્વરતણી, થશે સદ્‌ગુરુદર્શન. ૧૬/૧૦૩

૭. સદ્‌ગુરુ સ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ;
ગુરુનામામૃત પાનથી જાય મરણ સંદેહ. ૩/૧૪૩

૮. જ્ઞાનપ્રપા ચાલુ કરી પીએ સુભાગી જન
રંગકૃપા ગુરુની થતા, થાય મુક્ત તત્ક્ષણ. ૧૦/૧૧૫

**• પ્રાપ્તિ સ્થાન •**

**શ્રી અંબાલાલભાઈ પટેલ : ૯૩૨૭૦ ૫૦૭૭૬**

**શ્રી પ્રવિણભાઈ દવે : ૯૪૨૬૦ ૩૨૩૪૩**

**અમર આદેશ** : ૪ ઓડિયો સી.ડી. રૂા. ૧૬૦
**અમર આદેશ** : ૪ ઓડિયો કેસેટ રૂા. ૧૦૦
**શ્રી ગુરુ મહિમા** : ૨ ઓડિયો સી.ડી. રૂા. ૮૦
**શ્રી ગુરુ મહિમા** : ૨ ઓડિયો કેસેટ રૂા. ૫૦
**શ્રી ગુરુદત્ત પરંપરા** : ૨ વી.સી.ડી. રૂા. ૧૨૦
**શ્રી રંગ દર્શન ગુજરાત** : ૩ વી.સી.ડી. રૂા. ૧૮૦